૨૦૪ વર્ષ
દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 179 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ સુદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 July 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૩૦ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# કોઈના કહેવાથી યુદ્ધ બંધ નહોતું કર્યુંઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે દાવો કર્યો હતો કે કોઇ પણ દેશના નેતાએ ભારતને ઑપરેશન સિંદૂર રોકીને પાકિસ્તાન સાથે યુદ્ધવિરામ કરવા નહોતું કહ્યું. મેં અમેરિકાના ઉપપ્રમુખ (જે. ડી. વૅન્સ)ની ચેતવણીની પણ અવગણના કરી હતી. ભારતને પોતાની સલામતી માટે ત્રાસવાદ સામે કાર્યવાહી કરતા કોઇ દેશે રોક્યું નહોતું. ભારતે પાકિસ્તાનની સામે સિંદૂરથી લઇને સિંધુ સુધીની કાર્યવાહી કરી હતી. ભારતને ઑપરેશન સિંદૂર વખતે ત્રણ દેશ સિવાય સમગ્ર વિશ્વમાંથી ટેકો મળ્યો હતો. કૉંગ્રેસ પક્ષ અને તેના સાથી પક્ષો દેશના સૈનિકોની બહાદુરી સામે સવાલ ઉઠાવીને તેઓનો જુસ્સો તોડી રહ્યા છે.

મોદીએ પહલગામ ખાતેના ત્રાસવાદી હુમલાના જવાબમાં ભારતે હાથ ધરેલા ‘ઑપરેશન સિંદૂર’ અંગેની ચર્ચાનો લોકસભામાં જવાબ આપતા જણાવ્યું હતું કે ભારતે યુદ્ધ વખતે જે પાકિસ્તાની ઍરબેઝ પર હુમલો કર્યો હતો તે હજી ‘આઇસીયુ’માં છે અને

(જુઓ પાનું ૨) ▶▶



**ઑપરેશન સિંદૂર કોઇ નેતાના દબાણથી નહોતું અટકાવ્યું એવી સ્પષ્ટતા સાથે વડા પ્રધાને સંસદમાં કહ્યું કે મેં અમેરિકાના ઉપપ્રમુખની ચેતવણીની પણ અવગણના કરી હતી**

## વડા પ્રધાનનો સણસણતો જવાબ...

૧ અમેરિકી ઉપપ્રમુખે મને ફોન પર કહ્યું કે પાકિસ્તાન મોટો હુમલો કરવાનું છે ત્યારે મારો જવાબ હતો જો પાકિસ્તાનનો આ ઈરાદો છે એ તેમને બહુ મોંઘો પડશે.

૨ અમે પાકિસ્તાનની બુલેટનો જવાબ બૉમ્બથી આપીશું એમ મેં અમેરિકાને જણાવેલું.

૩ આ નવમીની રાતની વાત છે અને દસમીની સવાર સુધીમાં તો અમે પાકિસ્તાનને છિન્નભિન્ન કરી નાખ્યું હતું.

૪ કેટલાક લોકો સૈન્યે રજૂ કરેલા તથ્યોને બદલે પાકિસ્તાનનો દુષ્પ્રચાર આગળ વધારી રહ્યા છે.

૫ આજે પાકિસ્તાનને ખબર પડી ગઈ છે કે ભારત દરેક જવાબ અગાઉ કરતા વધુ ઉગ્ર હશે અને જરૂર પડ્યે ભારત કંઈ પણ કરી શકે એમ છે.

૬ હું એનો પુનરોચ્ચાર કરવા માગું છું કે ઑપરેશન સિંદૂર હજી ચાલુ છે.

૭ પીઓકે કબજે કેમ ન કર્યું એવો સવાલ પૂછી રહેલાઓને મારો સામો સવાલ એ છે પીઓકે પર પાકિસ્તાનને કબજો જમાવવાનો અવસર કોની સરકારે આપ્યો હતો?

૮ નહેરુજીએ લીધેલા કેટલાક નિર્ણયની સજા દેશ આજ સુધી ભોગવી રહ્યો છે. અક્સાઈ ચીનની ૩૮,૦૦૦ ચો.કિ.મી. જમીન સૂકી કહીને તેમણે છોડી દીધી હતી.

૯ ૧૯૬૬માં કચ્છના રણના વિવાદમાં કૉંગ્રેસે મધ્યસ્થતા સ્વીકારતા પાકિસ્તાનને ૮૦૦ ચો.કિ.મી. જમીન સોંપી દેવી પડી હતી.

૧૦ ઑપરેશન સિંદૂર વખતે પાકિસ્તાનના ટેકામાં માત્ર ત્રણ જ દેશ હતા.

૧૧ બાવીસ એપ્રિલનો બદલો અમે બાવીસ મિનિટમાં લીધો. અમે ઘૂસીને તેમને માર્યા અને એવા માર્યા કે તેમના ઍરપૉર્ટ હજીય આઈસીયુમાં છે.

૧૨ ક્યા મજા લે રહે થે? વ્યાપક વિપક્ષી ટેકો અને દેશની જનતા ઑપરેશન સિંદૂરના સમર્થનમાં હતી ત્યારે સાહેબ સંસદમાં એની મજાક ઊડાવી રહ્યા હતા. શું આ તેમની નેતાગીરી છે? ■

## ટ્રમ્પ ‘જૂઠાડા’ છે એવું મોદી બોલી તો બતાવેઃ રાહુલ



નવી દિલ્હીઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે લોકસભામાં ‘ઑપરેશન સિંદૂર’ અંગેની ચર્ચામાં ભાગ લેતા જણાવ્યું હતું કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવ્યો હોવાનો અવારનવાર દાવો કરે છે. જો તેઓ ખોટું બોલતા હોય તો વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પ આ કિસ્સામાં ‘જૂઠું’ બોલતા હોવાનું નિવેદન સંસદમાં કરવું જોઇએ. મોદી આ મુદ્દે ચુપકીદી સેવી રહ્યા છે. ભારત સરકારની ‘રાજકીય ઇચ્છાશક્તિના અભાવ’થી દેશે લડાઇમાં વિમાન ગુમાવ્યું હતું. તેમણે (જુઓ પાનું ૨) ▶▶

## મારી માતાના આંસુની વાત કરનારા, લડાઈ કેમ રોકી એ વિશે શું કામ ચૂપ?ઃ પ્રિયંકા



નવી દિલ્હીઃ કૉંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ બુધવારે જણાવ્યું હતું કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધવિરામની જાહેરાત કરી હતી અને તે ભારતના વડા પ્રધાન (મોદી)ની ‘બેજવાબદારી’ બતાવે છે. કેન્દ્ર સરકાર હજી પણ ‘યુદ્ધ શું કામ અટકાવ્યું?’ તે અંગે સ્પષ્ટતા નથી કરતી. નેતાગીરી માત્ર શ્રેય લેવા માટે જ નથી હોતી, પરંતુ ‘જવાબદારી’ લેવા માટે પણ હોય છે.

પહલગામમાં ત્રાસવાદીઓના હુમલાના જવાબમાં ભારતે હાથ ધરેલી ‘ઑપરેશન સિંદૂર’ હેઠળની લશ્કરી કાર્યવાહી પરની લોકસભામાંની ચર્ચામાં ભાગ લેતા કૉંગ્રેસનાં સાંસદે જણાવ્યું હતું કે કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે જવાહરલાલ નહેરુ, ઈંદિરા ગાંધી અને મારી માતાના અશ્રુની વાત કરી હતી, પરંતુ દુશ્મનો માટે બચવાની કોઇ તક નહોતી એવા સમયે ભારતે શું કામ લડાઇ અટકાવી? તે અંગે સ્પષ્ટતા નથી કરતા.

પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે આપણા દેશના ઇતિહાસમાં આ સૌપ્રથમ વખત એવું બન્યું હતું કે યુદ્ધ અચાનક બંધ કરી દેવાયું અને સંબંધિત નિર્ણયની જાહેરાત અમેરિકાના પ્રમુખે કરી હોય. આ બાબત જ આપણા વડા પ્રધાન (મોદી)ની ‘બેજવાબદારી’ દર્શાવે છે. તેમણે

(જુઓ પાનું ૨) ▶▶

## પહલગામની સલામતીમાં ખામી રહી તેના માટે અમિત શાહ જ જવાબદારઃ ખડગે



નવી દિલ્હીઃ રાજ્યસભામાંના વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ મંગળવારે જણાવ્યું હતું કે પહલગામમાં ત્રાસવાદીઓએ કરેલા હુમલા વખતે ‘સલામતી વ્યવસ્થામાંની ખામી’ બદલ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે ‘જવાબદારી’ લેવી જોઇએ.

તેમણે આ સંદર્ભમાં જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાના નિવેદનને પણ ટાંક્યું હતું અને જણાવ્યું હતું કે આ નિવેદન કરવા પાછળનો હેતુ કેન્દ્રના ગૃહ પ્રધાનને ‘બચાવવાનો’ લાગે છે. નાગરિકોની સલામતીની જવાબદારી ઉપરાજ્યપાલની નહિ, પરંતુ કેન્દ્રના ગૃહ પ્રધાનની વધુ હોય છે. પહલગામ હુમલાના જવાબમાં ભારતે હાથ ધરેલા ‘ઑપરેશન સિંદૂર’ અંગે સંસદના નીચલા ગૃહમાં ચર્ચામાં ભાગ લેતા કૉંગ્રેસના

(જુઓ પાનું ૨) ▶▶

## ત્રણ આતંકવાદી પાસેથી મળેલી બુલેટ પહલગામ હુમલાનીઃ અમિત શાહ

### પાકિસ્તાનની રચના કૉંગ્રેસનું ‘પાપ’ હતુંઃ ગૃહ પ્રધાન

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે મંગળવારે દાવો કર્યો હતો કે પહલગામમાં પર્યટકો સહિતના નિર્દોષ લોકોની હત્યા કરનારા ત્રણેય ત્રાસવાદીને લશ્કર, કેન્દ્રીય અનામત પોલીસ દળ તેમ જ જમ્મુ અને કાશ્મીર પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં શ્રીનગરની નજીક ઠાર મરાયા હતા. પાકિસ્તાનની રચના કૉંગ્રેસનું ‘પાપ’ હતું. દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુની ભૂલને લીધે જ કાશ્મીરનો અમુક હિસ્સો પાકિસ્તાનના કબજામાં જતો રહ્યો હતો..

અમિત શાહે જણાવ્યું હતું કે પહલગામના હુમલાની પહેલાં આ ત્રણેય ત્રાસવાદીઓને આશ્રય અને ભોજન આપનારા જે લોકોને પકડવામાં આવ્યા છે, તેઓએ પણ

(જુઓ પાનું ૨) ▶▶

### પહલગામના હેવાનો ચાઈનીઝ ટેક્નોલોજીને લીધે જ હણાયા

**ટી-૮૨ નામના ચાઈનીઝ કમ્યુનિકેશન ઉપકરણનો તેમણે ઉપયોગ કરતા તેમનું લૉકેશન સલામતી દળોના હાથમાં આવી ગયું હતું**

*સુરેશ એસ. ડુગ્ગર*

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં બાવીસ એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલા બાદ પકડથી દૂર રહેલા આતંકીઓને હાથ કરવા માટે સુરક્ષાદળોએ ઓપરેશન મહાદેવ શરૂ કર્યું હતું. આના અંતર્ગત પહલગામ આતંકી હુમલાનો કથિત માસ્ટર માઈન્ડ સુલેમાની સહિત ત્રણ પાકિસ્તાની આતંકી ઠાર મરાયા હતા. જો કે ખાસ વાત એ છે કે જેના પર આતંકીઓ આંખ બંધ કરીને ભરોસો મૂકે છે તે ચાઇનીઝ ટેકનોલોજીના કારણે જ તેઓને ઠાર કરવામાં સફળતા મળી

(જુઓ પાનું ૨) ▶▶

## ઝારખંડના ભીષણ અકસ્માતમાં ૧૮ કાવડિયાનાં મોત

દેવઘરઃ આજે મંગળવારની વહેલી સવારે ઝારખંડના દેવઘરમાં એક ભીષણ માર્ગ અકસ્માત સર્જાયો હતો. કાવડ યાત્રીઓને લઇને જઈ રહેલી બસ ટ્રક વચ્ચે અથડાઈ હતી. અહેવાલો મુજબ આ ઘટનામાં ૧૮ લોકોનાં મોત થયા છે અને ૩૦ ઘાયલ થયા છે.

અહેવાલ મુજબ આ અકસ્માત આજે સવારે ૭ વાગ્યાના અરસામાં ઝારખંડના દેવઘર-બાસુકીનાથ હાઈવે પર જમુનિયા ચોક પાસે બન્યો હતો. બસ બિહારથી કાવડ યાત્રીઓને લઇને બાબ વૈદ્યનાથ તરફ જઈ રહી હતી. ટ્રક સાથે અથડાતા બસનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો, દૃશ્યો જોઈને અંદાજ આવી શકે છે કે અકસ્માત કેટલો ભયંકર હતો. ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં અરેરાટી મચી ગઈ છે. ■

## ગાઝા મુદ્દે મોદી કેમ મૌન?ઃ સોનિયાનો સવાલ

નવી દિલ્હીઃ ઈઝરાયલની સૈન્ય કાર્યવાહીમાં ગાઝામાં વસતા ૬૦,૦૦૦ જેટલા પેલેસ્ટિનિયન નાગરિકોનાં મોત નીપજ્યા છે, મૃતકોમાં ૧૮,૦૦૦ બાળકોનો સમાવેશ થાય છે. ઈઝરાયલની નાકાબંધીને કારણે પાંચ મહિનાથી માનવતાવાદી સહાય પણ ગાઝામાં પહોંચી શકી નથી, જેને કારણે ગાઝામાં ભૂખમરાની ગંભીર સ્થિતિ ઊભી થઇ છે. યુરોપ અને આફ્રિકાના ઘણાં દેશોએ ઈઝરાયલ સામે પગલા ભરવાનું શરૂ કર્યું છે, ત્યારે પેલેસ્ટાઇનના વર્ષો જુના મિત્ર દેશ ભારતે નક્કર પગલા ભર્યા નથી. એવામાં કૉંગ્રેસ સંસદીય પક્ષના નેતા સોનિયા ગાંધીએ ગાઝા

(જુઓ પાનું ૨) ▶▶

## બિહારની મતદાર યાદી સુધારણા
## ૧૫ ‘મૃત’ મતદારને કોર્ટમાં લાવોઃ સર્વોચ્ચ અદાલત
### ૧૨ અને ૧૩ ઑગસ્ટે વધુ સુનાવણી

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને ‘કાયદા મુજબ કામ કરવા બંધાયેલું બંધારણીય સત્તામંડળ’ ગણાવીને જણાવ્યું હતું કે બિહારની મતદાર યાદી સુધારણા બાદ જો મતદાર યાદીમાં મોટી સંખ્યામાં મતદારોના નામ તેમાં નહિ હોય, તો અમે આ કિસ્સામાં તાત્કાલિક દરમિયાનગીરી કરીશું. ચૂંટણી પંચે ‘મૃત’ જાહેર કરેલા પણ ‘જીવિત’ હોય એવા ૧૫ મતદારને સુપ્રીમ કોર્ટમાં લાવો.

ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બૅન્ચે બિહારમાંની મતદાર યાદી સુધારણાની પ્રક્રિયાને પડકારતી અરજીઓની ૧૨ અને ૧૩ ઑગસ્ટે સુનાવણી કરવાનું નક્કી કર્યું હતું અને અરજદારોને ૧૫ એવા મતદારને

(જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાન મદદ માગે તો ભારત ત્યાં જઈ આતંકવાદ સામે લડવા તૈયારઃ રાજનાથ

નવી દિલ્હી : સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મંગળવારે સંસદમાં કહ્યું હતું કે, પાકિસ્તાન પોતાની ધરતી પર જો આતંકવાદ સામે પગલાં ન લઈ શકતું હોય તો ભારત તેને મદદ કરી શકે એમ છે.

સંસદને તેમણે જાણકારી આપી હતી કે જમ્મુ-કાશ્મીરના પહલગામ હુમલામાં સામેલ ત્રણ આતંકવાદીઓને ભારતીય દળોએ ઠાર માર્યા છે. રાજ્યસભામાં ઓપરેશન સિંદૂર પર ચર્ચા શરૂ કરતા રાજનાથ સિંહે હુમલામાં સામેલ ત્રણ આતંકવાદીઓને ઠાર મારવા બદલ દળોને અભિનંદન આપ્યા હતા.

સંરક્ષણ પ્રધાને કહ્યું હતું કે “ હું એપ્રિલમાં પહલગામ આતંકવાદી હુમલો કરનારા ત્રણ આતંકવાદીઓને ઠાર મારવા બદલ દળોને અભિનંદન આપું છું. આ તે આતંકવાદીઓ છે જેમણે પહલગામમાં લોકોને માર્યા હતા. તેમણે કહ્યું હતું કે ગૃહમંત્રી અમિત શાહે લોકસભામાં સુરક્ષા દળો દ્વારા સંયુક્ત કાર્યવાહીની વિગતો આપી છે. રાજનાથ સિંહે કહ્યું હતું પહલગામ હુમલા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેનાના વડાઓ સાથે બેઠક યોજી હતી અને તેમને પોતાની બુદ્ધિ, રણનીતિક સમજણ અને ક્ષેત્રીય સુરક્ષા સ્થિતિનો ઉપયોગ કરીને યુદ્ધ પર નિર્ણય લેવાની ખુલ્લી છૂટ આપી હતી. તેમણે કહ્યું હતું કે રાજકીય-લશ્કરી ઉદ્દેશ્ય પાકિસ્તાનને આતંકવાદનો ઉપયોગ પ્રોક્સી યુદ્ધ તરીકે કરવા બદલ સજા આપવાનો હતો. પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સે ભારતને લશ્કરી કાર્યવાહી રોકવા માટે વિનંતી કરી હતી અને ભારતે તેને એ શરતે સ્વીકાર્યું હતું કે ઓપરેશન સ્થગિત કરવામાં આવશે, સમાપ્ત નહીં. જો પાકિસ્તાન ભવિષ્યમાં કોઈ આતંકવાદી ઘટના કરે છે, તો અમે ખચકાટ વિના ઓપરેશન સિંદૂર ફરીથી શરૂ કરીશું. ■

## ગોધરાકાંડઃ ૧૯ વર્ષે ત્રણ નિર્દોષ છૂટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૨૦૦૨ના ગોધરા કાંડ પછીનાં રમખાણોના એક કેસમાં ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા ત્રણ વ્યક્તિઓને દોષિત ઠેરવી પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવ્યાના ૧૯ વર્ષ પછી, ગુજરાત હાઈ કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા હતા. હાઈ કોર્ટે અવલોકન કર્યું કે તેમને આરોપીઓને દોષિત ઠેરવવા માટે વિશ્વસનીય પુરાવા નહોતા.

ન્યાયાધીશ ગીતા ગોપીની ખંડપીઠે સચિન પટેલ, અશોક પટેલ અને અશોક ગુપ્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલોને મંજૂરી આપી હતી. આણંદની ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા ૨૯ મે, ૨૦૦૬ના રોજ આપવામાં આવેલી તેમની સજાના આદેશને પડકારવામાં આવ્યો હતો. હાઈ કોર્ટે સોમવારે પસાર કરેલા આદેશમાં જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટના ન્યાયાધીશે પુરાવાના મૂલ્યાંકનમાં ભૂલ કરી હતી. પુરાવા ભરોસાપાત્ર અને કોર્ટને નિર્ણય લેવામાં મદદગાર સાબિત થાય તેવા નથી. ટ્રાયલ દરમિયાન આરોપીઓની ઓળખ સાબિત થઈ શકી નહોતી.

જે નવ વ્યક્તિઓ સામે કેસ ચલાવવામાં આવ્યો હતો તેમાંથી, ચારને ભારતીય દંડ સંહિતાની કલમો હેઠળ રમખાણો, આગચંપી, ગેરકાયદેસર સભા વગેરે માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. એક અપીલકર્તાનું ૨૦૦૯માં મૃત્યુ થયું હતું.

પ્રોસિક્યુશન દ્વારા જણાવાયું હતું કે, ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ ગોધરા સ્ટેશન પર સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના

(જુઓ પાનું ૨) ▶▶

## શોર્ટ રેન્જ બૅલિસ્ટિક મિસાઇલ ‘પ્રલય’નું સફળ પરીક્ષણ કરાયું

બાલાસોર/ નવી દિલ્હીઃ ભારતે પોતાની સ્વદેશી શોર્ટ રેન્જ બેલિસ્ટિક મિસાઇલ પ્રલયના સતત બે સફળ પરીક્ષણ કર્યા છે. પ્રથમ પરીક્ષણ ૨૮ જુલાઈના રોજ અને બીજું આજે મંગળવાર, ૨૯ જુલાઈના રોજ કરવામાં આવ્યું હતું. આ બંને પરીક્ષણ ઓડિશા કિનારે આવેલા ડો. એપીજે અબ્દુલ કલામ ટાપુ પરથી કરવામાં આવ્યા હતા. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ) દ્વારા વિકસિત કરવામાં આવેલી આ મિસાઇલ પરંપરાગત યુદ્ધક્ષેત્ર માટે ડિઝાઇન કરવામાં આવી છે. આ ભારતની લશ્કરી શક્તિને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટેનું એક પગલું છે. સંરક્ષણ

(જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એકસ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સોનિયાનું દોઢડહાપણ, ગાઝા મુદ્દે કૉંગ્રેસનાં બેવડાં ધોરણ

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારથી કૉંગ્રેસ ગાઝાપટ્ટીનાં લોકો પર હેત બતાવી રહ્યું છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે ગાઝાપટ્ટી પર હુમલા બદલ ઈઝરાયલની ઝાટકણી કાઢવી જોઈએ એવી રેકર્ડ પણ કૉંગ્રેસીઓ છાસવારે બગાડ્યા કરે છે. કૉંગ્રેસનાં ભૂતપૂર્વ પ્રમુખ સોનિયા ગાંધીએ દેશના એક ટોચના હિંદી અખબારમાં લેખ લખીને પાછી એ જ પારાયણ માંડી છે. સોનિયાએ ગાઝામાં ઈઝરાયલે કરેલી નાકાબંદી સામે મૂક પ્રેક્ષક બની રહેવા બદલ મોદી સરકારની ટીકા કરી છે અને મોદી સરકારે નૈતિક કાયરતાની પરાકાષ્ઠા બતાવી હોવાનો આક્ષેપ કર્યો છે.

સોનિયા ગાંધીએ લખ્યું છે કે, ઇઝરાયલી સંરક્ષણ દળોએ ગાઝા પર લશ્કરી નાકાબંધી લાદીને દવાઓ, ખોરાક અને બળતણનો પુરવઠો ક્રૂરતાથી અવરોધી દીધો છે. ઈઝરાયલે ગાઝાપટ્ટીમાં બેફામ બોમ્બમારો કરીને માળખાગત સુવિધાઓનો વિનાશ કર્યો છે અને નાગરિકોની બેફામ હત્યા કરી છે. ઈઝરાયલે ગાઝામાં માનવસર્જિત દુર્ઘટના સર્જી છે અને નાકાબંધીએ દુર્ઘટનાને વધુ ભયાનક બનાવી દીધું છે. ઈઝરાયલે લોકોને ભૂખમરાથી મરવા માટે મજબૂર કરવાની રણનીતિ અપનાવી એ નિઃશંકપણે માનવતા વિરુદ્ધ ગુનો છે ત્યારે મોદી સરકારે સ્પષ્ટ અને સાહસિક બનીને તેની ટીકા કરવી જોઈએ. સોનિયા ગાંધીએ લાંબોલચ્ચક લેખ લખ્યો છે ને તેમાં બહુ બધું લખ્યું છે પણ એ વાતોનો ટૂંક સાર એ જ છે કે, ઈઝરાયલના અત્યાચારો સામે ચૂપ રહીને મોદી સરકાર સાવ માટીપગી સાબિત થઈ છે.

સોનિયાએ લખેલી વાતોમાં નવું કશું નથી. ગાઝા મુદ્દે કૉંગ્રેસના વલણનો તેમાં પડઘો છે ને તેને માટે કૉંગ્રેસની મુસ્લિમ તુષ્ટિકરણની નીતિ જવાબદાર છે. કૉંગ્રેસને એમ જ લાગે છે કે, ઈઝરાયલની ટીકા કરવાથી મુસ્લિમો રાજી થાય છે તેથી તટસ્થતાને બાજુ પર મૂકીને કૉંગ્રેસ ગાઝા મામલે ઈઝરાયલની ટીકા જ કર્યા કરે છે. વરસો પહેલાં કૉંગ્રેસનું એ વલણ યોગ્ય હતું કેમ કે ઈઝરાયલ વર્સીસ આરબોનો જંગ હતો.

સાઉદી અરેબિયા સહિતના તમામ આરબ દેશો ઈઝરાયલની વિરુદ્ધ હતા તેથી ભારતને ઈઝરાયલની પડખે રહેવાનું પરવડે તેમ નહોતું. ભારતને ક્રૂડ ઓઈલની જરૂર હતી ને આરબ દેશોની ગરજ હતી. ઈઝરાયલની તરફદારી કરવા જતાં ક્રૂડ ઓઈલનો પુરવઠો બંધ થઈ જાય ને આપણે રઝળી જઈએ. ભારત પોતાનાં હિતો સાચવવા માટે પેલેસ્ટાઈનની રચનાને પણ ટેકો આપતું ને તેમાં કશું ખોટું નહોતું.

હવે સ્થિતિ અલગ છે કેમ કે આરબ દેશોને ઈઝરાયલ સામે એટલો વાંધો નથી. બલકે સાઉદી અરેબિયા સહિતના દેશો તો ઈઝરાયલ સાથે ગાઢ સંબંધો બનાવી રહ્યા છે. તેનું કારણ એ છે કે, વરસોના યુદ્ધ પછી સાઉદી અરેબિયા સહિતના દેશોને પણ સમજાયું છે કે, ઈઝરાયલ સામે લડીને કોઈ કાંદા કાઢવાના નથી. આ જંગના કારણે શાંતિ હણાય છે અને બંનેને નુકસાન થાય છે એટલે સારાસારી રાખીને રહેવામાં મજા છે. આ કારણે ઈઝરાયલ સાથે સંબંધો રાખનારા દેશો સામે પણ આરબો આકરું વલણ અપનાવતા નથી.

કૉંગ્રેસ જૂના દિવસોમાં સ્થગિત થયેલી છે અને મુસ્લિમ તુષ્ટિકરણથી આગળ તેની બુદ્ધિ ચાલતી નથી એટલે હજુય ઈઝરાયલ વિરોધી વલણ અપનાવે છે. તેના કારણે પોતે આતંકવાદને સમર્થન આપી રહી છે અને ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધ વર્તી રહી છે એ સમજવાની વિવેકબુદ્ધિ પણ કૉંગ્રેસમાં નથી. ગાઝામાં ચાલી રહેલો જંગ હમાસ અને ઈઝરાયલ વચ્ચે છે અને હમાસ એક આતંકવાદી સંગઠન છે. ગાઝામાં મોંકાણ મંડાઈ તેના મૂળમાં ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસે ઈઝરાયલ પર કરેલો હુમલો જવાબદાર હતો. ગાઝાનાં લોકો જે કંઈ ભોગવી રહ્યા છે એ આ આતંકવાદી હુમલાનાં ફળ છે.

ઈઝરાયલ ભવિષ્યમાં હમાસ તરફથી કોઈ ખતરો ના રહે એટલે તેનો કાયમ માટે તેનો કાંટો કાઢી નાખવા મથે છે તેના કારણે ગાઝાનાં લોકોને તકલીફ પડી રહી છે એ વાત સાચી છે, પણ તેમાં ઈઝરાયલનો વાંક કાઢી શકાય તેમ નથી. કોઈ પણ દેશ પોતાની સુરક્ષા માટે પોતાને અનુકૂળ આવે એ રીતે વર્તવા મુક્ત છે ને ઈઝરાયલ એ જ કરી રહ્યું છે. હમાસના આતંકવાદીઓ ગાઝામાં છૂપાઈને હુમલા કરી રહ્યા છે તેથી ઈઝરાયલ ગાઝાને ટાર્ગેટ કરી રહ્યું છે. આ જંગ છે ને જંગમાં લોકો મરતાં જ હોય છે. ઈઝરાયલ જંગ બંધ કરી દે તો તેના નાગરિકો મરશે તેથી ઈઝરાયલનું કાયમ માટે કંકાસ બંધ કરી દેવાનું વલણ યોગ્ય જ છે.

સોનિયાનો લેખ કૉંગ્રેસનાં બેવડાં ધોરણોનો પણ પુરાવો છે. હમાસે ઈઝરાયલ પર કરેલા હુમલાની ટીકા કરીને શરૂઆત કરી છે કે જેથી કૉંગ્રેસ હમાસના મુસ્લિમ આતંકવાદીઓ દ્વારા કરાતાં આતંકવાદી કૃત્યો સામે ચૂપ રહે છે એવી ટીકા ના થાય પણ એ સિવાય હમાસ કે તેના દ્વારા કરાતાં આતંકવાદી કૃત્યો વિશે મૌન સેવ્યું છે. હમાસ સહિતનાં સંગઠનો આતંકવાદી કૃત્યો બંધ કરે તો ગાઝા કે પેલેસ્ટાઈનમાં કોઈ સમસ્યા જ ના સર્જાય પણ મોદી સરકારને નૈતિક કાયર કહેનારાં સોનિયામાં આ વાત કરવાની નૈતિકતા નથી.

ઈઝરાયલના આક્રમક વલણના કારણે ગાઝાનાં લોકોની હાલત ખરાબ છે તેમાં બેમત નથી. ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં ગાઝા સાવ ખતમ થઈ ગયું છે અને લોકો ભૂખમરાથી પિડાઈ રહ્યાં છે એ વાત પણ સાચી છે. ગાઝાનાં લોકોની ખરાબ હાલતનો ચિતાર આપતી એક પોસ્ટ સોશિયલ મીડિયા પર થોડા સમય પહેલાં વાઇરલ થઈ હતી. મોહમ્મદ જાવેદ નામના યુવકે પોસ્ટમાં દાવો કરેલો કે, તેણે પારલે-જીનું પેકેટ ૨૪ યુરો એટલે કે લગભગ ૨૩૦૦ રૂપિયામાં ખરીદ્યું.

ભારતમાં માત્ર ૫૦ રૂપિયામાં મળતું બિસ્કિટનું પેકેટ પહેલાં દોઢ યુરો એટલે કે લગભગ ૧૫૦ રૂપિયામાં મળતું પણ યુદ્ધના કારણે ચીજોની અછત હોવાથી ભાવ આસમાને પહોંચી ગયા છે. સામાન્ય માણસને આ ભાવે બિસ્કિટ પેકેટ ખરીદવું ના પરવડે પણ દીકરી રાવિફને બિસ્કિટ બહુ ભાવે છે તેથી જાવદે ખરીદી લીધું. પારલેનું તો ઉદાહરણ આપ્યું પણ ગાઝામાં બધી ચીજોના ભાવ આસમાને છે એવું એ વખતે લખેલું. ખાંડ એક કિલોના ૫૦૦૦ રૂપિયાના ભાવે વેચાઈ રહી છે જ્યારે બટાટાના ભાવ કિલોના ૨૦૦૦ રૂપિયા છે. આટલા રૂપિયા ખર્ચવા છતાં જોઈતી ચીજો મળતી નથી એવી પણ ફરિયાદ હતી.

આ ફરિયાદ મહિનાઓ પહેલાંની છે અને અત્યારે તો નાકાબંદીના કારણે સ્થિતિ સાવ ખરાબ હશે જ પણ તેનો ઉપાય નથી. બીજા દેશના નિર્દોષોનાં લોહી વહાવનારાંને પનાહ આપો તેની કિંમત ચૂકવવી તો પડે ને? ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, બુધવાર, તા. ૩૦-૭-૨૦૨૫, કલ્કિ જયંતી, રાંધણ છઠ્ઠ

- ભારતીય દિનાંક ૮, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૫મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર હસ્ત રાત્રે ક. ૨૧-૫૨ સુધી, પછી ચિત્રા
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૧, સ્ટા. ટા.
- –: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ બપોરે ક. ૧૫-૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૮ (તા. ૨૧)
- ઓટઃ સવારે ક. ૦૯-૦૩, રાત્રે ક. ૨૧-૫૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – ષષ્ઠી. બુધ પૂજન, ઋક હિરણ્યકેશી શ્રાવણી, સૂર્પોદન વર્ણ ષષ્ઠી, કલ્કિ જયંતી, રાંધણ છઠ્ઠ, શ્રિયાલ ષષ્ઠી, સૂર્ય મહાનક્ષત્ર પુષ્ય, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ચંદ્ર-સૂર્ય બુધ ગ્રહદેવતાનું પૂજન, પરદેશગમનનું પસ્તાનું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, વેપાર, દુકાન, વસ્ત્ર, આભૂષણ, મહેંદી લગાવવી, પ્રથમ વાહન, નૌકા બાંધવી, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું. બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ સટ્ટાનો સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## ન્યૂ યૉર્કના મૅનહટનમાં ફાયરિંગ, પાંચે જીવ ગુમાવ્યા

ન્યૂ યૉર્ક : અમેરિકાના ન્યૂ યૉર્કના મેનહટનમાં સોમવારે મોડી સાંજે ફાયરિંગની ઘટના બની છે. જેમાં એક બિલ્ડિંગની ઓફિસમાં ગોળીબારમાં પાંચ લોકોના મોત થયા છે. આ ગોળીબારમાં માર્યા ગયેલામાં એક ઓફ ડ્યુટી પોલીસ અધિકારીનો પણ સમાવેશ થાય છે. આ હુમલા બાદ લોકોના ભયનો માહોલ જોવા મળ્યો છે. આ ફાયરિંગની ઘટના અંગે ન્યૂ યૉર્ક પોલીસે આપેલી માહિતી મુજબ, આ હુમલાખોરની ઓળખ નેવાડાના શેન તુમરા તરીકે થઈ છે. તેણે પોતાની જાતને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે ન્યૂ યૉર્ક ફાયર વિભાગે જણાવ્યું હતું કે સોમવારે સાંજે ૬.૩૦ વાગ્યેની આસપાસ પાર્ક એવન્યુ બિલ્ડીંગમાં ફાયરિંગની માહિતી મળી હતી. આ બિલ્ડીંગમાં ફાઈનાન્સ કંપનીઓ અને નેશનલ ફૂટબોલ લીગની ઓફિસો છે. આ અંગે જેસિકા ચેન નામની મહિલાએ જણાવ્યું હતું કે તે અનેક લોકો સાથે બીજા માળે એક પ્રેઝન્ટેશન નિહાળી રહી હતી ત્યારે તેમને ફાયરિંગનો અવાજ સંભળાયો હતો. આ ઘટના બાદ લોકોમાં ભય ફેલાયો હતો. તેમજ લોકો એક કોન્ફરન્સ રૂમમાં દોડીને ગયા હતા. તેમજ ટેબલની આડ કરીને દરવાજો બંધ કરી દીધો હતો. ■

## મંડીમાં આભ ફાટતાં ત્રણ જણનાં મૃત્યુ

મંડી : હિમાચલ પ્રદેશના મંડી વિસ્તારમાં વાદળ ફાટવા બાદ આજે સવારે ભેખડ ધસી પડી હતી. જેમાં અનેક ઘરો અને વાહનોને નુકસાન થયું છે. મંડી શહેરના રોડમાં પાણીના પ્રવાહમાં તણાવાથી ત્રણ લોકોનાં મોત થયા હતા.

હિમાચલ પ્રદેશમાં બે દિવસથી સતત ભારે વરસાદ પડી રહ્યો છે. જયારે મંડીમાં ભારે વરસાદના કારણે નદીઓમાં પૂરની સ્થિતિ છે. જે દરમિયાન વાદળ ફાટતા મંડીની હાલત વધુ વિકટ બની છે. વાદળ ફાટતા રોડ પર પાણીનો પ્રવાહ અચાનક ઉગ્ર બન્યો હતો. મંડીના જેલ રોડ પર પોલીસ અને એનડીઆરએફ દ્વારા બચાવ કામગીરી કરવામાં આવી રહી છે. મંડીના એસપી સાક્ષી વર્મા સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. મંડીમાં ભારે વરસાદના પગલે બે મુખ્ય નેશનલ હાઈવે બંધ કરવામાં આવ્યા છે. ■

## લૉર્ડ મેઘનાદ દેસાઈનું નિધન

લંડનઃ મૂળ ભારતીય જાણીતા અર્થશાસ્ત્રી, લેખક અને બ્રિટિશ ઉમરાવસભાના સભ્ય લૉર્ડ મેઘનાદ દેસાઇનું ૮૪ વર્ષની વયે નિધન થયું હતું. ભારતમાં જન્મેલા મેઘનાદ દેસાઇ લંડન સ્કૂલ ઑફ ઇકૉનૉમિક્સમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક હતા. તેમણે ત્યાં ૧૯૬૫થી ૨૦૦૩ સુધી વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા.

તેમણે એલએસઇ ખાતે સેન્ટર ફોર ધ સ્ટડી ઑફ ગ્લોબલ ગવર્નન્સની ૧૯૯૨માં સ્થાપના કરી હતી. તેઓ ૧૯૯૦થી ૧૯૯૫ સુધી એલએસઇની ડેવલપમેન્ટ સ્ટડિઝ ઇન્સ્ટિટ્યૂટના સ્થાપક સભ્ય અને ડિરેક્ટર હતા. તેમને સેન્ટ ક્લેમેન્ટ ડેનીસના લૉર્ડ દેસાઇ ૧૯૯૧માં બનાવાયા હતા. (એજન્સી)■

## અમેરિકા બોઈંગ ડ્રીમલાઈનરનો 'મે-ડે' સંદેશ પછી સલામત લેન્ડિંગ

વૉશિંગ્ટનઃ યુનાઇટેડ એરલાઇન્સના મ્યુનિક જઈ રહેલા બોઇંગ ૭૮૭-૮ ડ્રીમલાઇનર વિમાને વૉશિંગ્ટનથી ઉડ્ડયન ભર્યાના થોડી મિનિટો બાદ તેના ડાબા એન્જિનમાં ખામી સર્જાતા 'મે-ડે' ઍલર્ટ જાહેર કર્યું હતું. આ વિમાનની કોલ સાઈન યુએ૧૦૮ હતું આ ઘટના લંડનના ગેટવિક એરપોર્ટ જઈ રહેલી એર ઇન્ડિયાની ફ્લાઇટ ટેક ઓફ્ફ થયાના થોડા સમય પછી અમદાવાદમાં ક્રેશ થયાના એક મહિના પછી બની હતી. આ વિમાન બોઇંગ ૭૮૭-૮ ડ્રીમલાઇનરનો પ્રથમ ભયાનક અકસ્માત હતો અને તેમાં લગભગ ૨૬૦ લોકો માર્યા ગયા હતા. ફ્લાઇટ યુએ૧૦૮ એ ૨૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ 'મે-ડે'નો કૉલ આપ્યો હતો કારણ કે વિમાને ઉડ્ડયન ભરી તેની થોડીક ક્ષણોમાં તેના ડાબા એન્જિનમાં લગભગ ૫,૦૦૦ ફૂટની ઊંચાઈએ ખામી સર્જાઈ હતી. પાઈલટ્સે એર ટ્રાફિક કંટ્રોલર્સને જાણ કરી અને એરપોર્ટ પર સુરક્ષિત રીતે પાછા ફરવા માટે ઈમરજન્સી પ્રક્રિયાઓ શરૂ કરી હતી. ■

## અસીલને કાનૂની સલાહ આપવા બદલ વકીલને નોટિસ ન મોકલી શકાય

### સર્વોચ્ચ અદાલતની ચોખ્ખા શબ્દોમાં વાત

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે મંગળવારે કહ્યું હતું કે જો કોઈ વ્યક્તિ ફક્ત વકીલ તરીકે કામ કરી રહી હોય તો તેને અસીલને કાનૂની સલાહ આપવા બદલ તપાસ એજન્સીઓ દ્વારા સમન્સ મોકલવા જોઈએ નહીં. જોકે, સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે જો કોઈ વકીલ "ગુનામાં ક્લાયન્ટને મદદ કરી રહ્યો હોય," તો તેને સમન્સ મોકલી શકાય છે. ચીફ જસ્ટિસ બીઆર.ગવઈ અને જસ્ટિસ કે.વિનોદ ચંદ્રનની બેન્ચે આ ટિપ્પણી તપાસ દરમિયાન ક્લાયન્ટનું પ્રતિનિધિત્વ કરવા અથવા કાનૂની સલાહ આપવા માટે તપાસ એજન્સીઓ દ્વારા વકીલોને સમન્સ મોકલવા સંબંધે આપમેળે કેસ નોંધીને એની સુનાવણી કરતી વખતે આ ટિપ્પણી કરી હતી.

ખંડપીઠે કહ્યું હતું કે અમે શરૂઆતમાં કહ્યું હતું કે જો કોઈ (વકીલ) ગુનામાં ક્લાયન્ટને મદદ કરી રહ્યો હોય તો તેને સમન્સ મોકલી શકાય છે, પરંતુ કોઈ પણ વકીલને ફક્ત કાનૂની સલાહ આપવા માટે સમન્સ મોકલવા જોઈએ નહીં. બેન્ચે આ મુદ્દા પર બાર સંગઠનો, સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન અને સુપ્રીમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશનની દલીલો સાંભળી હતી.

સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ વરિષ્ઠ વકીલ વિકાસ સિંહે જણાવ્યું હતું કે જો વકીલોને ફક્ત સલાહ આપવા માટે નિયમિતપણે બોલાવવામાં આવે છે તો કોઈ પણ સંવેદનશીલ ફોજદારી કેસોમાં સલાહ આપવાની હિંમત કરશે નહીં. ■

## પહેલા પાનાનું ચાલુ

### કોઇના કહેવાથી

બાવીસ એપ્રિલના ત્રાસવાદી હુમલાના સૂત્રધારોને હજી પણ રાતના ઊંઘ નથી આવતી. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં માત્ર ત્રણ દેશ જ પાકિસ્તાનની તરફેણમાં બોલ્યા હતા, જ્યારે ભારતને શેષ વિશ્વના દેશોનો ટેકો મળ્યો હતો. કૉંગ્રેસે ભારતીય સૈનિકોની બહાદુરીભરી કાર્યવાહીને ટેકો નહોતો આપ્યો અને ઊલટું તે અંગે સવાલો ઉઠાવ્યા હતા, જે કમનસીબી ગણાય. કૉંગ્રેસના નેતાઓ રાજકીય હેતુસર ઑપરેશન સિંદૂર અંગે સવાલ ઉઠાવે છે અને આપણા બહાદુર સૈનિકોનો જુસ્સો તોડવા પ્રયાસ કરે છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે પાકિસ્તાનની અણુબૉમ્બની ધમકી ખોટી સાબિત થઇ છે. ભારત ક્યારેય આવી ધમકીથી નહિ ડરે. ભારતે પાકિસ્તાન સામે સિંદૂરથી સિંધુ સુધીની કાર્યવાહી કરી હતી. પાકિસ્તાને આ હુમલાની મોટી કીમત ચૂકવવી પડી છે.

મોદીએ જણાવ્યું હતું કે અમેરિકાના ઉપપ્રમુખ (જે. ડી. વૅન્સ)એ નવમી મેની રાતે મારો સંપર્ક કરવા ત્રણથી ચાર વખત પ્રયાસ કર્યો હતો, પરંતુ હું આપણા સશસ્ત્ર દળો સાથેની બેઠકોમાં વ્યસ્ત હતો. મેં જ્યારે તેમને સામેથી ફોન કર્યો ત્યારે તેમણે મને પાકિસ્તાન ભારત પર મોટા હુમલાની તૈયારી કરી રહ્યું હોવાનું કહ્યું હતું, પરંતુ મેં તેમને કહી દીધું હતું કે જો પાકિસ્તાન ભારત પર હુમલો કરશે, તો ભારત પાકિસ્તાન પર વધુ મોટો હુમલો કરશે. અમે ગોળીનો જવાબ તોપગોળાથી આપીશું.

વડા પ્રધાને જણાવ્યું હતું કે ભારતના સ્વદેશી બનાવટના ડ્રોન્સ અને મિસાઇલોએ પાકિસ્તાનની લશ્કરી ક્ષમતાને ખુલ્લી પાડી દીધી હતી. વિશ્વના અન્ય દેશોએ ઑપરેશન સિંદૂર વખતે ભારતની સંરક્ષણ ક્ષેત્રની સ્વદેશી તાકાત જોઇ હતી. ભારતે બદલો લેવા માત્ર બાવીસ મિનિટમાં જ પાકિસ્તાનમાંના લક્ષ્યને સાધીને તેઓનો નાશ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે કૉંગ્રેસ અને તેના સાથી પક્ષો કમનસીબે પાકિસ્તાનના ખોટા પ્રચાર માટેના પ્રવક્તા બની ગયા હતા. ભારત સ્વાવલંબી બની રહ્યું છે, જ્યારે કૉંગ્રેસ વિવિધ મુદ્દે પાકિસ્તાન પર નિર્ભર છે. કૉંગ્રેસે પાકિસ્તાનને ક્લીન ચિટ આપી છે અને તેનાથી આખા દેશને આશ્ચર્ય થયું છે.

મોદીએ જણાવ્યું હતું કે અમે દેશના સૈન્યને દુશ્મનોની સામે કાર્યવાહી કરવા છૂટો દોર આપ્યો હતો. (એજન્સી)■

### ટ્રમ્પ 'જૂઠાડા'

આક્ષેપ કર્યો હતો કે સરકારે 'ઑપરેશન સિંદૂર' વખતે લશ્કરને 'મર્યાદામાં રહેવાની' સૂચના આપીને તેના 'હાથ બાંધી' રાખ્યા હતા. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું હતું કે ઑપરેશન સિંદૂર રાતના ૧.૦૫ વાગ્યે શરૂ થયું હતું અને રાતના ૧.૩૫ વાગ્યે ભારતે પાકિસ્તાનને જાણ કરી હતી કે અમે (ભારત) પાકિસ્તાનના લશ્કરી મથકો પર હુમલા નહિ કરીએ. અમે આ યુદ્ધ વધારવા નથી ઇચ્છતા.

રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે સરકારે ઑપરેશન સિંદૂર વખતે લશ્કરને હુમલા કરતી વખતે મર્યાદામાં રહેવાનું કહીને તેના જુસ્સા અને શક્તિને હાનિ પહોંચાડી હતી.

તેમણે દાવો કર્યો હતો કે લશ્કરની નબળાઇને લીધે નહિ, પરંતુ સરકારે નક્કી કરેલી 'રાજકીય મર્યાદા'ને કારણે ભારતે વિમાન ગુમાવ્યું હતું. (એજન્સી)■

### મારી માતાના

સવાલ કર્યો હતો કે શું દેશના નાગરિકોની સલામતીનું ધ્યાન રાખવાની જવાબદારી વડા પ્રધાન, ગૃહ પ્રધાન, સંરક્ષણ પ્રધાન અને રાષ્ટ્રીય સુરક્ષાના સલાહકારની નથી?

પ્રિયંકા ગાંધીએ પૂછ્યું હતું કે શું બૈસરન ખીણ વિસ્તારમાં હજારો પર્યટકો હોવાનું સરકાર નહોતી જાણતી? ત્યાં સલામતી વ્યવસ્થા શું કામ નહોતી?

તેમણે લોકસભામાં જણાવ્યું હતું કે પાકિસ્તાનમાં આટલું મોટું ષડ્યંત્ર રચાયું હોય અને આપણી સરકારને તેની ખબર ન હોય તો તે જાસૂસી વિભાગની નિષ્ફળતા ગણાય. (એજન્સી)■

### પહલગામમાં સલામતી

નેતાએ સરકારની આકરી ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૫માં પાકિસ્તાનની અનિર્ધારિત મુલાકાત લીધી હતી. મોદીજીએ બિહારમાં ચૂંટણીપ્રચાર કરવા જવાને બદલે સર્વપક્ષી બેઠક બોલાવવી જોઇએ. ખડગેએ રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યેની વડા પ્રધાનની ગંભીરતા સામે સવાલ ઉઠાવ્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે સરકાર ત્રાસવાદી હુમલા રોકવામાં નિષ્ફળ ગઇ છે.કૉંગ્રેસના પ્રમુખે મોદી સરકાર ઘમંડી હોવાનો આક્ષેપ કરીને જણાવ્યું હતું કે સરકાર વિપક્ષના નેતાઓના પત્રોના જવાબ પણ નથી આપતી. (એજન્સી)■

### પહલગામના હેવાનો

હતી. મળતી વિગતો અનુસાર ૧૮ એપ્રિલ ૨૦૨૫ના પહલગામ આતંકી હુમલા બાદ કાશ્મીર ખીણમાં હાઇ અલર્ટ હોવા છતાં, લગભગ ૯૬ દિવસથી હાથ ન લાગેલા ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓને ભારતીય સુરક્ષા દળોએ ૨૮ જુલાઈ ૨૦૨૫ના રોજ દાચીગામ નેશનલ પાર્ક પાસે ઠાર કર્યા હતા. આ આતંકવાદીઓનો ખાત્મો એક દુર્લભ ચાઇનીઝ અલ્ટ્રા રેડિયો કોમ્યુનિકેશન સિસ્ટમમાં થયેલી એક નાનકડી ટેકનિકલ ભૂલને કારણે શક્ય બન્યો હતો, જેના પર આતંકવાદીઓ આંખ બંધ કરીને ભરોસો મુકે છે તે ચાઇનીઝ ટેકનોલોજી જ અંતે તેમની કમજોરી સાબિત થઈ.

૧૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ ગુપ્તચર એજન્સીઓએ દાચીગામ નેશનલ પાર્ક નજીક એક શંકાસ્પદ કમ્યુનિકેશન સિગ્નલને ઇન્ટરસેપ્ટ કર્યો અને તાત્કાલિક ઓપરેશન મહાદેવ શરૂ કરવામાં આવ્યું. ઇન્ટરસેપ્ટન પરથી જાણવા મળ્યું કે આ સિગ્નલ મોકલનાર ઉપકરણનો સંબંધ બાવીસ એપ્રિલના પહેલગામ આતંકવાદી હુમલા સાથે હતો, આતંકીઓ ટી-૮૨ અલ્ટ્રાસેટનો ઉપયોગ કરી રહ્યા હતા, જે એક એન્ક્રિપ્ટેડ અને અત્યંત સુરક્ષિત ચાઇનીઝ સૈન્ય-ઉપયોગી કોમ્યુનિકેશન સિસ્ટમ છે. ૨૦૧૬થી લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા સંગઠનો આનો ઉપયોગ સુરક્ષિત સંચાર માટે કરતા હતા કારણ કે તેના સિગ્નલોને ઇન્ટરસેપ્ટ કરવા કે બ્લોક કરવા અત્યંત મુશ્કેલ હોય છે.

૨૮ જુલાઈની વહેલી સવારે લગભગ બે વાગ્યે ટી-૮૨ અલ્ટ્રાસેટ એક્ટિવ થયું હતું. આ સિગ્નલ સુરક્ષા દળો માટે નિર્ણાયક સાબિત થયો હતો. ટી-૮૨ થી મળેલા સચોટ સિગ્નલોએ જ સુરક્ષા દળોને આતંકીઓનું ચોક્કસ સ્થાન જાણવામાં મદદ કરી, જે ૯૬ દિવસથી સઘન શોધખોળ છતાં હાથ લાગી રહ્યા ન હતા. ■

### ત્રણેય હણાયેલા

આ ત્રણેય ત્રાસવાદીની ઓળખ કરી છે. માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી જપ્ત કરાયેલાં શસ્ત્રો - એક એમ-૯ અને બે એકે-૪૭ રાઇફલને સોમવારે રાતે ખાસ ફ્લાઇટમાં ચંડીગઢ ખાતે મોકલાઇ હતી અને ત્યાં સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે તપાસવામાં આવી હતી. પહલગામ ખાતેના હત્યાકાંડ બાદ ત્યાંથી મળેલી ખાલી કારતૂસો આ રાઇફલોમાંથી જ છોડાઇ હોવાનું ફોરેન્સિક લેબે સમર્થન આપ્યું હતું. છ ફોરેન્સિક નિષ્ણાતે મને આજે સવારે વીડિયો કૉલ કરીને આ વાતને સમર્થન આપ્યું હતું. કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે સલામતી દળોને માર્યા ગયેલા બે ત્રાસવાદીઓ પાસેથી પાકિસ્તાનમાંના મતદાર તરીકેના ઓળખપત્રો, શસ્ત્રો અને પાકિસ્તાનમાં બનેલી ચોકલેટ્સ મળી હતી. (એજન્સી)■

### ૧૫ 'મૃત'

(અદાલતમાં) રજૂ કરવા આદેશ આપ્યો હતો કે જેઓને 'મૃત' જાહેર કરાયા છે.

અરજદારોના વકીલો કપિલ સિબલ અને પ્રશાંત ભૂષણે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચ દ્વારા પહેલી ઑગસ્ટે પ્રસિદ્ધ થનારા મતદાર યાદીના ડ્રાફ્ટમાં અનેક મતદારોના નામ નથી અને તેઓ મતદાનના મૂળભૂત અધિકારથી વંચિત રહેશે.

વકીલ પ્રશાંત ભૂષણે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે બહાર પાડેલા નિવેદનમાં કહ્યું હતું કે મતદાર યાદીની સુધારણા પ્રક્રિયામાં ૬૫ લાખ મતદારે 'ઇન્યૂમરેશન ફોર્મ' સબમિટ નથી કર્યાં અને તેઓ 'મૃત' હોવાનું અથવા 'કાયમી સ્થળાંતર કર્યું હોવાનું' મનાય છે. જો આ લોકો જીવિત હોય તો તેઓએ મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે નવેસરથી અરજી કરવી પડશે.

જસ્ટિસ સૂર્યકાંતે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે કાયદા મુજબ કામ કરવાનું હોય છે અને જો તેણે કંઇ ખોટું કર્યું હોવાનું માલૂમ પડે તો તે આ અદાલતના ધ્યાનમાં લાવજો. અમે તમારી વાત સાંભળીશું. (એજન્સી)■

### ગાઝા મુદ્દે

મુદ્દે ચુપ રહેવા બદલ વડા પ્રધાન મોદી અને તેમની સરકારની ટીકા કરી છે. કોંગ્રેસ સાંસદ સોનિયા ગાંધીએ કહ્યું ગાઝામાં ઇઝરાયલની લશ્કરી કાર્યવાહી પર વડા પ્રધાન મોદીનું મૌન શરમજનક છે. તેમણે ઈઝરાયલની લશ્કરી કાર્યવાહીને બર્બર ગણાવી અને ઈઝરાયલ પર પેલેસ્ટિનિયન નાગરીકોના નરસંહારનો આરોપ લગાવ્યો, સાથે સાથે તેમણે હમાસે ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ઈ ઝરાયલ પર કરેલા હુમલાને પણ વખોડ્યો. ■

### ગોધરાકાંડ

બે કોચને આગ ચાંપવામાં આવ્યાના એક દિવસ પછી, આણંદના એક વિસ્તારમાં એકઠાં થયેલાં ટોળાનો આ ત્રણ દોષિત ભાગ હતા. આ ટોળાએ કથિત રીતે દુકાનોને નુકસાન પહોંચાડ્યું હતું અને તેમાંથી કેટલીકને આગ ચાંપી હતી, જે બોમ્બે પોલીસ એક્ટની કલમ ૧૩૫ હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જારી કરાયેલા આદેશનું ઉલ્લંઘન હતું.

હાઈ કોર્ટે જણાવ્યું હતું કે, ટ્રાયલ દરમિયાન, વસ્તુઓને આગ ચાંપવાના અને ખાનગી અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવાના તેમના સામાન્ય ઉદ્દેશ્યના ભાગરૂપે કરાયેલા કોઈ પણ કૃત્ય સાબિત થયા નથી. ઉલ્લેખનીય છે કે ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ, ગોધરા ખાતે સાબરમતી એક્સપ્રેસનો એસ-૬ કોચ સળગાવવામાં આવ્યો હતો.■

### શોર્ટ રેન્જ

મંત્રાલયે જણાવ્યું હતું કે, સોમવાર અને મંગળવારે ઓડિશાના દરિયાકાંઠે એપીજે અબ્દુલ કલામ ટાપુ પરથી આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પ્રલય એક ટૂંકા અંતરની સપાટીથી સપાટી પર પ્રહાર કરતી મિસાઈલ છે જેની પેલોડ ક્ષમતા ૫૦૦-૧,૦૦૦ કિલોગ્રામ છે. પરંપરાગત યુદ્ધશસ્ત્રો લઈ જવામાં સક્ષમ આ મિસાઈલ ૧૫૦થી ૫૦૦ કિ.મી.ની રેન્જ ધરાવે છે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સફળ પરીક્ષણ બદલ ડીઆરડીઓ, સશસ્ત્ર દળો અને પ્રોજેક્ટમાં સામેલ સંબંધિત ઉદ્યોગ ભાગીદારોની પ્રશંસા કરતા કહ્યું હતું કે આધુનિક ટેકનિકથી સજ્જ આ મિસાઈલ સુરક્ષા દળોને ખતરા વિરુદ્ધ વધુ ટેકનિકલ તાકાત આપશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે મિસાઈલ સિસ્ટમની મહત્તમ અને લઘુત્તમ રેન્જ ક્ષમતાને માન્ય કરવા માટે યુઝર્સ મૂલ્યાંકન પરીક્ષણોના ભાગરૂપે ઉડ્ડયન પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા હતા.

એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે બધી સબસિસ્ટમ્સે અપેક્ષાઓ મુજબ કાર્ય કર્યું, જે સંકલિત પરીક્ષણ શ્રેણી દ્વારા તૈનાત વિવિધ ટ્રેકિંગ સેન્સર દ્વારા કેપ્ચર કરાયેલા પરીક્ષણ ડેટાનો ઉપયોગ કરીને ચકાસવામાં આવ્યા. પ્રલય એક સ્વદેશી રીતે વિકસિત સોલિડ પ્રોપેલન્ટ ક્વાસી-બેલિસ્ટિક મિસાઇલ છે જે ઉચ્ચ ચોકસાઇ સુનિશ્ચિત કરવા માટે અત્યાધુનિક ગાઈડન્સ અને નેવિગેશનનો ઉપયોગ કરે છે.

આ સિસ્ટમને રિસર્ચ સેન્ટર ઇમરાતે અન્ય ડીઆરડીઓ લેબોરેટરીઝ - જેમ કે એડવાન્સ્ડ સિસ્ટમ્સ લેબોરેટરી, આર્મામેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ, હાઇ એનર્જી મટિરિયલ્સ રિસર્ચ લેબોરેટરી, ડિફેન્સ મેટલર્જિકલ રિસર્ચ લેબોરેટરી, ટર્મિનલ બેલિસ્ટિક્સ રિસર્ચ લેબોરેટરી, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (એન્જિનિયર્સ)ના સહયોગથી વિકસાવવામાં આવી છે. પ્રોજેક્ટમાં ઉદ્યોગ ભાગીદારોમાં ભારત ડાયનેમિક્સ લિમિટેડ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ અને અન્ય ઘણા એમએસએમઈનો સમાવેશ થાય છે. ■

# અંબાજી યાત્રાધામનો ₹૧૬૩૨ કરોડના ખર્ચે કાયાકલ્પ થશે


## મંદિરથી ગબ્બર સુધી ભવ્ય 'શક્તિ કોરિડોર' બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં અરવલ્લી પર્વતમાળા વચ્ચે આવેલા ૫૧ શક્તિપીઠ પૈકીના એક શક્તિપીઠ શ્રી અંબાજી માતા મંદિર પરિસરનો કાયાકલ્પ કરવા માટે ગુજરાત સરકારે રૂ. ૧૬૩૨ કરોડનો મેગા માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. સમગ્ર દેશ અને વિશ્વમાં જાણીતાં તથા કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનાં પ્રતીક અંબાજી યાત્રાધામ ખાતે ભાદરવી પૂનમના મેળા સહિત તમામ પૂનમે અને લગભગ આખું વર્ષ પણ લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે. આ યાત્રાધામને સરકાર હવે મૉડેલ ટેમ્પલ ટાઉનના બેન્ચમાર્ક તરીકે વિકસાવવા માગે છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ તાજેતરમાં આ માસ્ટર પ્લાનના અમલીકરણ અંગે મહત્ત્વની બેઠક કરી હતી.

શ્રી અંબાજી માતા મંદિર પરિસરને આગામી ૫૦ વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારે આ માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે કે જે બે તબક્કામાં લાગુ થશે. આ માસ્ટર પ્લાનનો હેતુ પવિત્ર સ્થળોને એકીકૃત કરીને અને યાત્રાળુઓની સુવિધાઓમાં સુધારો કરીને યાત્રાધામો માટે નવું ધોરણ (બેન્ચમાર્ક) સ્થાપિત કરવાનો છે. જેમાં પહેલા તબક્કાનું કામ આગામી ટૂંક સમયમાં શરૂ થઈ જશે.

આ માસ્ટર પ્લાનના કેન્દ્રમાં ગબ્બર પર્વત છે કે, જ્યાં દેવી સતીનું હૃદય હોવાનું માનવામાં આવે છે અને અંબાજી માતાનું મંદિર કે જે વિશા યંત્રનું સ્થાન છે. આ માસ્ટર પ્લાન આધ્યાત્મિક રીતે આ બંને પવિત્ર સ્થળોના એકીકરણની કલ્પના કરે છે કે જેના હેઠળ આ બંને તીર્થસ્થળોને ભવ્ય અને દિવ્ય રીતે



જોડવામાં આવશે અને અંબાજી મંદિર અને ગબ્બર પર આવેલી જ્યોત વચ્ચેની યાત્રાને વધુ આધ્યાત્મિક બનાવવા માટે એક ઇન્ટરએક્ટિવ કોરિડોરનું નિર્માણ કરવામાં આવશે.

આ માસ્ટર પ્લાનમાં માતા સતીનું હૃદય સ્થળ એટલે કે ગબ્બર ખાતે 'જ્યોત' અને અંબાજી મંદિર ખાતે 'વિશા યંત્ર' જેવા મુખ્ય દિવ્ય સ્થળો વચ્ચે સુવ્યવસ્થિત, સુરક્ષિત અને સુલભ જોડાણ સુનિશ્ચિત કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ચાચર ચોક અને ગબ્બર મંદિર પરિસર જેવા મહત્વના વિસ્તારોમાં વિષય આધારિત વિકાસ કરાશે કે જે યાત્રાળુઓના દર્શન અનુભવને વધુ સમૃદ્ધ બનાવશે. આ માસ્ટર પ્લાન પ્રોજેક્ટનો અંદાજિત રૂ. ૧૬૩૨ કરોડના ખર્ચ બે તબક્કાઓમાં અમલમાં મુકાશે. પ્રથમ તબક્કામાં અંદાજે રૂ. ૯૫૦ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યો હાથ ધરાશે. જેના હેઠળ મુખ્ય આકર્ષણ છે અંબાજી મંદિર અને ગબ્બરને જોડતા શક્તિ કોરિડોરનું નિર્માણ થશે જેની કામગીરી ટૂંક સમયમાં શરૂ થઈ જશે. આ શક્તિ કોરિડોર એક મુખ્ય આકર્ષણ છે. જે ગબ્બર પર્વત, મંદિર અને માનસરોવરને જોડતું કોમ્પ્રિહેન્સિવ નેટવર્ક હશે. શક્તિપથ દ્વારા એક વિશાળ શક્તિ ચોક જે ગબ્બર દર્શન ચોક સાથે જોડશે.

આ ઉપરાંત તેમાં દેવી સતી સંબંધિત પૌરાણિક કથાઓને સમાવીને અંબાજી મંદિરના વિસ્તારનું વિસ્તરણ, મંદિર તરફ અંડરપાસ, આગમન માટે અંબાજી ચોકનો વિકાસ, પગપાળા માર્ગ દ્વારા મુખ્ય માર્ગનું સંચાલન અને મલ્ટી લેવલ કાર પાર્કિંગ તથા યાત્રી ભવન, દિવ્ય દર્શન પ્લાઝા અને શક્તિ પથ, સતી ઘાટ વિસ્તાર વિકાસ તથા ગબ્બર આગમન પ્લાઝા (લાઇટ એન્ડ સાઉન્ડ શો)નો સમાવેશ થાય છે. બીજા તબક્કામાં અંદાજે રૂ. ૬૮૨ કરોડના ખર્ચે ગબ્બર મંદિર અને પરિસર વિકાસ, અંબાજી મંદિર અને માનસરોવરના વિસ્તાર વિકાસ તથા સતી સરોવર વિકાસ કાર્યો કરાશે.

આ માસ્ટર પ્લાન હેઠળ યાત્રાળુઓના સુરક્ષિત અને સરળ પ્રવાહને સુનિશ્ચિત કરવાની સાથે તેમની સુવિધાઓ વધારવામાં આવશે. ચાચર ચોકનું ત્રણ ગણું વિસ્તરણ કરાશે. આ શક્તિ કોરિડોરમાં ગબ્બર પર્વત સાથે જોડાતી ગેલેરીઓ, પ્રદર્શન સ્થળો અને પૌરાણિક વાર્તાઓ દર્શાવતાં ભીંતચિત્રો યાત્રાળુઓને ભાવનાત્મક રીતે જોડશે. સતી સરોવર અને સતી ઘાટ વિસ્તારમાં તહેવારો અને મેળાઓ માટે ઇવેન્ટ પ્લાઝા અને ગરબા મેદાન વિકસાવામાં આવશે. ગબ્બર પર્વત પર માસ્ટર પ્લાનમાં મંદિરના સંકુલનો વિસ્તાર, પરિક્રમા માર્ગ, રોપવે તથા દર્શનાર્થીઓની ભીડને સંકલન કરવામાં આવશે.

મળતી માહિતી પ્રમાણે, અંબાજી મંદિર પરિસર માટે એક કોમ્પ્રિહેન્સિવ અને સસ્ટેનેબલ માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે કે જે પર્યાવરણીય જવાબદારીને પ્રાથમિકતા આપે છે અને ૫૦ વર્ષીય વિઝન સાથે સંરેખિત છે. આ માસ્ટર પ્લાન હાલની સુવિધાઓને રિડેવલપ તથા યાત્રાળુના આગમન અનુભવને એક યાદગાર યાત્રા બનાવશે. જે માટે ગુજરાત રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ અંતર્ગત કાર્યરત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ કાર્ય કરી રહ્યું છે. ■

# વડોદરા હરણી તળાવ દુર્ઘટનાના પીડિતોને ₹૧.૨ કરોડ ચૂકવવાનો સુપ્રીમ કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાની હરણી તળાવ દુર્ઘટના મામલે સુપ્રીમ કોર્ટે મહત્ત્વનો નિર્ણય આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે તળાવના સંચાલન માટે જવાબદાર કોન્ટ્રાક્ટર કંપની મેસર્સ કોટિયા પ્રોજેક્ટ્સે જે રૂ.૧.૨ કરોડથી વધુની વળતર રકમ જમા કરાવી છે, તે રકમ હરણી તળાવમાં ૧૮ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ થયેલી દુર્ઘટનામાં જીવ ગુમાવનાર બાર બાળકો અને બે શિક્ષકોના પરિવારજનોને વિતરીત કરવામાં આવે.

અરજદારો તરફથી રજૂ થયેલા સિનિયર વકીલે જણાવ્યું હતું કે રૂ.૮૧,૯૯,૬૬૪ અને રૂ.૩૦,૭૪,૮૮૦ની રકમ ડેપ્યુટી કલેક્ટર વડોદરા પાસે જમા કરાવવામાં આવી છે અને તે રકમ પીડિત પરિવારજનોને આપી દેવા સામે કોઈ વાંધો નથી. આ નિવેદનના આધારે ન્યાયમૂર્તિ બી.વી. નાગરત્ન અને ન્યાયમૂર્તિ કે.વી. વિશ્વનાથનની બેન્ચે વડોદરા ડેપ્યુટી કલેક્ટરને છ અઠવાડિયામાં આ રકમ ચૂકવવાનું સૂચન કર્યું હતું. કોર્ટે ગુજરાત હાઈ કોર્ટના પૂર્વ આદેશ અંગે પણ નોંધ લીધી હતી. હાઈ કોર્ટ દ્વારા કોન્ટ્રાક્ટર પેઢીને લગભગ રૂ.૪ કરોડ વળતર ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આના વિરુદ્ધ પેઢીએ સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન (એસએલપી) અરજી દાખલ કરી હતી.

ગુજરાત હાઈ કોર્ટમાં કોટિયા પ્રોજેક્ટ્સે દલીલ કરી હતી કે તળાવ માટે વીમો લેવામાં આવ્યો છે અને વીમા કંપનીને પણ કેસમાં સામેલ કરવી જોઈએ. જોકે, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટે આ વિનંતી નામંજૂર કરી હતી અને હાઇ કોર્ટે પણ સ્પષ્ટ કર્યું હતું કે આંતરિક વિવાદો કે વીમા કવરેજ પેઢીની જવાબદારીથી મુક્તિ આપી શકતા નથી. હાઈ કોર્ટે ફેબ્રુઆરી ૨૦૨૫માં આપેલા આદેશમાં પેઢીને રૂ.૩.૫ કરોડથી વધુની રકમ ચાર હપ્તામાં જમા કરાવવાનો આદેશ આપ્યો હતો. પ્રથમ ૨૫ ટકા હપ્તો ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી જમા કરાવવાનો હતો. આ નિર્ણય સામે પેઢીએ સમીક્ષા અરજી કરી હતી અને દાવો કર્યો હતો કે તેમના અગાઉના વકીલને વધુ જવાબદારી સ્વીકારવાનો અધિકાર નહોતો.

આ સમીક્ષા અરજી પણ ૯ મે, ૨૦૨૫ના રોજ હાઈ કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી હતી. હાઈ કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે પહેલા આપેલો આદેશ માત્ર વકીલના નિવેદન પર આધારિત નહોતો અને કોર્ટે તમામ પાસાંઓનું સ્વતંત્ર મૂલ્યાંકન કર્યા બાદ પેઢીને જવાબદાર ઠેરવી હતી. સુપ્રીમ કોર્ટે હવે સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે ડેપ્યુટી કલેક્ટર, વડોદરા પેઢીની જમા કરેલી રકમ પીડિત બાળકોના માતાપિતા અને શિક્ષકોના પરિવારજનોને વહેંચી આપે. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટે પેઢીને હાઈ કોર્ટમાં પેન્ડિંગ પીઆઈએલમાં તેના ભાગીદારો અને વીમા કંપનીને પક્ષકાર બનાવવા માટે સ્વતંત્રતા આપી છે. ■

# રાજ્યમાં સૌરાષ્ટ્ર સિવાયના તમામ ઝોનમાં ૬૦ ટકાથી વધુ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સરરેશ ૬૨.૪૪ ટકા વરસાદ નોંધાયો છે. જોકે આ વખતે સૌરાષ્ટ્ર ઝોનમાં સૌથી ઓછો વરસાદ પડ્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા પ્રમાણે કચ્છમાં ૬૪.૧૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૫.૧૭ ટકા, પૂર્વ મધ્યમાં ૬૪.૬૦ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૬૫.૭૦ ટકા અને સૌરાષ્ટ્રમાં ૫૫.૦૧ ટકા વરસાદ નોંધાયો છે.

સરદાર સરોવર ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાનો ૬૫.૯૭ ટકા ભરાયો છે. રાજ્યનાં અન્ય ૨૦૬ જળાશયોમાં ૬૪.૮૨ ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં ૩૦ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. જ્યારે ૬૩ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે, ૪૦ ડેમ ૫૦ થી ૭૦ ટકા વચ્ચે, ૩૮ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે અને ૩૫ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. હાલ રાજ્યમાં ૫૧ ડેમ હાઈ એલર્ટ પર છે. જ્યારે ૨૩ ડેમ એલર્ટ અને ૧૯ ડેમ વોર્નિંગ પર છે.

રાજ્યમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૯૫ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. વલસાડના કપરાડામાં સૌથી વધુ ૧.૩૪ ઇંચ વરસાદ નોંધાયો હતો. વઘાઈમાં ૧.૨૨ ઇંચ, ખેરગામમાં ૧.૧૮ ઇંચ, ડાંગ આહવામાં ૧.૦૬ ઇંચ, સુબીરમાં ૧.૦૬ ઇંચ વરસાદ પડ્યો હતો. ૯૦ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.

રાજ્યમાં વરસાદની આગાહીને લઈ માછીમારોને ૧ ઓગસ્ટ સુધી દરિયો નહીં ખેડવા હવામાન વિભાગ દ્વાર સૂચના આપવામાં આવી હતી. વરસાદના કારણે રાજ્યમાં પંચાયત હસ્તકના ૯૭ રોડ રસ્તા સહિત કુલ ૧૦૭ માર્ગો બંધ છે. એસટીની કુલ ૪૪ ટ્રીપ બંધ છે. ■

# ઈફકોએ એનપીકે ખાતરના ભાવમાં પ્રતિ ૫૦ કિલોએ ₹૩૮૦નો વધારો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના ખેડૂતોને કૃષિ પાકના પોષણક્ષમ ભાવની સામે પડતર ખર્ચ વધી રહ્યો છે. ત્યારે દેશની સહકારી સંસ્થા ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર કો-ઓપરેટીવ લિમિટેડ એટલે કે ઈફકોએ ખેડૂતોને મોટો ઝટકો આપ્યો છે, ઈફકોએ છ મહિનામાં બીજી વખત ખાતરના ભાવમાં તોતિંગ ભાવ વધારો ઝીંક્યો છે.

ઈફકોએ એનપીકે ખાતરની એક થેલી પર રૂપિયા ૧૩૦ નો વધારો કર્યો છે. એક થેલીનો ભાવ ૧૭૨૦ રૂપિયાથી વધારીને ૧૮૫૦ કરાયો છે. ખાતરના ભાવમાં વધારો થતાં તેની સીધી અસર ખેડૂતો પર થશે, જેથી ખેડૂત સંગઠનોએ ઈફકોના આ નિર્ણય સામે રોષ વ્યક્ત કર્યો હતો.અગાઉ જાન્યુઆરી મહિનામાં ઈફકોએ એનપીકે ખાતરમાં ભાવ વધારો કર્યો હતો. જાન્યુઆરી મહિનામાં એનપીકે ખાતરમાં ભાવમાં વધારો કરાયો હતો. જે તે સમયે એનપીકે ખાતરની ૫૦ કિલોની થેલી ૧૪૭૦ રૂપિયામાં મળતી હતી. તેમાં રૂપિયા ૨૫૦નો વધારો કરીને ૧૭૨૦ રૂપિયા કરી દેવાયો હતો. ૬ મહિનામાં નવો ભાવવધારો લાગુ થતાં ખેડૂતો માટે ખેતીમાં નવો બોજો વધ્યો છે.

ગુજરાતના વિવિધ ખેડૂત સંગઠનોએ ખાતરના ભાવ વધારા બાબતે વિરોધ કર્યો હતો. ખેડૂતોએ ખાતરમાં સબસિડી આપીને ભાવ વધારો રોકવા માટે રજૂઆત કરી હતી. યુરિયાની જેમ એનપીકે ખાતરમાં પણ સબસીડી આપવા માગ કરી છે. ખેડૂતોએ આક્રોશ વ્યક્ત કરતા કહ્યું હતું કે, ભાવ વધારો ખેડૂતો માટે આત્મઘાતી નિવડશે. ખરીફ પાકમાં હાલ ખાતરની જરૂરિયાત છે તેવા સમયે સરકારે ખેડૂતોને ઝટકો આપ્યો છે.

આ ભાવ વધારાથી ખેડૂતોનો કૃષિમાં પડતર ખર્ચ વધી જશે. એકતરફ કૃષિ પાકોના પોષણક્ષણ ભાવ મળતાં નહીં હોવાથી ખેડૂતોને નજીવા ભાવે વેચાણ કરવા પડે છે. ■

# હાઈ કોર્ટની ટકોર બાદ અમદાવાદના એસ. જી. હાઈવે પર બનાવાશે પાંચ ફૂટ ઓવર બ્રિજ

અમદાવાદ: અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના એસ.જી. હાઇવે પર પાંચ નવા ફૂટ ઓવર બ્રિજ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એસ.જી હાઇવેની ખામીયુક્ત ડિઝાઇન અને રાહદારીઓની સલામતીને લઈને હાઇ કોર્ટે ગંભીર સવાલ ઊભા કર્યા હતા. ત્યારબાદ હાઇ કોર્ટે ફૂટ ઓવર બ્રિજનો નિર્દેશ આપ્યો હતો, જે અંતર્ગત આ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

હાઇ કોર્ટમાં અમદાવાદ મનપા દ્વારા સોગંદનામુ રજૂ કરવામાં આવ્યું છે. જે મુજબ, થલતેજ અંડરપાસ નજીક, પકવાન ફ્લાય ઓવર અને વૈષ્ણોદેવી સર્કલ પાસે આ પાંચ ફૂટ ઓવરબ્રિજ બનાવવામાં આવશે. હાલ આ તમામ બ્રિજના નિર્માણ માટે ટેક્નિકલ મંજૂરી મેળવવાની બાકી છે.

ગુજરાત હાઇ કોર્ટે એસ.જી હાઇવેની ડિઝાઇનને મુદ્દે અનેક સવાલો કર્યા હતા, જેના જવાબમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોર્ટને એક સોગંદનામુ આપવામાં આવ્યું હતું, જેમાં ખામીયુક્ત ડિઝાઇન સુધારવા તેમ જ રાહદારીઓની સલામતી માટે ડિઝાઇનને સુધારવા માટે ફૂટ ઓવરબ્રિજની જરૂરિયાત જણાઈ રહી છે. આ ઉપરાંત મનપાએ કોર્ટને જાણ કરી હતી કે, શહેરમાં કેમ્પ હનુમાન અને શાહીબાગ ખાતે બનાવવામાં આવેલા બે ફૂટ ઓવરબ્રિજનું કામ પૂરું થઈ ગયું છે, જેના રિપોર્ટ કોર્ટમાં રજૂ કરાયા હતા. ■

# સુરત એરપોર્ટની આસપાસની ઈમારતો વિમાનો માટે અડચણરૂપ, સરકારી કાર્યવાહી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્લેન ક્રેશની ઘટનામાં ૨૬૦નાં મોત અને ૬૮ લોકો ઇજાગ્રસ્ત થયા હોવાનો આઘાત હજુ લોકો ભૂલ્યા નથી. અમદાવાદમાં બનેલી ઘટનામાં હૉસ્ટેલ ઘણી દૂર હતી છતાં આટલી જાનહાનિ થઈ હતી. જો કે આ ભયાનક દુર્ઘટના બાદ સરકાર સક્રિય બની છે અને એરપોર્ટ આસપાસની બહુમાળી ઈમારતો સામે કાર્યવાહી શરૂ કરી છે. જેમ કે સુરત એરપોર્ટની આસપાસનાં ઘણાં એવાં એપાર્ટમેન્ટ બની ચૂક્યાં છે, જેના કારણે વિમાનોને ટેક-ઑફ અને લેન્ડિંગમાં મુશ્કેલી પડી રહી છે. સરકારી અધિકારીઓ અને બિલ્ડિરોની સાંઠગાંઠથી આ ઈમારતો ચણી દેવામાં આવી હતી

જો કે દેશના કોઈપણ એરપોર્ટની આસપાસના ચોક્કસ વિસ્તારમાં બાંધકામ કરવું હોય તો આકરા નિયમોનું પાલન કરવું પડે છે. બાંધકામ પહેલાં બિલ્ડરે માર્ગ મકાન વિભાગ, એરપોર્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા અને સ્થાનિક નગરપાલિકાની મંજૂરી લેવી પડે છે. સુરતમાં આ ઇમારતો બનાવવા માટે એનઓસી આપવામાં જ ગોલમાલ થઈ અને એરપોર્ટની આસપાસ વિમાનો માટે નડતરરૂપ એપાર્ટમેન્ટ તાણી બાંધવામાં આવ્યાં છે, જેનો ભોગ હવે ફ્લેટધારકો બન્યા છે. થોડાં વર્ષો પહેલાં બનેલાં આ મકાનોની કિંમત હાલમાં ૭૦ લાખ રૂપિયાથી માંડીને બે કરોડ રૂપિયા સુધીની છે.

એરપોર્ટ ઑથોરિટી ઓફ ઇન્ડિયાએ દેશનાં તમામ એરપોર્ટની આસપાસના નિશ્ચિત વિસ્તારને અલગ-અલગ ઝોનમાં વિભાજિત કર્યો છે. એરપોર્ટ ઑથોરિટી ઓફ ઇન્ડિયાની સત્તાવાર વેબસાઇટ પરથી મેળવેલા નકશામાં સુરત એરપોર્ટ અને એની આસપાસના વિસ્તારને પાંચ અલગ-અલગ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે.

સૌથી મધ્યમાં દેખાતા રેડ ઝોનમાં એરપોર્ટ આવેલું છે અને એની એકદમ નજીકનો વિસ્તાર રેડ ઝોનમાં આવે છે. જો રેડ ઝોનમાં બાંધકામ કરવું હોય તો એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાની એનઓસી ફરજિયાતપણે મેળવવી પડે. આ સિવાયના બહારના ઝોનમાં પણ બાંધકામ કરવું હોય તો સ્થાનિક વહીવટીતંત્રની પરવાનગી લેવી પડે છે. જો યલો ઝોન હોય તો ૪૯ મીટર, પિન્ક ઝોનમાં ૬૯ મીટર, ગ્રીન ઝોનમાં ૮૯, જ્યારે બ્લૂ ઝોનમાં ૧૦૯ મીટર ઊંચી ઇમારત બનાવવાની છૂટ છે.

સુરતમાં એરપોર્ટની આસપાસના રેડ ઝોનમાં બાંધકામની એનઓસી માટે બિલ્ડરે સૌથી પહેલાં માર્ગ અને મકાન વિભાગમાં અરજી કરવાની હોય છે, જેમાં પોતાના પ્રોજેક્ટ વિશેની તમામ પ્રકારની માહિતીનો ઉલ્લેખ કરવો પડે છે. ખાસ કરીને પ્રોજેક્ટ કયા અક્ષાંશ અને રેખાંશ પર છે, સમુદ્ર-તળ એટલે કે સી-લેવલ કરતાં પ્રોજેક્ટ કેટલા મીટરની ઊંચાઈએ છે, આવી માહિતી પ્રોજેક્ટની મંજૂરીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, કારણ કે એરપોર્ટની આસપાસ વિમાનોના લેન્ડિંગ અને ટેક-ઓફ સમયે અવરોધરૂપ બને એવી રીતે ઇમારતોનું બાંધકામ ન થઈ શકે, પરંતુ આવા કડક નિયમોથી બચવા માટે એનઓસી સમયે ખોટા રેખાંશ અને અક્ષાંશના આંકડા નોંધવામાં આવ્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે.

વર્ષ ૨૦૧૭માં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા સુરત એરપોર્ટની આસપાસ રેડ ઝોનમાં આવેલા એપાર્ટમેન્ટનો સર્વે હાથ ધરાયો હતો, જેમાં એપાર્ટમેન્ટના વિવિધ ટાવરની ઊંચાઈ એનઓસીમાં આપેલી પરવાનગી કરતાં વધુ છે કે કેમ એની તપાસ થઈ હતી. આ ઉપરાંત એનઓસી સમયે ઇમારત જે-તે રેખાંશ-અક્ષાંશ પર બતાવી છે ત્યાં જ બની છે કે કેમ એ પણ ચકાસણી કરવામાં આવી હતી.■

### તાપી જિલ્લામાં આદિવાસી વિદ્યાર્થીઓ માટે

# ટ્રાયબલ યુનિવર્સિટી સ્થાપવા સાંસદ પ્રભુભાઈ વસાવાએ માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભામાં ગુજરાતના સાંસદ પ્રભુભાઇ વસાવાએ લોકસભામાં કેન્દ્રીય શિક્ષણ મંત્રીને તાપી જિલ્લામાં આદિવાસી વિદ્યાર્થીઓ માટે ટ્રાયબલ યુનિવર્સિટી અથવા તો ટ્રાયબલ યુનિ. સેન્ટર શરૂ કરવા રજૂઆત કરી હતી.

લોકસભા સંસદીય કામગીરી દરમિયાન બારડોલી લોકસભાના સાંસદ પ્રભુભાઈ વસાવાએ તાપી જિલ્લામાં ટ્રાયબલ યુનિવર્સિટી અથવા ટ્રાયબલ યુનિવર્સિટી સેન્ટર શરૂ કરવાની કેન્દ્રીય શિક્ષણ મંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું કે, બારડોલી લોકસભા મતવિસ્તાર ખૂબ મોટો છે. તાપી જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં અનુસુચિત જનજાતિના ગ્રામીણ પરિવારો વસવાટ કરે છે. તાપી જિલ્લામાં ઊકાઈ ડેમ સહિત તાપી, અંબિકા અને પૂર્ણા જેવી નદીઓ વહેતી હોવાથી ઘણાં ગામો નદીનાં કાંઠે વસેલાં છે અને આ વિસ્તાર મહારાષ્ટ્ર બોર્ડર સાથે પણ જોડાયેલો છે. અહીં જંગલ વિસ્તાર અને આદિવાસી સમાજની વસતિ વધુ છે. તાપી જિલ્લામાં વસતા આદિવાસી સમુદાયની વસ્તી લગભગ ૮૦ થી ૮૪ ટકા છે.

સાંસદએ વધુમાં કહ્યું કે, તાપી જિલ્લામાં યુનિવર્સિટી ન હોવાથી અહીંના મેધાવી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે દૂરનાં શહેરોમાં જવું પડે છે. આથી, શિક્ષણ પ્રધાન સમક્ષ તાપી જિલ્લામાં એક સંપૂર્ણ ટ્રાયબલ યુનિવર્સિટી અથવા ટ્રાયબલ યુનિવર્સિટી સેન્ટર શરૂ કરવાની રજૂઆત કરી હતી. ■

# ૧૭ વર્ષમાં રાજ્યના ૧૩ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન પૈકીના માત્ર ત્રણ ઝોન કાર્યરત થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે રાજ્યના વિકાસથી વંચીત વિસ્તારોમાં ઉદ્યોગો ઊભા થાય અને લોકોને રોજગારી મળે તે માટે વર્ષ ૨૦૦૯માં ૧૪ જેટલા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (સર) વિકસિત કરવા માટે ખાસ નીતિની જાહેરાત કરી કરી હતી. સરકારનો આ પાછળનો હેતું અગાઉથી જ વિકસિત વિસ્તારોને બદલે ઔદ્યોગિક રીતે પછાત પ્રદેશો તરફ રોકાણ વધારવાનો હતો. આ માટે રાજ્ય સરકાર છેલ્લા ૧૭ વર્ષથી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (સર)માં રોકાણ આકર્ષવા માટે રોકાણકારોને રાહતરૂપ ખાસ પ્રોત્સાહનો આપવા માટેની યોજના બનાવી રહી છે.

રાજ્ય સરકારે સરના વિકાસ માટે શરૂઆતમાં આઠ સ્થાનો પસંદ કર્યા હતા, તેમાંથી સાત ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપેન્ટ બોર્ડ (જીઆઈડીબી)ને સોંપ્યા હતા જ્યારે એક માત્ર ભાવનગર વિસ્તારમાં ભૂમિ અધિગ્રહણ સંબંધિત વિઘ્નોના કારણે બાકાત રાખવામાં આવ્યો હતો.

જો કે સરકારના તમામ પ્રયાસો છતાં આ મહત્ત્વાકાંક્ષી યોજના સફળ રહી નથી. માત્ર ૩ ધોલેરા, માંડલ-બેચરાજી અને દહેજ સ્થિત પેટ્રોલિયમ, રસાયણ અને પેટ્રોકેમિકલ્સ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (સર) જ હાલ કાર્યરત છે. તેમ છતાં રાજ્ય સરકાર અન્ય વિસ્તારોમાં પણ રોકાણકારોને આકર્ષવાનું લક્ષ્ય ધરાવે છે. આ માટે રાજ્ય સરકારનો ઉદ્યોગ વિભાગ આગામી વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ માટે ખાસ સ્થાનો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે.

એક આરટીઆઈના જવાબમાં, ગુજરાત વિકાસ બોર્ડના જાહેર માહિતી અધિકારીએ પુષ્ટિ કરી હતી કે સરકાર દ્વારા મંજૂર થયેલા ૧૩ સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (સર)માંથી હાલમાં ફક્ત ત્રણ જ કાર્યરત છે. બાકીના હજુ પણ વિકાસ હેઠળ છે, જે ઉત્તર, મધ્ય, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશોમાં ફેલાયેલા છે. આ સરને કાર્યરત કરવા માટે કુલ ૨,૩૯૭ ચોરસ કિલોમીટર જમીન સંપાદિત કરવામાં આવી રહ્યો છે.

હાલ કાર્યરત ત્રણ સરમાંથી, દહેજ ખાતે આવેલો પીસીપીઆઈઆર ૪૫૩ ચોરસ કિમીમાં ફેલાયેલું છે. આ વિસ્તારે રૂ. ૧.૨૫ લાખ કરોડના રોકાણોને આકર્ષિત કર્યા છે. તે માર્ગ, રેલ, બંદર અને હવાઈ માર્ગે મજબૂત જોડાણ પ્રદાન કરે છે અને પેટ્રોકેમિકલ્સ અને ઊર્જા ઉદ્યોગોનું કેન્દ્ર છે.

અમદાવાદ અને મહેસાણા વચ્ચે ૧૦૨ ચોરસ કિમીમાં ફેલાયેલો સર, માંડલ-બેચરાજી વચ્ચે સંપૂર્ણ કનેક્ટિવિટી પ્રદાન કરે છે અને તેણે રૂ. ૧૨,૦૦૦ કરોડના રોકાણો આકર્ષ્યા છે. તે વાણિજ્યિક વિકાસ, નગર આયોજન અને માળખાગત સુવિધાઓ તેમજ ઓટોમોબાઈલ અને સંલગ્ન ઉદ્યોગો માટે એક કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે.

જ્યારે અમદાવાદ જિલ્લામાં ૩૬૦ ચોરસ કિ.મી.માં ફેલાયેલું ધોલેરા સર, ધોલેરા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ સાથે જોડાયેલું છે. તે લગભગ બે લાખ કરોડ રૂપિયાના રોકાણ સાથે, સંરક્ષણ, ઇલેક્ટ્રોનિક્સ, હેવી એન્જિનિયરિંગ, ઉડ્ડયન, ફાર્મા, ઉત્પાદન અને વીજળી સહિતના વિવિધ ક્ષેત્રોનું મોટું હબ બન્યું છે. ■

### શ્રાવણિયો ઉપવાસ મોંઘો થયો

# બટાકાની વેફર અને ચેવડાના ભાવ આસમાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શિવ ભક્તો પવિત્ર શ્રાવણ મહિના દરમિયાન ઉપવાસ કરતા હોય છે, જ્યારે કેટલાક શ્રાવણ મહિનાના સોમવારે ઉપવાસ કરતા હોય છે. તેથી ઘરમાં ફરાળી વસ્તુઓ આવશ્યક જોવા મળે છે. હાલ માર્કેટમાં કેળાની વેફર અને બટાકાની વેફરની માગ વધતી જોવા મળી રહી છે. જો કે માંગ વધતા જ ફરાળી ચીજોના ભાવ પણ આસમાને પહોંચ્યા છે.

ફરસાણના વેપારીઓના જણાવ્યા મુજબ, ફરાળી વસ્તુઓની માંગ પણ વધતી જઈ રહી છે. આ સમય દરમિયાન, સૌથી વધુ માગ ફરાળી ચેવડો, બટાકાની વેફર અને કેળાની વેફરની છે, કારણ કે નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધી, સૌને વેફર ખૂબ જ પસંદ છે.

વેપારીએ ભાવ વિશે જણાવ્યું કે આ વર્ષે ફરાળી ચેવડો, બટાકાની વેફર અને કેળાની વેફરના ભાવમાં સામાન્ય વધારો થયો છે. સિંગતેલ સહિતના તેલના ભાવ વધતા આ વધારો ફરસાણમાં પણ જોવા મળી રહ્યો છે. બટાકાની વેફરનો ભાવ ૩૦૦થી ૪૦૦ રૂપિયાની કિલો છે, જ્યારે કેળાની વેફર ૩૫૦થી ૫૦૦ રૂપિયાની કિલો વેચાઈ રહી છે. ■

નવમા પાનાનું ચાલુ

## પુણે પાર્ટી

હુક્કા સેટ અપ્સ તથા દારૂની બોટલો જપ્ત કરી હતી. આ પ્રકરણે એકનાથ ખડસેના જમાઇ પ્રાંજલ ખેવલકર સહિત સાત લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

દરમિયાન એકનાથ ખડસેએ દાવો કર્યો હતો કે પોલીસે રેઇડના વીડિયો અને પ્રાંજલ ખેવલકરના અંગત ફોટા લીક કર્યા હતા.

પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે 'પોલીસ કાર્યવાહી પર શંકા કરવાનું કોઇ કારણ નથી. આ કેસમાં પોલીસ દ્વારા કોઇ માહિતી જાહેર કરાઇ નથી. પોલીસે વીડિયો કે ફોટા લીક નથી કર્યા.' ખેવલકરની ગતિવિધિઓ પર પોલીસે નજર રાખી હતી તેવા આરોપ વિશે પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે પોલીસને ચોક્કસ માહિતી મળ્યા બાદ પાર્ટી પર રેઇડ પાડવામાં આવી હતી. (પીટીઆઇ)

## સફાઈ કર્મચારીઓ

ગાડી સંદર્ભમાં નવો કૉન્ટ્રેક્ટ આપવાની સાથે જ ઘર-ઘરમાંથી કચરો જમા કરવા માટે સર્વિસબેસ્ડ કૉન્ટ્રેક્ટ આપવાનો નિર્ણય લીધો હતો, તેની સામે પાલિકાના સફાઈ કર્મચારીઓએ બાંયો ચઢાવી હતી. આંદોલન કર્યા બાદ હડતાળ કરવાની ધમકી આપીને લડત વધુ તીવ્ર કરવાની ચીમકી પણ આપી હતી. જોકે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પાસેથી મળેલા સકારાત્મક પ્રતિસાદ બાદ સફાઈ કર્મચારીઓએ હડતાળ કરવાનો નિર્ણય પાછો ખેંચ્યો હતો અને પાલિકા કમિશનર સાથે આ બાબતે ચર્ચા કરવા પણ તૈયાર થયા હતા. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણી સાથે ચર્ચા થયા બાદ સોમવાર, ૨૮ જુલાઈના પાલિકા અને મહાનગરપાલિકા કામગાર સંઘટના સંઘર્ષ સમિતિ વચ્ચે કરાર થયા હતા. તે મુજબ ઘનકચરા વિભાગમાં પદની સંખ્યા ઘટાડવામાં આવશે નહીં, કોઈ પણ યાનગૃહ બંધ કરવામાં આવશે નહીં, કૉન્ટ્રેક્ટ પર રહેલા કર્મચારીઓને કાયમી કરવામાં આવશે જેવી અનેક માગણીઓ માન્ય કરવામાં આવી હતી.

## સોમવારે માનભેર

અને અન્યો વિરુદ્ધ નોંધાયેલા એફઆઈઆરના આધાર પર ઈડીએ મની લોન્ડરિંગની તપાસ હાથ ધરી હતી. ઈડી અનુસાર ૨૦૦૯થી વસઈ-વિરાર મહાપાલિકાની હદમાં સરકારી અને ખાનગી જમીનો પર રેસિડેન્શિયલ-કમ- કમર્શિયલ બિલ્ડિંગોનું ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હતું. આ સમયગાળામાં ૪૧ બિલ્ડિંગનું ગેરકાયદે બાંધકામ કરાયું હતું. આ બિલ્ડિંગો 'સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ' અને 'ડમ્પિંગ ગ્રાઉન્ટ' માટે અનામત જમીન પર ઊભી કરાઈ હતી.

ગેરકાયદે બિલ્ડિંગોનું ચણતર કરીને તેની મંજૂરીના બનાવટી દસ્તાવેજોની મદદથી સામાન્ય નાગરિકોને ફ્લૅટ-દુકાનો વેચી આરોપી બિલ્ડરો અને ડેવલપરોએ છેતરપિંડી કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

બૉમ્બે હાઈ કોર્ટે આ બધી ૪૧ બિલ્ડિંગને તોડી પાડવાનો આદેશ જુલાઈ, ૨૦૨૪માં આપ્યો હતો. આ બિલ્ડિંગોના રહેવાસીઓએ સુપ્રીમ કોર્ટ સમક્ષ સ્પેશિયલ લીવ પિટિશન (એસએલપી) ફાઈલ કરી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે પિટિશન ફગાવી દીધી હતી, જેને પગલે ૨૦ ફેબ્રુઆરીથી બાંધકામ તોડવાની કાર્યવાહી શરૂ કરાઈ હતી. ઈડીના કહેવા મુજબ આર્કિટેક્ટ, સીએ, લાઈઝનનું કામ કરનારા અને વસઈ-વિરાર મહાપાલિકાના અધિકારીઓની મિલીભગતથી આ મોટું કાર્ટેલ ઑપરેટ કરવામાં આવતું હતું.

આ કાર્ટેલ જ મોટા પ્રમાણમાં ગેરકાયદે બાંધકામો માટે જવાબદાર હોવાનું જણાયું હતું. સર્ચ દરમિયાન 'વાંધાજનક' ડિજિટલ ડિવાઈસીસ જપ્ત કરવામાં આવ્યાં હતાં, જે આ ગેરકાયદે બાંધકામોના કૌભાંડમાં અધિકારીઓની સંડોવણી પુરવાર કરે છે.

આ ડિજિટલ ડિવાઈસીસમાં અધિકારીઓની આર્કિટેક્ટ, સીએ અને લાઈઝનનું કામ કરનારા વ્યક્તિઓ સાથેની મિલીભગત સ્પષ્ટ થાય છે. મોટા પાયે ભ્રષ્ટાચાર અને વીવીએમસીમાં બિલ્ડિંગના બાંધકામની મંજૂરી મેળવવા માટે કાળાં નાણાંનો ઉપયોગ થઈ રહ્યાનું સ્પષ્ટ થાય છે. (પીટીઆઈ)

## વિદ્યાવિહાર બ્રિજ

બ્રિજ પાલિકા દ્વારા બાંધવામાં આવી રહ્યો છે પણ લાંબા સમયથી પશ્ચિમમાં રહેલા અમુક બાંધકામને કારણે આ બ્રિજનું કામ અટવાઈ પડ્યું છે તેને કારણે પુલના બાંધકામના ખર્ચામાં સતત વધારો થઈ રહ્યો છે અને લાંબા સમયથી સ્થાનિકો પણ પુલ ચાલુ થાય તેની રાહ જોઈ રહ્યા છે.

મંગળવારે વિદ્યાવિહાર બ્રિજની વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે પાલિકા મુખ્યાલયમાં એક સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક બાદ પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે (પ્રોજેક્ટ)વિદ્યાવિહાર પૂર્વ-પશ્ચિમને જોડનારો તથા વિદ્યાવિહાર રેલવે સ્ટેશન ઉપરથી જનારા બ્રિજનું કામ ૩૧મે, ૨૦૨૬ સુધી પૂરો કરવાનો લક્ષ્યાંક છે. બ્રિજની પૂર્વ બાજુએ તમામ કામ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં પૂરા કરવામાં આવવાના છે. તો પશ્ચિમ બાજુએ રહેલા બાંધકામના પુનર્વસનની પ્રક્રિયા પૂરી કરીને ચોમાસા બાદ તેને તોડી પાડવામાં આવશે અને ત્યારબાદના આગામી પાંચ મહિનામાં બ્રિજનું કામ ઝડપથી પૂરા કરવામાં આવશે. પ્રોજેક્ટ અફેકટેડ પર્સનને પર્યાયી ઘર આપીને તેમનું પુનર્વસન કરવામાં આવશે અને ત્યારબાદ ઝડપથી આ પુલનું કામ પૂરું કરવામાં આવવાનું છે.

લાલબહાદુર શાસ્ત્રી રોડ અને રામચંદ્ર ચેંબૂરકર રોડને જોડનારો આ બ્રિજ બે લેનનો છે. કુલ ૬૫૦ મીટર લંબાઈના આ પ્રોજેક્ટમાં રેલવે પાટા ઉપરથી ૧૦૦ મીટર બ્રિજ તો પૂર્વ બાજુમાં ૨૨૦ મીટર અને પશ્ચિમ બાજુએ ૩૩૦ મીટરના અપ્રોચ રોડનો સમાવેશ થાય છે.

આ બ્રિજથી વિદ્યાવિહાર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ સુધીનો એક સમર્પિત એક્સેસ રૂટ પણ પ્રોજેક્ટનો એક ભાગ રહેશે. વધુમાં આ પ્રોજેક્ટ હેઠળ બંને બાજુએ રેલવે ટિકિટ કાઉન્ટર, સ્ટેશન માસ્ટરની ઓફિસ, દાદરા અને અન્ય સુવિધાઓનું પુનર્નિર્માણ હાથ ધરવામાં આવવાનું છે. ફ્લાયઓવરની બંને બાજુએ સર્વિસ રોડનો પણ સમાવેશ થાય છે, જેમાં સર્વિસ રોડના કામના ભાગરૂપે પૂર્વ બાજુએ સોમૈયા નાળાનું પુનર્નિર્માણ પણ કરવામાં આવી રહ્યું છે. બ્રિજના કામમાં અવરોધરૂપ થનારી ગટર તેમ જ પાણીની પાઈપલાઈનના કામ પણ કરવામાં આવી રહ્યા છે.

### અસરગ્રસ્તોના પુનર્વસન કામમાં વિલંબની શક્યતા

આ ફ્લાયઓવર માટે બે મોટા સ્ટીલના ગર્ડર બંને આશરે ૧૦૦ મીટર લાંબા અને લગભગ ૧,૧૦૦ મેટ્રિક ટન વજનના બેસાડવામાં આવ્યા છે. પ્રોજેક્ટના બીજા તબક્કામાં પૂર્વ અને પશ્ચિમ બંને બાજુએ ૧૭.૫ મીટર પહોળા એપ્રોચ રોડ બનાવવામાં આવશે. પશ્ચિમ બાજુએ ચાર પીલર ઊભા કરવામાં આવ્યા છે પણ અમુક બાંધકામોને કારણે આગળના કામમાં અવરોધ નિર્માણ થયા છે. આ બાંધકામમાં રહેણાંક, ધાર્મિક અને કમર્શિયલ બિલ્ડિંગ, પબ્લિક ટોઈલેટ બ્લોકનો સમાવેશ થાય છે.

અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસ પૂરા પાડવામાં આવશે. છતાં પુનવર્સનમાં કોઈ પણ પ્રકારનો વિલંબ થયો તો ૨૦૨૬ના ચોમાસા પહેલા આ બ્રિજને ખુલ્લો મૂકાવવા પાછો વિલંબ થઈ શકે છે એવી શક્યતા 'એન'વોર્ડ સાથે સંકળાયેલા અધિકારીએ વ્યક્ત કરી હતી.

### વિદ્યાવિહાર બ્રિજનું આયોજન ૧૯૯૧માં થયું હતું

લાંબા સમયથી રાહ જોવાઈ રહેલા વિદ્યાવિહાર બ્રિજ પ્રોજેક્ટનું સૌ પહેલા આયોજન ૧૯૯૧ની સાલમાં કરવામાં આવ્યું હતું પણ કામ ૨૦૧૬ના પાટે ચઢ્યું હતું પણ તેનું બાંધકામ ૨૦૧૮ની સાલથી શરૂ થયું હતું, જે મૂળમાં ૨૦૨૨ની મધ્યમાં પૂરું થવાનું હતું. જોકે આ દરમ્યાન કોવિડ મહામારી અને ડિઝાઈનમાં થયેલા ફેરફારને કારણે સમયમર્યાદામાં વિલંબ થયો હતો. પ્રોજેક્ટનો ખર્ચ પણ ૯૯.૯૮ કરોડના પ્રારંભિક અંદાજથી વધીને ૧૭૮.૯૩ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો હતો. એક વાર બ્રિજનું કામ પૂરું થઈ જશે તો વિદ્યાવિહાર પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના પ્રવાસનો સમય ૩૦ મિનિટથી ઘટીને માત્ર ૧૦થી ૧૫ મિનિટનો થઈ જશે. નોંધનીય છે કે વિદ્યાવિહારનો આ બ્રિજ શહેરના રેલવે ટ્રેક પરનો સૌથી લાંબો ગર્ડર છે, જે ૧૦૦ મીટર લાંબો છે.

## ગણેશ મંડળને

વિવાદ જાગ્યો છે. સેંકડો મંડળોનું પ્રતિનિધિત્વ કરતી બૃહનમુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિએ આ પગલાંનો વિરોધ કર્યો છે અને હવે આ વિરોધમાં રાજકીય પક્ષ પણ જોડાયો છે અને તેણે પાલિકાના આ નિર્ણય પાછો ખેંચવાની માગણી કરી છે અને જો પાલિકા તેને નિર્ણય પાછો નહીં ખેંચે ચો આંદોલન કરવાની ધમકી પણ આપી છે.

પાલિકા વર્ષોથી ગણેશોત્સવ દરમ્યાન મંડપ બાંધવા માટે ખાડા કરનારા મંડળો પાસેથી દંડ વસૂલ કરી રહી છે. ગયા વર્ષ સુધી પ્રતિ ખાડા માટે દંડની રકમ ૨,૦૦૦ રૂપિયા હતી પણ આ વર્ષે ૨૧ જુલાઈના રોજ પાલિકાએ નોટિસ બહાર પાડીને દંડની રકમ ૧૫,૦૦૦ રૂપિયા પ્રતિ ખાડા કરી નાખી છે. આ નિર્ણય સામે સાર્વજનિક ગણેશોત્સવ મંડળે નારાજગી વ્યક્ત કરી છે. રાજ્ય સરકારે ૧૦ જુલાઈના ગણેશોત્સવને રાજ્ય ઉત્સહ જાહેર કર્યા બાદ મંડળોએ તહેવાર દરમ્યાન થોડી છૂટછાટ મળવાની અપેક્ષા રાખી હતી, તેની સામે પાલિકાએ દંડની રકમ વધારી નાખી છે.

એનસીપી (એસપી)ના યુવા પાંખના પ્રતિનિધિ મંડળે ગણેશમંડળો પરના દંડમાં વધારા કરવા સામે ચિંતા વ્યકત કરી હતી અને પાલિકાના મુખ્યાલયમાં એડિશનલ કમિશનર(પ્રોજેક્ટ) અભિજિત બાંગરને મળ્યા હતા. એનસીપી (એસપી)ના યુવા પાંખના મુંબઈ ચીફ એડવોકેટ અમોલ મેટેલેએ જણાવ્યું હતું કે પાલિકાની બેદરકારીને કારણે રસ્તાઓ પહેલાથી જ ખાડાઓથી ભરેલા છે, છતાં તેના માટે કોઈ પગલાં લેવામાં આવતા નથી. ગણેશોત્સવ એક ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક ચળવળ છે, જેમાં તેના પર દંડાત્મક પગલાં લાદવામાં આવે છે, જે અન્યાયી છે. જો આ દંડ પાછો ખેંચવામાં નહીં આવે તો તમામ સાર્વજનિક ગણેશોત્સવ મંડળો સાથે મળીને અમે ઉગ્ર આંદોલન કરશું.

## સુપ્રીમ કોર્ટે

લગભગ એક કલાક ઘટાડવા માટે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવેથી ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે સુધી રોડ કનેક્ટિવિટી વિકસાવવાની કલ્પના કરવામાં આવી છે.

બીએમસીએ સુપ્રીમ કોર્ટમાં એવી માહિતી આપી હતી કે ટનલ બોરિંગ મશીનો (ટીબીએમ) ચલાવવા અને ટનલિંગ કાર્યનું શાફ્ટ વર્ક શરૂ કરવા માટે ૯૫ વૃક્ષો કાપવા આવશ્યક છે.

ખાડા ખોદવા માટે જમીન ખાલી કરવી જરૂરી છે અને આ પ્રક્રિયામાં ચોક્કસ સંખ્યામાં વૃક્ષો કાપવા જરૂરી છે, એમ ટ્રી ઓથોરિટીએ પોતાની અરજીમાં જણાવ્યું હતું.

અહીં ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ૧૦ જાન્યુઆરીએ પાલિકાની ટ્રી ઓથોરિટીને મુંબઈની આરે કોલોનીમાં પરવાનગી લીધા વગર વધુ વૃક્ષો કાપવાની મંજૂરી ન આપવાનો નિર્દેશ આપ્યો હોવાથી પાલિકાએ આ અરજી કરી હતી.

બીએમસીએ કહ્યું હતું કે જ્યાં વૃક્ષ કાપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો તે વિસ્તાર ફિલ્મ સિટી હેઠળ આવે છે, આરે કોલોની હેઠળ નથી આવતો, આમછતાં તેમણે સાવચેતીના પગલાં રૂપે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

પર્યાવરણનું રક્ષણ મહત્વપૂર્ણ છે એમાં કોઈ શંકા નથી આ (સુપ્રીમ) કોર્ટે સમાનતાના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને અનેક ચુકાદાઓમાં તેને યોગ્ય ઠેરવ્યું છે, એમ ચીફ જસ્ટિસે આ કેસની સુનાવણી વખતે કહ્યું હતું.

જોકે, વિકાસને અવગણી શકાય નહીં. માળખાકીય સુવિધાઓનો વિકાસ પણ જરૂરી છે. જ્યાં સુધી યોગ્ય માળખાકીય સુવિધાઓ સ્થાપિત ન થાય ત્યાં સુધી દેશ પ્રગતિ કરી શકતો નથી, એમ પણ ચીફ જસ્ટિસે કહ્યું હતું.

ખંડપીઠે બીએમસીને વનીકરણ યોજના સાથે આ મુદ્દા પર નિષ્ણાતોનો અહેવાલ દાખલ કરવા જણાવ્યું હતું. ખંડપીઠે સ્પષ્ટ કર્યું હતું કે કોઈપણ વૃક્ષ તેમની (સુપ્રીમ કોર્ટ)ની પૂર્વ મંજૂરી વિના કાપી શકાતું નથી અને બીએમસીની અરજીની સુનાવણી બાર ઓગસ્ટ પર મુલતવી રાખી હતી. પાલિકા દ્વારા આપવામાં આવેલા પ્રસ્તાવમાં ૬.૨ કિમી લાંબી ટ્વિન ટનલ માટે ફિલ્મ સિટી, ગોરેગાંવ અને ખીંડીપાડા (અમર નગર), મુલુંડ વચ્ચેના ૫.૩ કિમી જીએમએલઆરમાં વૃક્ષો કાપવાની પરવાનગી માગવામાં આવી છે. 'આ પ્રોજેક્ટમાં જમીન પર હરિયાળી જાળવવા માટે ટનલ દ્વારા રસ્તાનો વિકાસ કરવામાં આવી રહ્યો છે,' એમ વૃક્ષો કાપવાની પરવાનગી માગતી વખતે ટ્રી ઓથોરિટીએ જણાવ્યું હતું. મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (એમએમઆરસીએલ)ના કાર શેડ પ્રોજેક્ટના સંદર્ભમાં, બીએમસીની ટ્રી ઓથોરિટીને પૂર્વ પરવાનગી વગર મુંબઈની આરે કોલોનીમાં વધુ વૃક્ષ કાપવાની મંજૂરી ન આપવાનો આદેશ, સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સરકારને આપવામાં આવ્યો હતો અને તેમણે એવો પણ નિર્દેશ આપ્યો હતો કે આરે જંગલમાં વધુ વૃક્ષો કાપવાનો કોઈ પ્રસ્તાવ છે કે નહીં તેની સ્પષ્ટતા કરવામાં આવે. મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે જંગલના વૃક્ષો કાપવા બાબતની ફરિયાદો સાથે કોર્ટે ૨૦૨૩માં કેટલાક જંગલમાં રહેતા સમુદાયોને બોમ્બે હાઈકોર્ટમાં જવાની મંજૂરી આપી હતી.

## ડ્રગ્સ કેસમાં

ખડસેએ વધુમાં એવો દાવો કર્યો હતો કે કોઈ આ કાવતરાનો 'માસ્ટરમાઇન્ડ' છે અને પોલીસ 'કઠપૂતળી' તરીકે કામ કરી રહી છે.

તેમણે એવો સવાલ કર્યો હતો કે ડ્રગ્સ કેસમાં તેમના જમાઈ પ્રાંજલ ખેવલકરનું નામ મુખ્ય આરોપી તરીકે કેમ રાખવામાં આવ્યું હતું? જ્યારે પોલીસના દરોડાના દ્રશ્યો સ્પષ્ટ રીતે દર્શાવે છે કે કથિત પ્રતિબંધિત પદાર્થ એક મહિલા આરોપીના પર્સમાંથી મળી આવ્યો હતો.

પુણે પોલીસની ક્રાઈમ બ્રાન્ચે રવિવારે સવારે લગભગ ૩:૩૦ વાગ્યે ખરાડી વિસ્તારમાં આવેલા એક સ્ટુડિયો એપાર્ટમેન્ટમાં 'રેવ પાર્ટી' પર દરોડો પાડ્યો હતો, જેમાં ખેવલકર સહિત સાત લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને શંકાસ્પદ કોકેન, ગાંજા, હુક્કા સેટ-અપ અને દારૂની બોટલો જપ્ત કરવામાં આવી હતી, એમ અધિકારીઓએ અગાઉ જણાવ્યું હતું.

સોમવારે એક અધિકારીએ જણાવ્યું હતું કે ખેવલકર અને અન્ય એક વ્યક્તિના મેડિકલ રિપોર્ટમાં પોલીસે પકડેલી 'રેવ પાર્ટી'માં દારૂ પીધો હોવાની પુષ્ટિ થઈ છે. બીજી તરફ ખેવલકરની પત્ની અને એનસીપી (એસપી)ના રાજ્ય એકમનાં પ્રમુખ રોહિણી ખડસે સોમવારે પુણે પોલીસના એક વરિષ્ઠ અધિકારીને મળ્યા હતા. એકનાથ ખડસેએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે પોલીસ કાર્યવાહી તેમને બદનામ કરવાના હેતુથી કરવામાં આવી હતી, કારણ કે તેઓ સતત 'હની ટ્રેપ' અને તેમાં પ્રફુલ્લ લોઢાની કથિત સંડોવણી અંગે અવાજ ઉઠાવી રહ્યા હતા.

'પ્રાંજલને આ કેસમાં નંબર વન આરોપી બનાવવાનું કારણ શું છે? તેનો કોઈ ગુનાહિત ભૂતકાળ નથી. આમ છતાં, પોલીસે કોર્ટને જણાવ્યું કે તેની ગુનાહિત પૃષ્ઠભૂમિ છે,' એમ એકનાથ ખડસેએ કહ્યું હતું.

'રેડના દ્રશ્યો મુજબ, કથિત પ્રતિબંધિત વસ્તુ (એપાર્ટમેન્ટમાં) હાજર બે મહિલાઓમાંથી એકના પર્સમાંથી મળી આવી હતી. આવા કિસ્સામાં, મહિલાને મુખ્ય આરોપી બનાવવી જોઈતી હતી, અને અન્ય લોકોને સાક્ષી તરીકે ગણવા જોઈતા હતા,' એમ તેમણે કહ્યું હતું.

ભૂતપૂર્વ પ્રધાને 'રેવ પાર્ટી'નો પર્દાફાશ કરવાના પોલીસના દાવા પર પણ સવાલ ઉઠાવ્યા.

'પોલીસે રેવ પાર્ટીની વ્યાખ્યા સમજાવવી જોઈએ, કારણ કે તેમના પોતાના કેસ મુજબ, એપાર્ટમેન્ટમાં ફક્ત સાત વ્યક્તિઓ મળી આવી હતી. ત્યાં ન તો સંગીત હતું કે ન તો કોઈ અંધાધૂંધી હતી, તો તે રેવ પાર્ટી કેવી રીતે હોઈ શકે. 'રેવ પાર્ટી' શબ્દનો ઉપયોગ કરીને, તેઓ ફક્ત ખડસે પરિવારને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે,' એવો દાવો તેમણે કર્યો હતો.

કેટલાક મીડિયા રિપોર્ટ્સનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, 'ખેવલકરના કેસમાં દારૂના પ્રમાણ માટે બ્લડ રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. ડ્રગ ટેસ્ટ રિપોર્ટનું શું? તેમાં આટલો સમય કેમ લાગી રહ્યો છે?'

તેમણે યાદ અપાવ્યું હતું કે ગયા વર્ષે પુણેમાં થયેલા પોર્શ કાર અકસ્માત કેસમાં લોહીના નમૂનાઓ સાથે જે રીતે છેડછાડ કરવામાં આવી હતી તેવી છેડછાડ આ કેસમાં પણ થઈ હોય એવી શક્યતાને નકારી શકાય નહીં.

એકનાથ ખડસેએ એવો પણ આરોપ લગાવ્યો કે પોલીસે દરોડાના દ્રશ્યો અને ખેવલકરના અંગત ફોટોગ્રાફ્સ મીડિયાને જાહેર કર્યા હતા.

# હિન્દુ મરણ

**કપોળ**

નાગેશ્રીવાળા હાલ કાંદીવલી, સ્વ. શાંતાબેન ઇન્દ્રજીત દુર્લભદાસ મહેતાના પુત્ર પ્રવીણભાઈ (ઉં.વ. ૮૧) ૨૭ જુલાઈ ૨૦૨૫ને રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયાબેનના પતિ. દેવાંગ- કાજલ, રાધિકા- સુજીત, દર્શના- સંદીપના પિતાશ્રી. દિનેશભાઈ, મહેશભાઈ, સ્વ. સુરેશભાઈ, સ્વ. અરવિંદભાઈ, રાજેન્દ્રભાઈ, પ્રકાશભાઈ તથા વીણાબેન બીપીનભાઈના ભાઈ. દામનગરવાળા સ્વ. જમનાદાસ પરમાનંદદાસ હકાણીના જમાઈ. ડેડાણવાળા સ્વ. માધવજી કાળીદાસ ગોરડીયાના ભાણેજ. સર્વ પક્ષની પ્રાર્થનાસભા ૩૧ જુલાઈ ૨૦૨૫ને ગુરુવારે ૫ થી ૭. હાલાઇ લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદીવલી વેસ્ટ.

**મોઢ વણિક**

ગામ ચીખલી, નિવાસી ખાર, સ્વ. કૌશિકભાઈ ગાંધીના ધર્મપત્ની ઈલાબેન (ઉં. વ. ૮૮) તે સ્મિતાબેન, કલ્પનાબેન, પ્રીતિબેન તથા જયભાઈના માતુશ્રી. ડૉ. ભરતકુમાર દલાલ, નિલેશકુમાર પરીખ તથા મનિષાબેનના સાસુ. કુણાલ, તન્વી, ઉર્વી, મોહનીશ-શિખા, દ્વિતી, હરિ, અનાયાના દાદી-નાની સોમવાર, તા. ૨૮-૭-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. (પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે).

**કપોળ**

અમરેલીવાળા હાલ ઘાટકોપર, સ્વ. ભાનુબેન હરજીવનદાસ હરગોવિંદદાસ ગાંધીના સુપુત્ર કિશોરભાઈ ગાંધી (ઉં. વ. ૭૫) તે ગં.સ્વ. સરોજબેન કિશોરભાઈ ગાંધીના પતિ. કાજલ ધર્મેન મહેતા, મેનકા, ગૌરવના પિતા. સુરેશ હરજીવનદાસ ગાંધી, સ્વ. શર્મિષ્ઠા ધીરજલાલ મહેતા, ગં.સ્વ. રસીલા નટવરલાલ પારેખના ભાઈ. સ્વ. આશા સુરેશ ગાંધીના દેર. સ્વ. વસંતાબેન જયંતિલાલ માણેકલાલ ભુવાના જમાઈ મંગળવાર, તા. ૨૯-૭-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. (પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.)

**ભાવનગરી મોચી**

તલગાજરડા હાલ બોરીવલી રમેશભાઇ ઠાકરશીભાઇ સોડાંગરના ધર્મપત્ની હંસાબેન (ઉં. વ. ૫૯) તા. ૨૭-૭-૨૫ રવિવારના રામચરણ પામ્યા છે. તે હિતેશભાઇ, હિરેનભાઇ, દર્શિકાબેનના માતુશ્રી. ઉષાબેન, શિલ્પાબેન, કલ્પેશભાઇ વાઘેલાના સાસુ. અવની, તનવી, પરમ, વિરાટ, ખુશ, તેમના દાદી. જાનવી, જયનીલ તેમના નાની. પ્રાર્થનાસભા તા. ૩૧-૭-૨૫ના ગુરુવારે સાંજે ૫થી ૭. ઠે. લુહાર સુતારની વાડી, અંબાજી મંદિરની બાજુમાં, કાર્ટર

## કેબિનેટની બેઠક

કેબિનેટની બેઠક પહેલા સીધા પવારની કચેરીમાં દોડી ગયા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૫ મિનિટ લાંબી આ બેઠક ખાસ્સી તણાવપૂર્ણ હતી, પવારે કોકાટે દ્વારા કરવામાં આવતી વારંવારની ભૂલો પર ભારે નારાજગી વ્યક્ત કરી હોવાના અહેવાલ છે.

સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે કોકાટેએ તેમના તાજેતરના કાર્યો બદલ દિલગીરી વ્યક્ત કરી છે અને પવારને ખાતરી આપી છે કે આવી ઘટનાઓનું પુનરાવર્તન નહીં થાય.

જોકે, પવારે સમર્થનનું કોઈ આશ્વાસન આપ્યું ન હતું, એમ પણ તેમણે જણાવ્યું હતું.

બેઠક પછી કોકાટેએ પત્રકારો સાથે વાત કરવાનું ટાળ્યું હતું અને સીધા કેબિનેટની બેઠકમાં ગયા હતા, જેનાથી એવી અટકળોને વેગ મળ્યો કે તેમના પદ પર નિર્ણય લેવામાં થોડો સમય લગાવવામાં આવી શકે છે.

દરમિયાન, નાસિકના ખેડૂતોનું એક પ્રતિનિધિમંડળ દિવસના પ્રારંભે અજિત પવારને મળ્યું હતું અને કોકાટેને કેબિનેટમાં જાળવી રાખવા વિનંતી કરી હતી, એમ પણ જાણવા મળ્યું છે.

કોકાટેએ ખેડૂતો પર સબસિડીનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો, તેમને ભિખારી કહ્યા હતા અને તેમની કેબિનેટને 'ઉજ્જડ ખેતરોના સ્વામી' ગણાવી હતી.

તાજેતરનો વિવાદ ચોમાસા સત્ર દરમિયાન રાજ્ય વિધાનસભામાં કોકાટે તેમના મોબાઇલ ફોન પર પત્તાની રમત રમતા દર્શાવતા એક વીડિયોથી ઉભો થયો હતો.

વિવાદ શાંત થયો એ પહેલાં તેમણે ખેડૂતો બાબતની તેમની ભૂતકાળની ટિપ્પણીઓ પર સ્પષ્ટતા કરવાનો પ્રયાસ કરતી વખતે સરકારને 'ભિખારી' ગણાવીને વધુ એક વિવાદ ઉભો કર્યો હતો.

## વાનખેડે સ્ટેડિયમના

આઇપીએલ ૨૦૨૫ની જર્સીઓ ચોરી હતી અને તેમાંથી ઘણી બધી તેણે ઓનલાઇન વેચી દીધી હતી.

ઑડિટ દરમિયાન આ ચોરી પ્રકાશમાં આવ્યા બાદ બીસીસીઆઇના કર્મચારી દ્વારા મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં ૧૭ જુલાઇએ ફરિયાદ નોંધાવાઇ હતી.

આ પ્રકરણે તપાસ કરવામાં આવ્યા બાદ ફારુકની ધરપકડ કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે આમાંની ઘણી જર્સી ફારુકે હરિયાણાના ડીલરને વેચી દીધી હતી. પોલીસે ફારુક પાસેથી પચાસ જર્સી જપ્ત કરી હોઇ પોલીસ આ પ્રકરણે વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઇ)

# જૈન મરણ

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

માંડવધાર, ગઢડા (સ્વામીના) હાલ કાંદિવલી, જયંતિલાલ ભુરાલાલ શાહ (ઉં. વ. ૯૬) તે સ્વ. ચંપાબેનના પતિ. દિલીપ, રાજેન્દ્ર દિપ્તી, કમલેશના પિતાશ્રી. જિજ્ઞા, જાગૃતી, હિતેશ બોટાદરા, રશ્મિના સસરા. ગુલાબચંદભાઈ, મનસુખભાઈ, રમણીકભાઈ, અરવિંદભાઈ, મહેન્દ્રભાઈ, જસુબેન વસંતરાય શાહ, લાભુબેન ચીમનલાલ બોટાદરાના ભાઈ. સાવરકુંડલા નિવાસી હાલ મુંબઈ સ્વ. રૂગનાથભાઈ તારાચંદ દોશીના જમાઈ તા. ૧૯-૭-૨૫ના અક્ષરધામ પામેલ છે. તા. ૩૧-૭-૨૫ના તેરમાની તીથી રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પિયાવા નિવાસી હાલ મુલુંડ, સ્વ. ચંપકલાલ હીરાચંદ સાવડિયાના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૮૪) તા. ૨૮-૭-૨૫, સોમવારે અવસાન પામેલ છે. સ્વ. હિંમતભાઈ, સ્વ. નાગરભાઈ, સ્વ. વ્રજલાલભાઈની ભાભી. જયેશભાઈ, પ.પૂ.પ. સુયશવિજયજી મ.સા., પ્રવિણાબેન, તૃપ્તિબેન, જયશ્રીબેન, પૂ. જ્ઞાનયશાશ્રીજી મ.સા.ના માતુશ્રી. પ્રીતિબેન, જિતેન્દ્રકુમાર, સુનિલકુમાર, મનિષકુમારના સાસુ. હિનલ- ધર્મિલકુમાર, અક્ષય-પૂજાના મોટા બા. પિયર પક્ષે દુર્લભદાસ પાનાચંદ વોરા લુવારીયાવાળાની દીકરી (મુલુંડ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દિગંબર જૈન**

વિછિયા નિવાસી સ્વ. મણિલાલ ભવાનભાઇ ગોસલિયા તથા લાભુબેન મણિલાલ ગોસલિયાના મોટા સુપુત્ર હરેશભાઇ તથા સ્વ. જયોતિબેન ગોસલિયા (હાલ ઘાટકોપર)ના દીકરી તેજલ (ઉં. વ. ૫૩) સોમવાર, તા. ૨૮-૭-૨૫ના દેહપરિવર્તન થયેલ છે. તે દીલીપભાઇ તથા રાજુલબેન ગોસલિયાના મોટાભાઇની દીકરી. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**પાટણ દશા ઓસવાલ શ્વેતાંબર જૈન**

પાટણ નિવાસી હાલ મુલુંડ કસુંબીયાવાડાના લતાબેન શાહ (ઉં. વ. ૮૦) તે નવીનભાઇ કાંતિલાલ વાડીલાલ શાહના ધર્મપત્ની. કેતન અને પરાગના માતુશ્રી. જિજ્ઞા અને કોમલના સાસુ. પલાશા-કરણ, પ્રાચી-નિધિના દાદી. પિયર મફતલાલ ભીખાચંદ શાહના સુપુત્રી તા. ૨૮-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ત્વચાદાન

રોડ નં-૩. બોરીવલી (ઇસ્ટ).

**હાલાઇ લોહાણા**

લક્ષ્મીકાંત નથવાણી (ઉં. વ. ૭૭) ગામ રાજકોટ કેશોદ હાલ મુલુંડ તે સ્વ. ગોવિંદજી નાનજી નથવાણી અને સ્વ. કાંતાબેન ગોવિંદજીના પુત્ર. તે સ્વ. ચંદ્રીકાબેન અને મંજુલાબેનના પતિ. તે સ્વ. કસ્તુરબેન કેશવજી મીરાણીના મોટા જમાઇ. નયના અને જતીનના પિતા. અશોક મોનાણી અને તેજલના સસરા. તે ધીતીના દાદા. સોમવાર, તા. ૨૮-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બાલાસિનોર દશાનિમા વણિક**

ભૂપેન્દ્ર શાહ (કડુજી) (ઉં. વ. ૮૨) તે સ્વ. શાંતાબેન મણિલાલ શાહ (કડુજી)ના પુત્ર. પૂર્ણિમાબેનના પતિ. સ્વ. ચીમનલાલ શાહ (નગરશેઠ)ના જમાઇ. જાસ્મીન, મેહુલ, મોનાના પિતા. પ્રીતિ, નીતુ, ગૌતમકુમારના સસરા. રોમા, નિલ, રીમા (પૌત્રી). સરીત, રીમા (દૌહિત્રી) પ્રિયંકા, રાંદલ, પરમના દાદા. સોમવાર, તા. ૨૮-૭-૨૫ના વૈકુંઠવાસી થયા છે. પ્રાર્થનાસભા બારમા, તેરમા તથા સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

સુરેશ કડકિયા (ફાડીયા) (ઉં.વ. ૮૨) તે સ્વ. કીર્તનલાલ લલ્લુભાઇ કડકિયાના પુત્ર. સ્વ. રેખાબેનના પતિ. હેમાબેન રાકેશભાઈ પરીખના પિતા. રાકેશકુમારના સસરા. મિલોનીના નાના. કાર્તિકકુમારના નાનાસસરા. ૨૮/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જૂનાગઢ દશા શ્રીમાળી વણિક**

જીતુભાઇ (ઉં.વ. ૭૯) તે સ્વ. રતિલાલ વલ્લભજી સાંઘાણીના પુત્ર. પ્રમીલાબેનના પતિ. સ્વ. હરકિશનદાસ કરસનદાસ પાંઢીના જમાઈ. સમીર તથા પૂનમ દોશીના પિતા. સપના તથા હિરેનભાઈ દોશીના સસરા. વિનોદચંદ્ર તથા મહેશભાઈના ભાઈ. ૨૮/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. ૨૦૪, કેન્ટ હાઈટ, વર્ધમાનનગર, નર્સિંગ લેન, મલાડ વેસ્ટ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

અંજાર નિવાસી, સ્વ. રસિકલાલ દવેના ધર્મપત્ની, કુમુદબેન દવે (ઉં.વ. ૯૦) ૨૭/૭/૨૫ના દેવલોક પામેલ છે. તે નરેશ, વિજયભાઈ તથા સ્મિતા (ગુડી)ના માતુશ્રી. પ્રવિણકુમારના સાસુ. કાર્તિક, ભાર્ગવ તથા કવિતાના નાની. વૃત્તિના દાદી. સી ૧૦૫, ગંગા નિવાસ, સરસ્વતી સ્કૂલ પાસે, સાંઈનાથ નગર, તુલિંજ રોડ, નાલાસોપારા ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

ધ્રાંગધ્રા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. રંભાબેન રતિલાલ વોરાના સુપુત્ર ચી. નીતિન (ઉં.વ. ૭૦) તા. ૨૮-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે લતાબેનના પતિ. ઉર્વીના પિતા. કરણના સસરા. સ્વ. રસિકભાઈ, રંજન, ચંદ્રિકા, હર્ષાના ભાઈ. સ્વ. શાંતિલાલ પરીખના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩૧-૭-૨૫ના ૫ થી ૬.૩૦. યુટોપિયા હોલ, યુનિવર્સલ સ્કૂલની બાજુમાં, તિલકનગર, ચેમ્બુર.

**કચ્છી લોહાણા**

કચ્છ મુરૂ હાલે ઘાટકોપર, સ્વ. બચુબેન ધનજી વાલજી ઠક્કર (ઘુંઘટ)ના પુત્ર પ્રકાશના ધર્મપત્ની અ. સૌ. નિહારીકાબેન (ઉં.વ. ૬૦) તે સ્વ. ચંપાબેન હેમરાજ ગોવિંદજી ઠક્કર (ગણગણાત્રા)ના પુત્રી. સૌ. નિયતી સોમીલ ભાટીયાના માતા. દક્ષા નવીન ઠક્કર, પ્રીતિ વિજય ઠક્કરના દેરાણી. સ્વ. મંજુલા જેઠમલ દનાણી, સ્વ. ગીતા જગદીશ ચંદેના ભાભી તા. ૨૭-૭-૨૫ રવિવારના શ્રીરામશરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૭-૨૫ને બુધવાર ૫ થી ૭. લાયન્સ કોમ્યુનિટી હોલ, પ્લોટ નં. ઇ-૯૩, ગારોડીયાનગર, ઘાટકોપર (ઇસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ**

મૂળ કુકસવાડાના, હાલ મુંબઈ, ગં.સ્વ. જનકબેન જનસુખલાલ જાદવજી વ્યાસ (ઉં.વ. ૯૩) તા. ૨૭ જુલાઈના રવિવારે કૈલાસવાસી થયા છે. તે નરેન્દ્ર, કશ્યપ, મયુર તથા ઉમેશનાં માતા. અ. સૌ. ઉર્વશી, શોભના, રીટા, કલ્પના તથા સંધ્યા નરેશના સાસુ. જામનગરના સ્વ. સાકરબેન અને સ્વ. દોલતરામ દુર્લભજી જોષીના પુત્રી. અનસુયાબેનનાં જેઠાણી. નેહા જવાહર, કાદંબરી, હિરલ હાર્દિક, આશુતોષ, પાર્થ, કોયના ઉત્કલ દેસાઈ, ભૂમિકા ગુણરાજ સિંઘ, હિમાદ્રિ હર્ષ દેસાઈ, તન્વી રોનિલ મહેતા, જીગર, ભક્તિના દાદી. પ્રાર્થનાસભા તા. ૩૧ જુલાઈના ગુરુવારે ૪ થી ૬. ગોરક્ષ ધામ બી, કાસકેડ કમ્પાઉન્ડ, કુલુપવાડી, બોરીવલી પૂર્વ.

# પારસી મરણ

રોદા બેહરામજી લાહેર તે મરહુમ બેહેરામજીના ધનિયાની. તે મરહુમો ગુલબાનુ નરીમાન કાપડીયાના દીકરી. તે મરહુમો તેહમીના દોસાભાઇ લાહેરના વહુ. તે વીરા ને ઝુબીનના માતાજી. તે સોહરાબ ને માહારૂખના સાસુજી. તે મરહુમો મની ને દીનુના બહેન. (ઉં. વ. ૧૦૨), રે. ઠે. ૨૦૬, ફલાઇ ઓવર એપાર્ટમેન્ટ, તેલી ગલી, અંધેરી (ઇ), મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩૦-૭-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

અદી દીનશાજી પટેલ તે મરહુમ બાનુબઇ દીનશાજી પટેલના દીકરા. તે જરૂ, નરગીશ, ને નરીમાનના ભાઇ. તે ખુશરુ ને ફેદીના મામા. તે જેસમીન ને અદીલના કાકા. તે બોમી ને હીલ્લાના બનેવી. તે ખુરશીદના મામા સસરા. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૯/૧૧, તાતા કોલોની, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩૦-૭-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે કપાવાલા અગિયારીમાં છેજી.

પરસી મીનોચેર બીલીમોરીયા તે નાઝનીન ના ધની. તે મરહુમ હોમાય મીનોચેર બીલીમોરીયાના દીકરા. તે નેવીલ, પોરસ, ફીરૂઝાનના પપા. તે પાશાગ ને બીયનના માસા. તે યાસમીન તથા મરહુમ ફિરોઝ ભાથેના ના જમાઇ. (ઉં. વ. ૭૦) રે. ઠે. ૪૨/સી બ્લોક, ઉશા સદન, ૩૮ એન પારેખ માર્ગ, કોલાબા પોસ્ટ ઓફિસ બાજુમાં, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયા: તા. ૩૦-૭-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

અને ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડીયાના સ્વ. પદમશી છેડા (ઉં. વ. ૮૧) તા. ૨૬-૭-૨૫ના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. લીલાબેન મેઘજી પાલણના સુપુત્ર. ચંપાબેનના પતિ. દિલીપ, ધનવંતી, કિરિટના પિતાશ્રી. વિમળા, રંજન, પ્રવીણ ગડાના સસરા. સ્વ. પોપટ, સ્વ. પાનુના ભાઇ. લાકડીયાના લાખઇબેન મેઘજી થોભણના જમાઇ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩૧-૭-૨૫ના ૧૦થી ૧૧.૩૦. ઠે. યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મુલુંડ સ્વ. રંભાબેન નરોતમદાસ શેઠના સુપુત્ર ચંપકલાલ શેઠ (ઉં. વ. ૮૭) સોમવાર, તા. ૨૮-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રસીલાબેનના પતિ. સ્વ. હીરાભાઇ, સ્વ. શાંતિભાઇ, સવીતાબેન અને લીલીબેનના ભાઇ. કિરણ, કિર્તિદા અને જયેશના પિતા.જયશ્રી, સ્વાતિ અને નિલેશકુમારના સસરા. તે શ્વસુર પક્ષે હાથસણીવાળા નાનચંદ લાલચંદ દોશીના જમાઇ. બન્ને પક્ષની સાદડી તા. ૩૧-૭-૨૫ના ગુરુવારના ૩થી ૫. ઠે. ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, ડો. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કાંડાગરાના ઇંદીરા નેમજી ગાલા (ઉં.વ. ૭૬) તા. ૨૮-૭-૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી વેજબાઈ લાલજી દેવજીના પુત્રવધૂ. સ્વ. નેમજીના ધર્મપત્ની. જીજ્ઞા, ધીરેનના માતુશ્રી. વઢવાણના માયા ગૌરી ગોવર્ધનભાઈ પરમાર, મેરાઉના ઉમરબાઈ તેજશી ટોકરશીના સુપુત્રી. મેરાઉના લક્ષ્મીચંદ, સ્વ. રતીલાલ, હરખચંદ, પ્રવિણ, મહેશ, બાડાના લીલાવંતી અરવિંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધીરેન નેમજી ગાલા, એફ-૩૦૩, વિમલનાથ સોસાયટી, વાગડ નગર, રામદેવ પાર્ક, મીરા રોડ (ઈસ્ટ).

નવીનારના પ્રભાબેન (લખુ) શાંતીલાલ વોરા (ઉં.વ. ૭૯) તા. ૨૮-૭-૨૫ના દેવલોક પામ્યા છે. લક્ષ્મીબેન મોણશી શીવજી વોરાના પુત્રવધૂ. સ્વ. શાંતીલાલના પત્ની. સ્વ. ભાવેશ, સ્વ. હીરેન, હંસાના માતુશ્રી. પત્રીના નાનબાઇ મેઘજી ટોકરશીના પુત્રી. પ્રવિણ, સ્વ. દામજી, જેવન્તી, મધુ, રમેશના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.), ટા. ૨ થી ૩.૩૦. નિ. હંસાબેન રાંભીયા, જે/૧, દીના પાટીલ એસ્ટેટ, સ્ટેશન રોડ, ભાંડુપ (વે).

મોથારાના કલ્પના ધીરેન દેઢીઆ (ઉં.વ. ૫૨) ૨૭-૭ના અવસાન પામેલ છે. મંગળાબેન કુંવરજી રણશીના પુત્રવધૂ. ધીરેનના પત્ની. જૈનીના માતા. નરેડી સુંદરબેન પ્રેમજી દેવજીના પુત્રી. ખીમજી, મહેન્દ્ર, વીરચંદ, પુષ્પા, બીનાના બેન. પ્રાર્થના : શ્રી વ.સ્થા. જૈન સંઘ સંચાલિત કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦. નિ. કે.આર. દેઢીઆ, ૪૦૨, શીમરીંગ હાઇટસ, ભાગોજી કીર માર્ગ, માહીમ, મું.૧૬.

રામાણીયાના માતુશ્રી પાનબાઇ પ્રેમજી રાંભીયા (ઉં.વ. ૯૦) તા. ૨૮-૭-૨૫ના અવસાન પામેલ છે. પાંચીબાઇ નાગશી કોરશીના પુત્રવધૂ. પ્રેમજીભાઇના પત્ની. ભુપેન્દ્ર, રંજન, રાજેન્દ્રના માતા. કંકુબેન પાસુભાઇ વોરાના પુત્રી. હરખચંદ, રમણીક, અરવિંદ, મુલચંદ, રમેશ, દુર્ગાપુર વાસંતી વિનોદ દેઢીયા, ટોડા સરોજ નરેન્દ્ર ગાલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભુપેન્દ્ર રાંભીયા, એ-૨૦૪, ઓમ શ્રી સાઇ શ્રધ્ધા સોસાયટી, જીવદાની રોડ, વિરાર (ઇસ્ટ).

ભુજપુરના લક્ષ્મીબેન હીરજી શેઠિયા (ઉં.વ. ૯૨), તા. ૨૭-૭-૨૫ના મુંબઈમાં અવસાન પામેલ છે. નાનબાઈ દામજીના પુત્રવધૂ. સ્વ. હીરજીના પત્ની. ભરત, ઉત્તમ, સુનીલ, નુતન, તારાના માતા. મોંઘીબાઈ કુંવરજીના પુત્રી. કાંતિલાલ, કેશવજી, મણીલાલ, નવીન, અમૃત, રતન, લીલાવંતીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. સુનિલ શેઠિયા, ૭૦૪, સોનમ એપાર્ટમેન્ટ, લીંક રોડ, દહીંસર (વે).

વાંકી હાલે મુલુંડના શ્રીમતી ભાનુબેન હરખચંદ છેડા (ઉં.વ. ૭૧) તા. ૨૮-૭ના અવસાન પામ્યા છે. માતુશ્રી મેઘબાઇ ગાંગજી રવજીના પુત્રવધૂ. હરખચંદના ધર્મપત્ની. જયેશ, ઉમેશના માતુશ્રી. કસ્તુરબેન કાનજીના દિકરી. સ્વ. અરવિંદ, મણીલાલ, પંકજ (રાજુ)ના બહેન. ઠે. હરખચંદ છેડા, ડી-૧, કોનાર્ક, ઇન્દ્રપ્રસ્થ, સર્વોદયનગર, મુલુંડ (વેસ્ટ).

હાલાપુરના નિખિલ (ગુરુ) કાંતિલાલ મારૂ (ઉં.વ. ૪૦) તા. ૨૭-૭-૨૫ના અરિહંત શરણ પામેલ છે. બાંયાબાઈ રતનશીના પૌત્ર. સુશીલા કાંતિલાલના પુત્ર. સ્વ. જય, અમિતના ભાઈ. બારોઇ વિમળાબેન વલમજી ધનજીના દોહિત્ર. પ્રા. શ્રી માટુંગા ક.શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી, ૨જો માળે. ટા. ૪ થી ૫.૩૦. નિ. સુશીલા મારૂ, ૧૩૦૪, શ્રીરામ મ્હાડા બિલ્ડીંગ, એન.જી. બનસોડે માર્ગ, વરલી, મું. ૧૮.

મોથારા હાલે અલિબાગના બિપીન ભવાનજી દેઢિયા (ઉં.વ. ૬૧) તા. ૨૭-૭-૨૫ના દેહ પરિવર્તન કરેલ છે. કલાવતી (વેલબાઈ) ભવાનજી વાલજીના સુપુત્ર. પુષ્પાના પતિ. અક્ષય, રોહનના પિતા. દિપક, કિર્તીના ભાઈ. સણોસરા કેસરબેન રવજી નરશીના જમાઈ. પ્રા. શ્રી માટુંગા ક.મૂ.શ્વે. જૈન સંઘની નારાણજી શામજી વાડી, ટા. ૧.૩૦ થી ૩. નિ : બિપીન દેઢિયા, મહાવીર એજન્સી, વિદ્યાનગર, અલીબાગ, ૪૦૨૨૦૧.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# વ્યાજદર ઐતિહાસિક તળિયે: વરિષ્ઠ નાગરિકોને ઉપાધિ



લોકભાષામાં મોંઘવારી અને ફુગાવો એક જ અર્થમાં વપરાય છે. જોકે પાછલા કેટલાક દાયકામાં તેમાં અનેક પ્રકારના વિભાજન કરીને તેના વિવિધ પ્રકાર બનાવાયાં છે. જથ્થાબંધ ફુગાવો, રિટેલ ફુગાવો વગેરેમાં પેટા વિભાજનમાં ફૂડ ઇન્ફ્લેશન પાછું અલગ સેગમેન્ટ તરીકે ગોઠવવામાં આવે છે.

રિઝર્વ બેન્ક ફુગાવાના સ્તરને આધારે વ્યાજદર નક્કી કરતી હોય છે જેથી આમજનતાને રાહત મળી શકે. બેન્કિંગ નિયામક ફુગાવાના દરને અંકુશમાં રાખવા વિવિધ પગલાં લે છે અને જો તે તેના લક્ષ્યાંક મુજબ હોય તો જ વ્યાજદરમાં ફેરફાર કરે છે.

જોકે આપણે અહીં રિઝર્વ બેન્કની ઇન્ફ્લેશનની ગણતરી કે તેના રિપોઝિશન રેટ માટેના વિવિધ પરિબળો કે પછી સરકારી સ્તરે દેશની મધ્યસ્થ બેન્ક પર તેના ચાવીરૂપ દરોમાં ફેરફાર કરવા માટે થતાં દબાણ અથવા ખૂદ રિઝર્વ બેન્ક દ્વારા ફુગાવાને અંકુશિત રાખવા અને દેશની નાણાં પ્રણાલીને સંતુલિત કરવા માટે અજમાવાતી તરકીબો વિશે વાત નથી માંડવી!

આપણે રિઝર્વ બેન્કે તાજેતરમાં રિપોઝિશન રેટમાં કરેલા ઘટાડાના પ્રતિભાવમાં બેન્કોએ વ્યાજદરમાં કરેલા ફેરફારની વાત કરવી છે. સરકારી આંકડા અનુસાર તાજેતરમાં મોંઘવારીમાં ભારે ઘટાડો થયો છે અને તેને કારણે વ્યાજદરમાં ઘટાડો કરવો અનિવાર્ય છે. અહીં આપણે એ સવાલ જરૂર થાય કે આપણાં જાણવામાં તો કોઇ ચીજવસ્તુઓના ભાવમાં ધરખમ ઘટાડો થયો હોય એવું જણાતું નથી!

ખેર, ઇન્ફ્લેશન ડેટાને ધ્યાનમાં રાખીને રિઝર્વ બેન્કે રિપો રેટમાં કરેલા ઘટાડા બાદ ખાસ કરીને જાહેર ક્ષેત્રની બેન્કોના બચત અને થાપણ દરો ઐતિહાસિક નીચા સ્તરે પહોંચ્યા હોવાનું એક અભ્યાસમાં જાણવા મળ્યું છે.

સામાન્ય રીતે જ્યારે રિઝર્વ બેન્ક વ્યાજદરમાં ઘટાડો જાહેર કરે ત્યારે એવું જોવા મળે છે કે જાહેર ક્ષેત્રની બેન્કો થાપણ દરોમાં ત્વરીત અને ઝડપી ઘટાડો કરે છે, પરંતુ ધિરાણદરમાં એટલો જલદી ઘટાડો કરતી નથી!

આ સંદર્ભે આરબીઆઇના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને પીએસયુ બેન્કો માટે આકરી ટકોર કરી હતી. એ વખતે જ્યારે બેન્કોએ પ્રવાહિતાના અભાવની ફરીયાદ કરી હતી, ત્યારે રાજને જાહેર વકતવ્યમાં નોનસેન્સ શબ્દનો પ્રયોગ કરવો પડ્યો હતો. આરબીઆઇના ગવર્નરે આવો શબ્દ પ્રયોગ કર્યો હોય એવો કદાચ આ પહેલો અને એકમાત્ર કિસ્સો છે.

જોકે, આ વખતે કદાચ પહેલી વાર એવું જોવા મળ્યું છે કે, રિઝર્વ બેન્કે રિપોઝિશન રેટમાં કરેલા ઘટાડાનું ઝડપી ટ્રાન્સમિશન જોવા મળ્યું છે. જાહેર ક્ષેત્રની બેંકો દર ઘટાડવામાં ખાનગી ધિરાણકર્તાઓ કરતાં આગળ રહી હોવું દેશના બેન્કિંગ નિયામકે નોંધ્યું છે. આપણે જાણીએ છીએ કે મોટાભાગના નિવૃત્ત સિનિયર સિટિઝન્સ તેમના પ્રોવિડન્ટ ફંડના નાણાં અને અન્ય બચતોના વ્યાજ પર નભતા હોય છે.

વ્યાજદરના ઘટાડાથી આ વર્ગને માટે ભારે મુશ્કેલી ઊભી થઇ છે. આ ઉપરાંત આગળ જતાં વ્યાજદરમાં વધુ ઘટાડાની શક્યતા છે. આરબીઆઇના જુલાઈ બુલેટિનમાં પ્રકાશિત સ્ટેટ ઓફ ઇકોનોમી શીર્ષક હેઠળના લેખમાં જણાવાયું છે કે ૨૦૧૧માં નિયંત્રણમુક્તિ પછી, કેટલીક જાહેર ક્ષેત્રની બેન્કોના બચત અને થાપણ દર ઐતિહાસિક નીચા સ્તરે પ્રવર્તી રહ્યા છે.

મધ્યમ વર્ગના નોકરિયાત લોકો માટે પણ આ એક નવી મુશ્કેલી છે, કારણ કે તેઓ સહકારી અથવા ખાનગી ક્ષેત્રની બેન્કો પર ઓછો ભરોસો હોવાથી લોકો જાહેર ક્ષેત્રની બેન્કોમાં વધુ બચત અને થાપણ ધરાવે છે. હવે જો ઊંચા વ્યાજ માટે લોકો સહકારી અને ખાનગી બેન્કો તરફ પ્રયાણ કરે તો તેમનું જોખમ વધી જાય છે. જો આવી બેન્ક ઊઠી જાય તો પાંચ લાખ રૂપિયાથી વધુના નાણાં ગુમાવવાનો વારો આવે છે.

આરબીઆઇના એક લેખ અનુસાર, આ વર્ષે ફેબ્રુઆરીમાં શરૂ થયેલા વર્તમાન નીતિ દર હળવા કરવાના ચક્રમાં, જાહેર ક્ષેત્રની બેંકો (પીએસયુ)એ તેમના ધિરાણ અને થાપણ દરમાં, ખાનગી ક્ષેત્રની સમકક્ષ બેન્કોની સરખામણીએ વધુ તીવ્ર ઘટાડો કર્યો છે. આરબીઆઇ ઉપરોક્ત લેખમાં ફેબ્રુઆરી અને મે ૨૦૨૫ દરમિયાન નવી અને બાકી રહેલી રૂપિયાની લોન અને બેંકો દ્વારા સરેરાશ ધિરાણ અને થાપણ દરમાં ઘટાડા વિશે વાત કરે છે, જ્યારે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)ની છ સભ્યોની નાણાકીય નીતિ સમિતિ (એમપીસી) દ્વારા રેપો રેટમાં પચાસ બેસિસ પોઇન્ટ (પીબીએસ)નો ઘટાડો કરવામાં આવ્યો હતો.

ફેબ્રુઆરી અને મે ૨૦૨૫ દરમિયાન, પીએસયુએ તાજી અને બાકી રહેલી રૂપિયાની લોન બંને પર તેમના વેઇટેડ એવરેજ લેન્ડિંગ રેટમાં અનુક્રમે ૩૧ બેસિસ પોઇન્ટ અને ૧૭ બેસિસ પોઇન્ટ ઘટાડો કર્યો હતો. તેની તુલનામાં, ખાનગી બેંકોએ આ સમયગાળા દરમિયાન આ દરોમાં અનુક્રમે ૨૦ બેસિસ પોઇન્ટ અને ૧૫ બેસિસ પોઇન્ટ ઘટાડો કર્યો હોવાનું જણાવાયું છે. જોકે, સાથે આરબીઆઇએ એ પણ નોંધ્યું છે કે, વિદેશી બેંકો દ્વારા નવી અને બાકી રહેલી રૂપિયાની લોન પર વેઇટેડે એવરેજ લેન્ડિંગ રેટમાં વિચારણા હેઠળના ચાર મહિના દરમિયાન અનુક્રમે ૪૯ બેસિસ પોઇન્ટ અને બાવન બેસિસ પોઇન્ટ ઘટાડો થયો હતો.

થાપણ દરોની બાબતે, જાહેર ક્ષેત્ર અને ખાનગી ધિરાણકર્તાઓ બંને માટે નવી થાપણો માટે ડોમેસ્ટિક એવરેજ ટર્મ ડિપોઝિટ રેટમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. નવી થાપણો પર, જાહેર ક્ષેત્રની બેંકોએ તેમના વ્યાજ દરમાં ૪૭ બેસિસ પોઇન્ટનો ઘટાડો કર્યો, જ્યારે ખાનગી બેંકોએ તેમના દરમાં ૪૧ બેસિસ પોઇન્ટનો ઘટાડો કર્યો. જોકે, સરકારી બેંકોએ બાકી થાપણો પરના તેમના ડોમેસ્ટિક એવરેજ ટર્મ ડિપોઝિટ રેટમાં ત્રણ બેસિસ પોઇન્ટનો ઘટાડો કર્યો, જ્યારે ખાનગી ધિરાણકર્તાઓએ પાંચ બેસિસ પોઇન્ટનો વધારો કર્યો હતો.

આરબીઆઈની નાણાકીય નીતિ સમિતિ (એમપીસી)એ ફેબ્રુઆરી-જૂન ૨૦૨૫ વચ્ચે તેના મુખ્ય નીતિ દર, રેપો રેટમાં ૧૦૦ બેસિસ પોઇન્ટનો ઘટાડો કર્યો છે. ફેબ્રુઆરી અને એપ્રિલની નાણાકીય નીતિ બેઠકોમાં રેપો રેટમાં ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો અને જૂનની નીતિ બેઠકમાં ૫૦ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. રેપો રેટ હાલમાં ૫.૫ ટકા છે. આરબીઆઈના લેખ મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૫થી પોલિસી રેપો રેટમાં ૧૦૦ બેસિસ પોઇન્ટના ઘટાડાના જવાબમાં, બેંકોએ તેમના રેપો-લિંક્ડ બાહ્ય બેન્ચમાર્ક આધારિત ધિરાણ દરોને સમાન માર્જિનથી અને માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ્સ-આધારિત ધિરાણ દરમાં ૧૦ બેસિસ પોઇન્ટનો ઘટાડો કર્યો છે.

પરિણામે, ફેબ્રુઆરી-મે ૨૦૨૫ દરમિયાન, શિડ્યુલ્ડ કમર્શિયલ બેંકોની નવી અને બાકી રહેલી રૂપિયાની લોન પરના ભારિત સરેરાશ ધિરાણ દરમાં અનુક્રમે ૨૬ બાત (સ્થાનિક બેંકો માટે ૨૪ બીપીએસ) અને ૧૮ બીપીએસ (સ્થાનિક બેંકો માટે ૧૬ બીપીએસ)નો ઘટાડો થયો હોવાનું આરબીઆઇએ જણાવાયું છે.

ફેબ્રુઆરી અને મે ૨૦૨૫ દરમિયાન રેપો રેટમાં પચાસ બાતનો ઘટાડો થયો હોવા છતાં, ક્રેડિટ વૃદ્ધિ મંદ રહી છે. મે ૨૦૨૫ ના અંતે, નોન-ફૂડ બેંક ક્રેડિટમાં વૃદ્ધિ ઘટીને ૯.૮ ટકા થઈ ગઈ, જે ફેબ્રુઆરી ૨૦૨૫ માં ૧૨ ટકા હતી. લેખમાં જણાવાયું છે કે એપ્રિલ ૨૦૨૫ની તુલનામાં મે ૨૦૨૫ દરમિયાન તમામ ક્ષેત્રોમાં ક્રેડિટ ફ્લો વાર્ષિક ધોરણે મધ્યમ રહ્યો છે. આ તમામ આંકડા એવો નિર્દેશ કરે છે કે હવે જો નાણાં કમાવા હોય તો શેરબજારના સટ્ટા સિવાય તમારી પાસે ભવિષ્યમાં કોઇ વિકલ્પ નહીં બચે! ■

મગજ મંથન_વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# સફળતાની સીડીનાં ત્રણ પગથિયાં: પ્રેરણા-પ્રોત્સાહન ને પ્રયાસ




જીવનમાં સફળતા મેળવવા માટે ઘણા ઘટકો જવાબદાર હોય છે, તેમાં પણ એમાં આ ત્રણ મહત્ત્વનાં છે: પ્રેરણા (Inspiration), પ્રોત્સાહન (Encouragement) અને પ્રયાસ (Effort).

આ ત્રણે શબ્દો જેટલા સરળ લાગે છે તેટલાં જીવનના ઊંડાણમાં જઈને સફળતા તરફ દોરી જાય છે. આ ત્રણેય ગુણ કોઈ પણ વ્યક્તિના વ્યક્તિત્વને ઘડવામાં અને તેના જીવનને નવી દિશા આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### ▸ પ્રેરણા

પ્રેરણા એ એક એવી અંદરથી ઊગતી શક્તિ છે, જે કોઈ વ્યક્તિને ઊર્જાથી ભરપૂર બનાવી દે છે. જ્યારે કોઈ વ્યક્તિ જીવનમાં કંઈક મોટું કરવાનું વિચારે છે ત્યારે તેનું મૂળ બિંદુ હોય છે એને મળેલી પ્રેરણા.

આ પ્રેરણા ગ્રંથો વાંચવાથી, મહાન વ્યક્તિઓની આત્મકથા દ્વારા, ગુરુઓના ઉપદેશથી, કે જીવનમાં સંઘર્ષ કરતી વ્યક્તિઓને જોઈને પણ મળી શકે છે. ઉદાહરણ તરીકે, મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં પ્રિટોરિયા જતા હતા ત્યારે એમની પાસે પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં રેલવેના ટીટી એમને ધક્કો મારીને નીચે ઉતારી દે છે.સામાન ફેંકી દે છે.

આ ગોરા- કાળાના ભેદની ઘટના પછી ગાંધીજી ત્યારે જ મનોમન પ્રતિજ્ઞા કરે છે કે આ અન્યાય થતો અટકાવવા જરૂર મથામણ કરીશ. આ કાળા કાયદા સામે હું બંડ પોકારીશ.આ ઘટનામાંથી ગાંધીજીએ અંગ્રેજો સામે લડવાની પ્રેરણા મેળવી. એ પ્રેરણાએ જ એમને સમગ્ર દેશના નેતા બનાવી દીધા.

તેવી જ રીતે ડો. એ.પી.જે.અબ્દુલ કલામ પોતાના ગુરુ સુબ્રમણ્યમ ઐયર પાસેથી મળેલી પ્રેરણાથી વિજ્ઞાન ક્ષેત્રે એરોનોટિકલ એન્જિનિયર બન્યા.આગળ જઈને દેશના રાષ્ટ્રપતિ પણ બન્યા.

સ્વામી વિવેકાનંદ બાળપણમાં જ્યારે રામકૃષ્ણ પરમહંસને મળ્યા ત્યારે એમની નિષ્કપટ ભક્તિ, જ્ઞાન અને સાધનાને જોઈને એમણે ધાર્યું કે, ‘મારું જીવન પણ સમાજ સેવા અને આત્મજ્ઞાન માટે સમર્પિત કરવું છે.’ અંદરથી મળેલી આ પ્રેરણાએ વિવેકાનંદને એટલી ઊંચાઈએ પહોંચાડ્યા કે એ સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિના આગવા પ્રતિનિધિ બની ગયા.૧૮૯૩ની શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં તેઓના ભાષણમાંથી પૂરી દુનિયાએ ભારતીય ચિંતનનું મહાત્મ્ય જાણ્યું.

પ્રેરણા એ આંતરિક ચેતનાનું સૂત્ર છે. તે કોઈને કહ્યા વિના વ્યક્તિને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરી શકે છે, પણ માત્ર પ્રેરણા પર્યાપ્ત નથી, તે આગળ જવા માટે દિશા સૂચક માઈલ સ્ટોન છે, માર્ગ નહીં!

### ▸ પ્રોત્સાહન - આત્મવિશ્વાસનો આધારસ્તંભ

પ્રેરણા જેટલી આંતરિક હોય છે તેટલું જ પ્રોત્સાહન બાહ્ય હોય છે. પ્રોત્સાહન આપણે પરિવારજનો, મિત્રો, શિક્ષકો કે સમાજ તરફથી પ્રાપ્ત કરીએ છીએ. જ્યારે કોઈ યુવાન કે બાળક મોટું સપનું જોવે છે, ત્યારે એના માતા-પિતા, શિક્ષકો અથવા મિત્રોએ એને માર્ગદર્શન આપવું પડે છે, ઊંડા ખાડામાં પડતાં પહેલા ચેતવવું પડે છે. એ હેતુ પૂરતું મળતું પ્રોત્સાહન એ બાળકને મજબૂત બનાવે છે. માણસ કઈક નવું શરૂ કરે ત્યારે પહેલા તબક્કે ઘણા પ્રશ્નો, ડર અને શંકાઓ હોય છે. તે સમયે કોઈ એક સાચો શબ્દ કે વાક્ય - ‘તમે કરી શકો છો!’ ‘આપનો પ્રયાસ સરાહનીય છે!’ ‘હું છું ને તમારી સાથે!- વ્યક્તિના આત્મવિશ્વાસને મજબૂત બનાવી શકે છે. પ્રોત્સાહન એ તોફાનમાં હાલક ડોલક થતી નૌકાનાં લંગર સમાન છે. શાબાશી આપતો કોઈ એક હાથ વ્યક્તિને નવી ઊંચાઈ સુધી લઈ જઈ શકે છે. ઘણી વખત કશું ન કરી શકનાર લોકો પણ માત્ર બીજાએ આપેલા પ્રોત્સાહનથી પહાડ પાર કરી શકે છે.

હેલેન કેલર જન્મના થોડા સમય બાદ અંધ અને બહેરાં બની ગયાં હતાં.તેમ છતાં એમની શિક્ષિકા એન સાલિવનના સતત પ્રોત્સાહન,સહાનુભૂતિ અને દ્રઢતાથી હેલેન કેલરે વિજ્ઞાનમાં ડિગ્રી મેળવી, પુસ્તકો લખ્યાં અને દલિતો માટે કામ કર્યું. જો એન સાલિવનએ હેલેનમાં આશા ન જન્માવી હોત કે આશીર્વાદ ન આપ્યા હોત તો કદાચ હેલેન કેલરને આખું જીવન સંકેતો વિના જીવવું પડ્યું હોત. પ્રોત્સાહનના આ એક સંઘર્ષમય ઉદાહરણ દ્વારા આપણે સમજી શકીએ કે પ્રોત્સાહનના શબ્દો જીવન બદલી શકે છે.

### ▸ પ્રયાસ

કોઈ પણ પ્રકારની પ્રેરણા કે પ્રોત્સાહન વ્યર્થ છે, જો વ્યક્તિ તે દિશામાં પ્રયત્ન ન કરે તો...! જીવનમાં સફળતા મેળવવી હોય તો પ્રયત્નો અનિવાર્ય છે. પ્રયત્ન એ સતત શ્રમ છે. એક દિવસનો નહીં, પણ સતત પ્રયત્ન.ઘણાં મહાન વૈજ્ઞાનિકો, સર્જકો કે ઉદ્યોગપતિઓનું જીવન જોઈએ તો તેઓ અનેક નિષ્ફળતાઓ પછી પણ સતત પ્રયત્નશીલ રહ્યા છે.

થોમસ એડિસન આલ્વા વીજળીનો બલ્બ શોધવા માટે એક હજાર વખત નિષ્ફળ રહ્યા હતા, છતાંય ક્યારેય હાર માની નહોતી. એ કહેતા : ‘I have not failed 1000 times,I have successfully discovered 1000 ways that do not work.’

એમના અવિરત પ્રયાસને લીધે આજે આખું વિશ્વ પ્રકાશિત છે. એડિસનનું જીવન આપણને શીખવે છે કે, ‘સંનિષ્ઠ પ્રયાસો આગળ કોઈ અવરોધ ટકી શકતો નથી.’

પ્રયાસ એક એવું શક્તિશાળી યંત્ર છે, જેના વગર સફળતાનો દરવાજો ખૂલતો નથી. પ્રયત્ન વગર આપણું એક પગલું પણ આગળ વધતું નથી. માત્ર વિચારવાથી કશું થતું નથી, તેને હકીકતમાં બદલવા માટે પગ ઉપાડવા પડે.

આમ, પ્રોત્સાહન એ પાંખો છે અને પ્રયત્ન એ પાયા છે. જો માત્ર પ્રેરણા હોય અને પ્રયત્ન ન હોય તો વિચાર અધૂરો રહે. જો પ્રયત્ન હોય પણ કોઈનો ટેકો કે પ્રોત્સાહન ન હોય તો માર્ગ કાપવો આકરો બને. અને જો પ્રયત્ન હોય પણ અંદરથી ચેતના જ જાગે નહીં તો સફર નિર્જીવ લાગે.

આ રીતે ત્રણેય ગુણ મળીને વ્યક્તિના જીવનમાં સફળતાનું એક દ્રઢ ત્રિકોણ રચાય છે. જે વ્યક્તિને સચોટ દિશા આપે છે અને જીવનમાં કોઈ પણ ચીજને પ્રાપ્ત કરવાની શક્તિ આપે છે.


જે વ્યક્તિએ આ ત્રણેય તત્ત્વને સમજી લીધાં છે અને જીવનમાં ઉતારી લીધાં છે, એ વ્યક્તિ કોઈ પણ બંધનો તોડી શકે છે, કોઈ પણ સપનાને સાકાર કરી શકે છે. ■

આ તો સ્કેમ છે...

સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# નહેરુના અવસાનથી એમના અચ્છે દિન પૂરા થયા!


જવાહરલાલ નહેરુ – ડૉ. જયંતી ધર્મા

ડૉ. જયંતી ધર્મા તેમના લોન કૌભાંડ સમયની રાજકીય વિચારધારા અલપઝલપ જાણીએ તો આગળ વધુ મજા આવશે, વધારે સમજ પડશે. સ્વતંત્રતા બાદ સમાજવાદની પીપુડી ભારે અવાજે વાગતી- સંભળાતી હતી. સમાજવાદ છતાં પ્રગતિ, વિકાસ, આર્થિક સમૃદ્ધિ તો જોઇએ જ. એ સમયના વડા પ્રધાન જવાહરલાલ નહેરુ મોટા ઉદ્યોગપતિઓને હાથ છેટા રાખતા હતાં પણ એમાં અપવાદ હતા. આમાં જયંતી ધર્મા તેજા એકદમ અલગ, હટકે સાબિત થવાના હતા.

નહેરુ સમક્ષ ડૉ. તેજા અલગ જ આભા ઊભી કરી શકયા હતા. એકદમ વિદ્વાન, તેજસ્વી અને સફળ ઉદ્યોગપતિ તરીકે ઉપસી આવ્યા. નહેરુ આવા જ નાગરિકોવાળા રાષ્ટ્રનું સપનું જોતા હતા. આવામાં ડૉ. તેજા વડા પ્રધાનને મળ્યા અને રાષ્ટ્રીય જહાજી સામ્રાજ્ય ઊભું કરવાની યોજના કરી. નહેરુને આમાં ખૂબ રસ પડયો. કદાચ એ સ્વાભાવિક પણ હતું. કારણકે વહાણવટામાં ભારત ભૂતકાળમાં ઘણી નામના રળી ચૂકયું હતું. બન્નેની ઇચ્છા દરિયા પર તરીને સફળતાના આકાશને આંબવાની હતી.

અને સરકાર કે ખુદ વડા પ્રધાન સાથે હોય તો પછી શું ન થઇ શકે? હવે ડૉ. તેજાએ માત્ર નામ બોલવાનું હતું. એ ચીજ હાજર કરી દેવા સરકાર અને નોકરશાહી તત્પર હતા. આ માટે ભારતીય નાણાકીય સંસ્થાઓ તેજાને આર્થિક સહાય એટલે કે લોન આપવા કમરેથી બેવડ વળી જતી હતી એમ અતિશયોક્તિના જોખમ છતાં કહી શકાય. નાણાકીય સંસ્થા અને બૅન્ક પાસેથી મળેલી કરોડોની લોનનું ડૉ. તેજાએ શું કર્યું.

એ જાણતા અગાઉ જયંતી તેજા વિશે ફેલાવાયેલી વાતો જાણવી વધુ રસપ્રદ થઇ પડશે. આજે તો ક્રોની કેપિટાલિઝમની નવાઇ નથી પણ ભારતમાં એની શરૂઆત ડૉ. તેજાએ કરી એમ કહી શકાય. ક્રોની કેપિટાલિઝમ એટલે મુક્ત બજારમાં સ્પર્ધા થકી નહીં પણ રાજકીય માંધાતા કે ઉચ્ચ અમલદારો સાથે નિકટના સંબંધનો લાભ લઇને ફાયદો ઉઠાવવો. આવા ક્રોની કેપિટાલિસ્ટ વિશે કહેવાતું હતું કે એનો જન્મ થયો ત્યારે ગાંધીજી એના ઘરે હતા, મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઇન્સ્ટાઇન એના લેકચર સાંભળવા આવતા હતા, સુભાષચંદ્ર બોઝ, જયપ્રકાશ નારાયણ અને નહેરુને એને ઘરે આવરોજાવરો હતો. આ માણસ ૧૯૬૦ના દાયકામાં અમેરિકાથી ભારત આવ્યો અને વેપારી બની ગયો. તેણે જાહેર જનતાના પૈસાથી ધંધો કર્યો, સફળ થયો અને એ જ રકમ ગુપચાવી દીધી. ભારત આવવા માટેના કારણમાં તેણે કહ્યું હતું કે કમાણી તો બહુ કરી પણ હવે દેશ માટે કંઇક કરવું છે.

પોતાના સંપર્ક થકી વડાપ્રધાનના નિવાસસ્થાન તીન મૂર્તિ ભવનમાં પ્રવેશ મેળવી લીધો, નહેરુને અત્યંત પ્રભાવિત કર્યાં. પત્રકાર દાનિશ અને રુહી ખાનના પુસ્તક ‘એસ્કેપ્ડ ટ્રુ સ્ટોરીઝ ઑફ ઇન્ડિયન ફયુજીટીવ ઇન લંડન’ મુજબ તો નહેરુએ જ બે વિકલ્પ આપ્યા હતા : લોખંડનો ઉદ્યોગ સ્થાપો કાં વહાણવટાનો. અને જયંતીએ શિપિંગ પર પસંદગીનો કળશ ઢોળ્યો. પછી જયંતીને સામેથી સૂચન મળ્યું તમે શિપિંગ ડેવલપમેન્ટ ફંડમાં લોનની અરજી આપી દો. આનાથી તમને માલવાહક જહાજ અને ઓઇલ ટેન્કરની ખરીદી માટે થોડું ઘણું ભંડોળ મળી જશે.

અને ડૉ. જયંતી ધર્મા તેજાએ એવું અક્ષરશ: પાલન કર્યું અને આ ‘થોડું ઘણું’ ભંડોળ કેટલું હતું? રૂ. વીસ કરોડ અને એ પણ ૧૯૬૦ના દાયકામાં. આમાંથી જયંતી શિપિંગ કોર્પોરેશનની સ્થાપના થઈ. જાપાનની એક કંપની સાથે કરાર થયા. જોતજોતામાં તેમની કંપની પાસે ૨૬ જહાજોનો કાફલો આવી ગયો. માનો યા ના માનો પણ દેશમાં ૪૦ ટકા માલસામાનની આયાત-નિકાસ તેમના જહાજો દ્વારા થવા માંડી. સરકારી ભંડોળથી કંપની ઊભી થઇ, જહાજો તરતા થયા અને કામકાજ પણ મળવા માંડયું. આનાથી વધુ લક્ષ્મીકૃપા બીજી શું હોઇ શકે.

દેશભરમાં ડૉ. જયંતી ધર્મા તેજાનું નામ થવા માંડયું. સફળતાની સાથે સાથે ટીકાકારો પણ ઊગી નીકળ્યા. આ સફળતા, અસાધારણ, અકલ્પ્ય હતી.

એમાંય નહેરુના રાજકીય વિરોધીઓને તો જાણે ગોળનું મોટુ ગાડું મળી ગયું હતું. ટીકા ગાજવા માંડી કે તેજાને તો સરકારી પીઠબળ છે. સરકારની પગચંપી કરવાથી નિયમોના ખુલ્લેઆમ ઉલ્લંઘન છતાં તેજાનો વાળ વાંક થતો નથી.

અતિની ગતિ કયારેક, કયાંક તો રોકાય જ ને? અને ૧૯૬૪માં જવાહરલાલ નહેરુના અવસાન બાદ ડૉ. જયંતી ધર્મા તેજા પરની બધી કૃપા ખતમ થવા માંડી. એમાંય નવા વડા પ્રધાન લાલ બહાદુર આવ્યા બાદ તેજા પર ટીકાસ્ત્રોનો મારો એકદમ વધી ગયો, બેફામ થઇ ગયો. એના એક-એક, નવા-જૂના પગલાં પર બિલોરી કાચથી બાજ નજર રખાવા માંડી. કહો કે અચ્છે દિન પૂરા થવા માંડયા. (ક્રમશ)■

और ये मौसम हंसीं...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

## નાસદીય સૂત્રઃ
# સનાતન ધર્મની વૈજ્ઞાનિક વિચારધારા

વ્યસ્ત જીવનમાં આકાશના તારાઓ જોવાનું ભૂલી ગયા છીએ. ક્યારેક જંગલમાં ફરવા જઈએ ત્યારે અથવા રાત્રે ગાડીમાં પંક્ચર પડે ત્યારે અંધારાનો લુફ્ત માણીએ છીએ. આમ તો અંધારિયા આકાશનું દર્શન રોજ કરવું જોઈએ , પણ શહેરના વાતાવરણમાં આપણે તેનાથી દૂર થઇ ગયા છીએ. આપણે રાત્રે આકાશમાં તારાઓ તરફ જોઈએ છીએ ત્યારે કેટલાક પ્રશ્નો ઉદ્ભવતા હોય છે. આપણે કહેતા પણ હોઈએ છીએ કે 'આવડા મોટા બ્રહ્માંડમાં આપણું અસ્તિત્વ કેટલું સૂક્ષ્મ છે...' થી શરૂ કરીને 'આ જગત આ બ્રહ્માંડની શરૂઆત કેવી રીતે થઈ હશે' જેવા જાતજાતના સવાલ પર અટકી જઈએ છીએ.



બ્રહ્માંડનાં રહસ્યોની શોધમાં હજારો વર્ષો પહેલાં ઋષિઓએ ઋગ્વેદના ૧૦મા મંડળના ૧૨૯મા સૂક્તમાં લખ્યું છે, જેને 'નાસદીય સૂક્ત' તરીકે ઓળખવામાં આવે છે. એક એવું ગીત રચ્યું જેના નાદ એટલે કે ધ્વનિ થકી બ્રહ્માંડના મૂળને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સૂક્ત શ્યામ બેનેગલની પ્રખ્યાત ટીવી શ્રેણી 'ભારત એક ખોજ'ના શરૂઆતના શ્લોક તરીકે લોકપ્રિય બન્યું હતું. આ નાદકીય ઉચ્ચારણે લાખો દર્શકોના મનમાં બ્રહ્માંડની શોધ અને આધ્યાત્મિક ચિંતનની જ્યોત પ્રગટાવી હતી.

નાસદીય સૂક્તનું નામ '**નાસદાસીત્**' અર્થાત 'ન તો અસ્તિત્વ હતું' શબ્દ પરથી આવે છે. આ સૂક્તના સાત શ્લોક બ્રહ્માંડની શરૂઆતના પ્રશ્નોને એક રહસ્યવાદી ધ્વનિમાં રજૂ કરે છે. સરળ શબ્દોમાં આપણા મનમાં ઉદ્ભવતા પ્રશ્નો પૂછે છે : 'જ્યારે બ્રહ્માંડ નહોતું, ત્યારે શું હતું? ન તો આકાશ હતું, ન ધરતી, ન દિવસ, ન રાત. કદાચ ઊંડું અંધકાર હતું, પણ તેને કોણે ઢાંક્યું હતું એ કોણ જાણે છે?' આ સૂક્તનો છેલ્લો શ્લોક તો એટલો ગહન છે કે તે કહે છેઃ 'જે આ બધું જુએ છે, કદાચ તે ઈશ્વર પણ નથી જાણતો'

આ સૂક્તનું નાદકીય સ્વરૂપની વિશેષતા છે. જ્યારે આ શ્લોકો ગાવામાં આવે છે, ત્યારે તેની ધ્વનિ મનને શાંત કરે છે અને બ્રહ્માંડના કંપનો સાથે જોડે છે. ભારતીય પરંપરામાં નાદને 'નાદ-બ્રહ્મ' ગણવામાં આવે છે. આપણે ત્યાં ધ્વનિને પણ ઈશ્વરનું સ્વરૂપ ગણવામાં આવ્યું છે. જવાહરલાલ નહેરુના પ્રસિદ્ધ પુસ્તક 'ડિસ્કવરી ઓફ ઇન્ડિયા' પર આધારિત શ્યામ બેનેગલની સિરિયલ 'ભારત એક ખોજ'ની શરૂઆતમાં આ સૂક્તના શ્લોકોનું ગાયન દર્શકોને ભારતની વૈદિક પરંપરા સાથે જોડતું હતું જે આજે પણ એ સાંભળવું ગમે છે.

નાસદીય સૂક્ત આધ્યાત્મિક અર્થમાં ગહન સંદેશ શીખવે છે કે બ્રહ્માંડનાં રહસ્યોને સમજવા માટે આપણે ગાઢ ચિંતન કરવું જોઈએ. તેનો મુખ્ય વિચાર છે 'અજ્ઞેયવાદ' તરફ એટલે કે બધું જાણવું શક્ય નથી એ વાતને સમજવી પડશે.

'મને બધું આવડે છે અને અમે બધું જાણીએ છીએ' એ દંભ પર આ સૂક્ત પ્રશ્ન પૂછે છે. વૈદિક ધર્મનું મુખ્ય પુસ્તક લખે છે કે હજી ઘણાં રહસ્યોના તાગ શોધવાના બાકી છે અને તે માટે પ્રશ્નો પૂછવાની વૈદિક પરંપરા અને શોધ ચાલુ રાખવી જરૂરી છે.

નાસદીય સૂક્ત માણસજાતને પ્રશ્ન પૂછે છે કે '...આ સત્ય છે કે અસત્ય એ નક્કી કરવાવાળો તું કોણ છે? તું જે જાણે છે એ જ સત્ય છે એ ભ્રમમાંથી બહાર નીકળવાની જરૂર છે...'

યુધિષ્ઠિર સ્વર્ગના દરવાજા પર પહોંચ્યા પછી સ્વાગત માટે દુર્યોધનને જોયો. યુધિષ્ઠિર નારાજ થઈને ભગવાનને સવાલ પૂછ્યો હતો કે 'દુર્યોધન જેવી વ્યક્તિ સ્વર્ગમાં શું કરે છે?' ભગવાને જવાબ આપ્યો હતો કે 'સ્વર્ગમાં કોને સ્થાન આપવું કે ના આપવું એ ય તું નક્કી કરીશ?!' માણસજાતને જો ભગવાન મળી આવે તો એ ભગવાનને પણ ન્યાય કેવી રીતે કરવો જોઈએ એનું જ્ઞાન આપે. સૂક્ત શીખવે છે કે બધું જાણવું શક્ય હોતું નથી તેથી આપણે જીવનમાં નમ્ર રહેવું જોઈએ.

નાસદીય સૂક્ત ભારતીય પરંપરામાં એક વિચાર એવા દ્વૈતતાને નકારે છે, જેમાં અસ્તિત્વ-અનસ્તિત્વ, મૃત્યુ-અમરત્વ, રાત-દિવસ વિશે કદાચ કોઈને ખબર નથી. તે એક ( **तदेकं** ) ને બ્રહ્માંડની એકમાત્ર શક્તિ તરીકે દર્શાવે છે, જે અદ્વૈત વેદાંતના ખ્યાલ સાથે સાંકળે છે. આપણે દ્વૈતતાની ભ્રમણામાંથી બહાર નીકળીને એકત્વની દૃષ્ટિ અપનાવવી જોઈએ. આ વાતને સરળતાથી સમજવાની કોશિશ કરીએ....

નાસદીય સૂક્તના મુજબ જગતનું ન અસ્તિત્વ હતું કે ન અનસ્તિત્વ હતું. શૂન્યતા, અંધકાર અને સૃષ્ટિની શરૂઆતનાં રહસ્યોને ભગવાન વિષ્ણુની કથામાં સરસ રીતે સમજાવવામાં આવ્યું છે. ભગવાન વિષ્ણુને નારાયણસ્વરૂપે અનંત શેષનાગ પર ક્ષીરસાગરમાં શયન કરે છે. સૃષ્ટિની શરૂઆત પહેલાં વિષ્ણુ શૂન્યની વિશાળતામાં શયન કરતા હતા. એમના નાભિકમળમાંથી બ્રહ્મા પ્રગટ થયા, જેમણે સૃષ્ટિનું નિર્માણ કર્યું. આ કથામાં નાસદીય સૂક્તના રહસ્યવાદી પ્રશ્ન કિમાવરીવઃ અર્થાત શું ઢાંકી રાખ્યું હતું?ને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નાસદીય સૂક્તમાં સૃષ્ટિ પહેલાંની શૂન્યતા અને અનંત જળનું વર્ણન છે.

શિવ પુરાણ અને અન્ય શૈવ ગ્રંથોમાં એવું વર્ણન છે કે સૃષ્ટિ પહેલાં શિવ એક શૂન્ય અવસ્થામાં હતા. શિવની શૂન્ય અવસ્થામાં ન તો સમય હતો, ન સ્થળ. શક્તિના સંયોગથી પ્રકૃતિ અને પુરુષનું સંતુલન થયું, જેમાંથી સૃષ્ટિનો ઉદ્ભવ થયો.

બૃહદારણ્યક ઉપનિષદમાં એક કથા છે કે સૃષ્ટિ પહેલાં એકમાત્ર આત્મા હતો. આ આત્મા એકલો હતો અને પોતાને બહુવિધ રૂપે પ્રગટ કરવા માગતો હતો. આ આત્માએ પોતાની ઇચ્છાશક્તિથી સૃષ્ટિનું નિર્માણ કર્યું. આ વાર્તા નાસદીય સૂક્તના કથન ઇચ્છા પ્રથમ પ્રગટ થઈ એ વિચાર વિષે આપણને વિચારતા કરી દે છે.

એક અર્થ એ પણ આપ્યો કે બ્રહ્માંડનું સર્જન ઈચ્છાથી થયું છે. છાંદોગ્ય ઉપનિષદમાં પણ કહે છે કે શરૂઆતમાં માત્ર સત જ હતું, જેમાંથી સમગ્ર સૃષ્ટિનો પ્રારંભ થયો.

નાસદીય સૂક્ત એ ફક્ત ઋગ્વેદનું એક ગીત નથી, પરંતુ તે બ્રહ્માંડની શોધ, આધ્યાત્મિક ચિંતન, અને સાંસારિક જીવનની પ્રેરણાનું પ્રતીક છે. આધુનિક યુગમાં આપણને પર્યાવરણ સાથે જોડીને મનની શાંતિ મેળવવા પ્રેરે છે. નાસદીય સૂક્ત એ એક એવું ગીત છે, જે હજારો વર્ષો પછી પણ આપણને બ્રહ્માંડનાં રહસ્યોની યાત્રામાં લઈ જાય છે. એક એવી યાત્રા કે જેના જવાબ શોધવા આજના પણ આધુનિક વિજ્ઞાન માટે અશક્ય લાગે છે. ■

**ધ એન્ડઃ**

*'આ સૃષ્ટિ ક્યાંથી ઉદ્ભવી? કેવી રીતે એની રચના થઈ?' આના જવાબ ઉચ્ચ આકાશમાં રહેતા બ્રહ્માંડના નિરીક્ષક જાણે છે અથવા કદાચ એ પણ નથી જાણતા!*

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# (દોઢ) ડાહ્યા બુદ્ધિજીવીઓ ને દેશની સમસ્યાઓ...



બુદ્ધિજીવીઓની જન્મજાત ફરજ છે કે દેશની કોઇપણ સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે જ કરે. નેતાઓ પોતે તો સમસ્યાઓનો ઉકેલ લાવતા નથી ને આપણે માથે જવાબદારી મૂકી દે છે. સવાલ એ છે કે દેશમાં ખરા બુદ્ધિજીવી છે કોણ?

જવાબ એ છે કે હું છું, તમે છો, આપણે બધાં છીએ. જ્યારે નેતાઓ બુદ્ધિજીવી હોય શકે તો આપણે પણ કેમ નહીં? જ્યારે એ લોકો પોતાને નેતા કહેવામાં શરમાતા નથી તો આપણે પોતાને બુદ્ધિજીવી કહેવામાં શાને શરમાવાનું?

જોકે, આ દેશમાં સમસ્યાઓ ઘણી છે ને સરખામણીમાં બુદ્ધિજીવીઓ બહુ ઓછા છે અથવા એમ પણ હોય કે જેને આપણે સમસ્યા માનીએ છીએ, નેતાઓ એને સમસ્યા જ ન માનતા હોય!

-તો મેં વિચાર્યું કે ચાલો, નેતાને જ પૂછીએ કે દેશની સમસ્યાઓ છે શું વળી?

મેં એક નેતાને પૂછ્યું, 'સાહેબ, તમારા મતે સૌથી મોટી સમસ્યા શું છે?'

'સૌથી મોટી સમસ્યા એ કે તમે જ્યાંથી એકવાર ચૂંટણી જીતો ત્યાંથી ફરીથી ચૂંટણી કઇ રીતે જીતવી?' એમણે કહ્યું,

'એક બુદ્ધિજીવી તરીકે, હું તમને કેવી રીતે મદદ કરી શકું?' મેં પૂછ્યું.

'એક બુદ્ધિજીવી તરીકે નહીં, પણ હા, એક ગુંડા તરીકે ચોક્કસ મદદ કરી શકો. નેતા હસ્યા

'ગુંડા બનવા માટે તો મારે નવો જન્મ લેવો પડશે.'

'તો પછી આવતા જન્મે જ આવજો. લોકશાહી અમર છે. ચૂંટણીઓ થતી જ રહેશે.'

અને આમ મારું પત્તું ત્યાં જ કપાઈ ગયું. આ નેતાઓની જે મુખ્ય સમસ્યા છે એમાં હું કોઈ મદદ કરી શકું એમ નથી.

મેં વિચાર્યું : ચાલો, કોઈ ઓફિસર સાથે વાત કરીએ. એક પોલીસવાળો હતો, પણ તમે નહીં માનો, તોયે એ ભરોસાપાત્ર હતો. નવાઈ ત્યારે લાગી જ્યારે એણે અક્કલની વાત કરી.

મેં એ ઓફિસરને પૂછ્યું, 'સાહેબ, પોલીસની વર્દીમાં તમે બુદ્ધિશાળી તો નથીને?'

એણે હસીને કહ્યું, 'જો હું બુદ્ધિશાળી હોત, તો આ નોકરી મને કોણે આપે? તમારી જેમ ચંપલ ઘસતો ફરતો હોત.'

મેં પૂછ્યું : 'તમારા મતે, અત્યારે રાષ્ટ્રની મુખ્ય સમસ્યા શું છે? અને એમાં અમે બુદ્ધિજીવીઓ શું મદદ કરી શકીએ?'

પોલીસે કહ્યું કે દેશની મુખ્ય સમસ્યા છે 'કાયદો ને વ્યવસ્થા'. બેશક, દેશમાં ગુનાઓ વધી ગયા છે. ગુનેગારોને સમજાતું નથી કે શું કરવું? હત્યા કરે, બેંક લૂંટે, અપહરણ કરે કે દુકાનમાં ઘૂસીને રોકડ લૂંટે? જુઓ, પોલીસ પાસે સમય નથી તો ગુનેગારો પાસે પણ સમય નથી. તમે જીવતા છો એનું એક કારણ એ છે કે હજી તમારી હત્યા નથી થઈ! હત્યા એટલા માટે નથી થઈ કારણ કે ખૂનીઓને બીજાને મારવામાંથી સમય નથી મળ્યો નહીં તો, આજે ખૂન થવામાં બહુ વાર નથી લાગતી!'

'તો તમે હત્યાઓ રોકવા માગો છો કે ખૂનીઓને પકડવા માગો છો?'

જે કારણોથી હત્યા થાય છે એનો પોલીસ ડિપાર્ટમેંટ સાથે કોઈ સંબંધ નથી. એ આર્થિક કારણોસર થાય છે એટલે આ નાણાં વિભાગનો મામલો છે. જો ખૂન માનસિક કારણોસર થાય છે તો મનોવિજ્ઞાનના શિક્ષણનો વિષય છે. જો રાજકીય કારણોસર થાય છે, તો તમે જાણો છો કે આપણે પોલીસકર્મીઓ રાજકીય બાબતોમાં પડતા જ નથી. હત્યા પછી ખાલી ખૂનીને પકડવાનું કામ અમારું. હવે મને કહો, બુદ્ધિજીવી તરીકે તમે આમાં શું ઉકાળી શકશો?

આમાં તો ખૂની, જેણે પોતે હત્યા કરી છે, એ ખુદ તમને મદદ કરી શકતો નથી, તો હું શું કરી શકું? મેં શરમાઇને કહ્યું.

આમ છતાં હાર્યા વિના એક બુદ્ધિજીવી તરીકે, રાષ્ટ્રની સમસ્યાઓ વિશે વિચારવું મારી ફરજ છે એટલે મેં વિચારવાનું શરૂ કર્યું. જોકે મને આ ક્ષેત્રમાં બિલકુલ અનુભવ નથી. ના તો મારી હત્યા થઈ છે કે ના તો મેં હત્યા કરી છે. ખૂનીને શોધવાનો તો પ્રશ્ન જ ઊભો થતો નથી. આઠ દિશાઓ છે. ખૂની કોઈપણ દિશામાં દોડી શકે. જો ખૂનીને પકડવા માટે દરેક દિશામાં બે પોલીસકર્મીઓ મોકલવામાં આવે, તો એક ખૂન માટે સોળ પોલીસકર્મીઓની જરૂર પડે છે ને એવું ફરજિયાત કરવાની જરૂર છે કે પોલીસવાળા કંટાળીને પોતાના ઘરે પાછા ન દોડે. આ દોડાદોડ ટાળવા માટે, પોલીસ ઘણીવાર હત્યાને આત્મહત્યા ગણાવે છે. આપણા દેશમાં, એક ધનિક માણસની હત્યા કરવામાં આવે છે. ગરીબોએ આત્મહત્યા કરવી પડે છે, કારણ કે એમને મારી નાખવા માટે નવરું નથી. એમનું શોષણ થાય છે, હત્યા કરવામાં આવતી નથી. જો કોઈ ગરીબની હત્યા થઈ છે, તો સાબિત કરવું પડે છે કે તે આત્મહત્યા નથી. પોલીસ માનતી નથી. ગરીબને કોણ મારશે, એનામાં શું દાટ્યું છે? પૈસા વિના, આ દેશમાં તમારી હત્યા પણ થઈ શકતી નથી.

ખૂનીને પકડવા પોલીસ જઈને પૂછપરછ કરેઃ 'કેમ સાહેબ, આ હત્યા તમે કરી છે?'

'કોની હત્યા?'

'રામપ્રસાદ, જે પરમ દિવસે મરી ગયો.'

'ના.'

પોલીસ બીજાને પૂછે છે 'ભાઈ, શું તમે હત્યા કરી? રામપ્રસાદની?'

'ના સાહેબ. મેં તો સરજુપ્રસાદની કરી છે.'

'અરે, અમે રામપ્રસાદ વિશે પૂછી રહ્યા છીએ, તું સરજુપ્રસાદ વિશે જવાબ આપી રહ્યો છે! બેશરમ.'

ત્રીજા શકમંદને પૂછ્યું, એ કહે : 'હત્યા? હું હત્યા નથી કરતો જ નથી. મારી પાસે આમાં પડવાનો સમય નથી. જો મારે કોઈને મારવો હોય તો હું બીજાને સુપારી આપીને કરાવી લઉં. મહોલ્લામાં મારી ઇજ્જત છે! સાહેબ.'

એવામાં એકે સામેથી કહ્યું 'સાહેબ, મેં રામપ્રસાદને માર્યો છે.'

'એય, તું વચ્ચે નહીં બોલ. હું પેલાને પૂછું છું. બોલ, તેં રામપ્રસાદને માર્યો?'

'ના સાહેબ. હું વિદેશી છું. બહારથી મર્ડર કરીને આવ્યો છું, પણ આ શહેરમાં કોઈ ખૂન કર્યું નથી.'

હવે જો કોઈ સ્કૂલની નજીક હત્યા થાય, એક શિક્ષકને પકડીને પૂછવામાં આવે- 'સર, તમે હત્યા કરી છે.'

'તમે શું બકો છો?'

'હત્યા સ્કૂલની પાસે થઈ માટે જો તમે નથી કરી, તો બીજું કોણ કરે?'

અને ના પાડનાર પાસેથી કબૂલાત કરાવવી એ પોલીસ માટે ડાબા હાથનું કામ છે. પોલીસ સ્ટેશનમાં માર ખાઈને અધમરી હાલતમાં પડેલો ગુનેગાર વિચારે છે કે મારી હત્યા થઈ રહી છે એના કરતાં સારું હું બીજાને મારી નાખું. એ પોલીસને હાથ જોડીને કહે છે, 'સાહેબ, મને ખબર નથી કે રામપ્રસાદ કોણ છે? પણ ચલો, મેં જ કરી છે...મારો નહીં.'

એક બુદ્ધિજીવી તરીકે, મેં ખૂનીનું મનોવિજ્ઞાન, મરેલાની આર્થિક સ્થિતિ, એનો ઈતિહાસ, ઘરનો ભૂગોળ વગેરે તમામ પાસાઓનો અભ્યાસ કરીને એક રિપોર્ટ પોલીસને આપ્યો. એ જોઇને ઘણીવાર સુધી એ ઓફિસર મૌન રહ્યા ને આંખો મીંચીને વિચારતા કહ્યું,

'મને લાગે છે કે તમે હત્યા કરી છે?'

'સાહેબ, હું એક બુદ્ધિજીવી છું, હું તો વિશ્લેષણ રજૂ કરી રહ્યો છું.'

'જાતે હત્યા કર્યા વિના આટલું વિગતવાર વર્ણન કેમ અપાય?' પછી ગુસ્સેથી કહ્યું, 'હવાલદાર, નાખો આને અંદર.'

એ પછી જે બન્યું એ લેખનો નહીં, કવિતાનો વિષય છે. ઇન શોર્ટ, રાષ્ટ્રની સમસ્યાઓ વિશે વિચારવામાં મારાથી જે થયું એ મેં કર્યું. હવે સમજ્યા કે નેતાઓ બુદ્ધિજીવીઓને કેમ વિનંતી કરે છે? એટલે કે સમસ્યા ઉકેલવામાં પોતે ફસાઈને ઉકલી ન જાય! ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# શ્રાવણ માસે જાણો ભસ્મ આરતીનો અદ્‌ભુત મહિમા...

૧૨ માસમાં પરમ પવિત્ર શ્રાવણ માસનો મહિમા અપરંપાર છે, ભોળાને રિઝવા માટે જલાભિષેક, દૂધાભિષેક, બીલીપત્ર ચઢાવવામાં આવે છે. તો ઉજ્જૈનમાં ૧૨ જ્યોતિર્લિંગમાંનું એક શિવલિંગ પર નિત્ય ભસ્મ આરતી થાય છે, તેવી આરતી વાંકાનેરમાં આવેલ અખિલ બ્રહ્માંડના નાયક દેવાધિદેવ મહાદેવ શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરનાં પ્રથમ પાટોત્સવ મહોત્સવની ભાવભેર ઉજવણી દરમિયન કરવામાં આવી હતી. પાટોત્સવમાં ભસ્મ આરતી સહિતના કાર્યક્રમો યોજાયેલા.વાંકાનેર શહેરથી જડેશ્વર રોડ પર આવેલી વૃંદાવન વાટિકા સોસાયટી ખાતે બિરાજમાન શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરને તા.૨૨.૦૭.૨૦૨૫ અષાઢ વદ તેરસ મંગળવારના રોજ એક વર્ષ પૂર્ણ થયેલ,આખી સોસાયટી વાસીઓ દ્વારા મંદિરના પ્રથમ પાટોત્સવની ઉજવણી કરવામાં આવેલી.







જ્યારે સાંજે ૬.૩૦ વાગ્યે સવિશેષ ભસ્મ આરતી સમયે શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવને મહાકાલનો શણગાર કરવામાં આવેલો, જેમાં શિવલિંગ પર ઉજ્જૈનની જેમ શંકર ભગવાનનું મોરુ રાખી જટામાં રુદ્રાક્ષની માળા ગાળામાં ખોપડીઓ, ફૂલ, લીંબુ, ગુલાબનો હાર, શંકર ભગવાનનાં મોરા આગળ મોટી ખોપડી રાખેલ બેકગ્રાઉન્ડમાં કાળો પડદો તેમાં મોરા રાખેલ મંદિરમાં અંધારું ને ટોપ ઉપરથી લાઇટિંગ આપેલી. બાદમાં શણગાર ઉપર એક કપડું રાખી ભસ્મ છાંટેલી પછી પડદો ઊંચકી ફુલહાર ચડાવેલ ને ભસ્મથી ભરેલ પોટલીમાંથી સફેદ બારીક ભસ્મ શિવ શણગાર પર છાંટતા હતા. ત્યારે ઉજ્જૈન જેવું દ્રશ્ય નિહાળવા મળતું હતું. બાદમાં મહાકાલેશ્વર સફેદ શણગારમાં આવી ગયા હતા. સંગીતનાં તાલે મહા આરતી થતા ભોળાનાથ સાક્ષાત આવી ગયા હોય તેવી અનુભૂતિ થતી હતી. આ ભસ્મ આરતી નિહાળવા હજારો શિવ ભક્તો આવતા મંદિર બહાર L. E. D. સ્ક્રીન રાખેલ તેમાં આરતી જોવા મળતી હતી.

શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંડળ દ્વારા વૃંદાવન વાટિકા, જડેશ્વર રોડ વાંકાનેર ખાતે ભસ્મ આરતીનો લાભ તમામ શિવભક્તોએ લીધો હતો.

ધર્મ શાસ્ત્રો અનુસાર બધા દેવી દેવતીઓ પાસે પોતપોતાના લોક છે અને ત્યાં તેઓ ખૂબ જ અપાર સંપત્તિ અને વૈભવ વચ્ચે સિંહાસન પર બેસે છે. પરંતુ દેવોના દેવ મહાદેવ જ એક એવા છે જેઓ માતા પાર્વતી સાથે કૈલાશ પર્વતની ઠંડી ગુફામાં બેસે છે અને ફક્ત મૃગ ચર્મ અને ભસ્મ ધારણ કરે છે. દેશમાં આવેલ ૧૨ જ્યોતિર્લિંગમાં એકલા ઉજ્જૈનમાં મહાકાલેશ્વર મંદિરમાં રોજ ભસ્મ આરતી થાય છે અને તેના દર્શન કરવા દેશ વિદેશથી હજારો લોકો આવે છે, પરંતુ તમને એ ખબર નહીં હોય કે શા માટે શિવજીને કંઈ નહીં અને ચિતા ભસ્મની આરતી થાય.!?

ઘણા ઓછા લોકોને ખબર હોય છે કે શિવ પહેલાથી જ ભસ્મ નહોતા લગાવતા, પરંતુ તેમની પત્ની પાર્વતી જે પૂર્વ જન્મમાં પ્રજાપતિ દક્ષની પુત્રી માતા સતિ સ્વરૂપે પ્રગટ્યા હતા. પરંતુ પોતાના જ પિતાના યજ્ઞમાં પતિ શિવનું અપમાન થતું જોઈ સતિએ યોગાગ્નિ દ્વારા પોતાના શરીરનો નાશ કર્યો. જેથી ક્રોધિત શિવ ત્રણેય લોકોમાં તેમની ચિતા સાથે ફર્યા અને ત્યાર પછી જ તેમણે આ ચિતા ભસ્મને પોતાના શરીર પર લગાવી. આ સમયથી શિવજીના શ્રૃંગાર માટે ચિતાની ભસ્મ લગાવવાનો રિવાજ છે.

શિવપુરાણ અનુસાર ભગવાન શિવ તમામ દેવતાઓથી અલગ છે. તેમની ઉત્પત્તિ અને અંત અંગે કોઈ ઉલ્લેખ નથી. માટે જ તેમને અજન્મા અનાદી કહેવાય છે. તેઓ ભોળાનાથ પણ છે અને નટરાજ પણ છે. ભગવાન શિવની રહેણીકહેણી તમામ દેવતાઓ કરતાં સાવ અલગ છે. શાસ્ત્રોમાં જ્યાં તમામ દેવી દેવતાઓ સુંદર વસ્ત્રાભૂષણોથી અલંકૃત કરવામાં આવ્યા છે ત્યારે શિવ ફક્ત એક ચર્મ અને ભસ્મ સાથે ખોપડીઓની માળા ધારણ કરનાર વર્ણવાયા છે. નાગને ગળામાં વિંટાળી ફરે છે.

માનવામાં આવે છે કે ત્રેતા યુગ, સત યુગ, દ્વાપર યુગ અને કલિયુગ આ ચારેય યુગોના અંતે સૃષ્ટિનો વિનાશ નિશ્ચિત જ છે એવી લોક વાયકા છે, અંતમાં તમામ વસ્તુઓ રાખ થઈ જશે શિવપુરાણ અનુસાર આ રાખ એટલે કે ભસ્મ જ સૃષ્ટીનો સાર છે.

મહાકાલેશ્વરની મૂર્તિ દક્ષિણામૂર્તિ તરીકે જાણીતી છે, જેનો અર્થ એ થાય કે તે દક્ષિણ તરફ છે, આ એક અનોખી વિશેષતા છે, જે તાંત્રિક શિવનેત્ર પરંપરા દ્વારા સમર્થન આપવામાં આવે છે. જે ફક્ત ૧૨ જ્યોતિર્લિંગોમાં મહાકાલેશ્વરમાં જ જોવા મળે છે. ઓમકારેશ્વર મહાદેવજીની મૂર્તિ મહાકાલ મંદિરની ઉપરના ગર્ભગૃહમાં પ્રતિષ્ઠિત છે. ગર્ભગૃહના પશ્ચિમ, ઉત્તર અને પૂર્વમાં ગણેશ, પાર્વતી અને કાર્તિકેયની મૂર્તિઓ સ્થાપિત છે. દક્ષિણમાં શિવના વાહન નંદીની મૂર્તિ છે. ત્રીજા માળે નાગચંદ્રેશ્વરની મૂર્તિ ફક્ત નાગ પંચમીના દિવસે જ દર્શન માટે ખુલ્લી છે, મંદિરમાં પાંચ સ્તર છે, જેમાંથી એક ભૂગર્ભ છે. મંદિર પોતે તળાવની નજીક વિશાળ દીવાલોથી ઘેરાયેલા વિશાળ આંગણામાં સ્થિત છે. શિખર અથવા શિખર શિલ્પકૃતિથી શણગારેલું છે. પિત્તળના દીવા ભૂગર્ભગર્ભગૃહ તરફ જવાનો માર્ગ પ્રકાશિત કરે છે. એવું માનવામાં આવે છે કે અહીં દેવતાને અર્પણ કરવામાં આવતો પ્રસાદ (પવિત્ર અર્પણ) અન્ય બધાં મંદિરોથી વિપરીત અર્પણ કરી શકાય છે.

સમયના પ્રમુખ દેવતા, શિવ, તેમના બધા વૈભવમાં, ઉજ્જૈન શહેરમાં શાશ્વત રીતે શાસન કરે છે. મહાકાલેશ્વરનું મંદિર, તેનો શિખર આકાશમાં ઊંચો છે, આકાશરેખા સામે એક પ્રભાવશાળી અગ્રભાગ, તેના મહિમા સાથે આદિકાળના વિસ્મય અને આદરને ઉત્તેજિત કરે છે. મહાકાલ શહેર અને તેના લોકોના જીવન પર પ્રભુત્વ ધરાવે છે, આધુનિક વ્યસ્તતાઓની વ્યસ્ત દિનચર્યા વચ્ચે પણ, અને પ્રાચીન હિન્દુ પરંપરાઓ સાથે એક અતૂટ જોડાણ પૂરું પાડે છે,મહા શિવરાત્રીના દિવસે, મંદિર પાસે એક વિશાળ મેળો ભરાય છે, અને રાતભર પૂજા ચાલુ રહે છે,વાંચક મિત્રો શ્રાવણ માસમાં આપ ઉજ્જૈન જાવ કે હળવદવાળા ભસ્મ શણગાર કરે તો ચોક્કસ જોજો શંકર ભગવાનનું વિશેષતાસભર મૂલ્યાંકન થશે દેવાધિદેવ મહાદેવની ભસ્મ આરતી જોઈ નાં હોય તેને આ વાંચી દિલમાં અતુલ્ય ભાવ થશે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## લિંકેન્સ્ટાઈનઃ પ્રતિકૂળતામાં અનુકૂળતા



માત્ર ૪૦ હજારની વસતિ ધરાવતો યુરોપિયન દેશ લિંકેન્સ્ટાઈન પ્રતિકૂળતામાં અનુકૂળતાનું લાક્ષણિક ઉદાહરણ છે. વિશ્વના ૧૯૫ દેશમાંથી માત્ર બે દેશ જ ડબલ લેન્ડલોક્ડ છે. મતલબ કે દેશમાં કોઈ દરિયા કિનારો નથી અને સમુદ્ર પાસે પહોંચવા બે આંતરરાષ્ટ્રીય સરહદ ઓળંગવી પડે. દેશને પોતાનું એરપોર્ટ નથી, હવાઈ મુસાફરી માટે સ્વિટ્ઝર્લેન્ડ જવું પડે છે. દેશની પોતાની ભાષા નથી અને ત્યાં જર્મન બોલાય છે. એની પાસે પોતાનું ચલણ નથી અને અહીં સ્વિસ ફ્રેન્ક વપરાય છે. તેમ છતાં દેશમાં આર્થિક સમૃદ્ધિ છે અને વિશ્વના ટોપ જીડીપી (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ)માં પણ એનું સ્થાન ઘણું ઉપર છે. એટલે બધે આનંદ આનંદ જોવા મળે છે. આ દેશમાં ગુનાખોરીનું પ્રમાણ નજીવું છે અને વિશ્વના સૌથી સલામત દેશની યાદીમાં પહેલા પાંચમા સ્થાન ધરાવે છે. આશ્ચર્ય તો એ વાતનું છે કે લિંકેન્સ્ટાઈનની જેલમાં ફક્ત સાત કેદી છે. ભારતનાં અનેક શહેરોની સરખામણીએ આ દેશ નાનકડો હોવા છતાં શ્રીમંતાઈ, સમૃદ્ધિ અને સૌંદર્ય ધરાવે છે.

## ડોક્ટર વિનાનું ક્લિનિક




મતદાર યાદીને કારણે બિહાર સમગ્ર દેશમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. જોકે, આ ચૂંટણી માહોલમાં બિહારનાં સન્નારી બબીતા કુમારીનું નામ પણ લોકજીભે રમતું થયું છે. બિહારના મુઝફ્ફરપુર જિલ્લાના બિશનપુર બધનગરી ગ્રામ પંચાયતની મુખિયા છે. દેશના અનેક ગામડાંની જેમ બધનગરી ગામની મહિલાઓએ પણ જાજરૂ (ટોયલેટ)ની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. 'સ્વચ્છ ભારત અભિયાન' દરમિયાન ગામમાં ૧૨૦૦થી વધુ ટોયલેટ બાંધવામાં આવ્યા હતા. જોકે, દેખરેખના અભાવે તેમાંથી અનેક ટોયલેટ તૂટી ગયા અને ઘણા કામ કરતા બંધ થઈ ગયા હતા. ગામનાં સરપંચ બબીતાજી હાથ જોડી બેસી ન રહ્યાં, એમણે ગામમાં ટોયલેટ ક્લિનિક શરૂ કર્યું. આ એવું ક્લિનિક હતું જેમાં ડોક્ટર વિના ટોયલેટની 'સારવાર' કરવામાં આવી. સ્થાનિક મહિલાઓને કડિયા કામ અને સ્વચ્છતા કાર્યની સઘન તાલીમ આપી. તાલીમબદ્ધ કાર્યકર્તાઓને કારણે અનેક ટોયલેટ ફરી કાર્યરત થઈ ગયા અને મહિલાઓ ખુલ્લી જગ્યામાં હાજત જવાની સંકોચપૂર્ણ પરિસ્થિતિમાંથી બહાર આવી ગઈ.

## સંયુક્તાએ પૃથ્વીરાજનું હરણ કર્યું



કનૌજના રાજા જયચંદની દીકરી સંયુક્તાનું સ્વયંવર દરમિયાન ચૌહાણ વંશના પ્રતાપી સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણે અપહરણ કર્યું હતું એ ઈતિહાસની પ્રસિદ્ધ રોચક કથા છે. આ કળિયુગ છે અને ઉત્તર પ્રદેશમાં સંયુક્તાએ પૃથ્વીરાજનું હરણ કર્યું હોવાની 'ચમત્કારિક' ઘટના જાણવા મળી છે.

વાત એમ છે કે યુપીના ઝાંસી જિલ્લાના એક ગામના રહેવાસી સની નામના યુવકનાં લગ્ન મધ્ય પ્રદેશની કન્યા સાથે નક્કી થયા હતા. કંકોતરી પણ વહેંચાઈ ગઈ હતી, નજીકના સગા - સંબંધીઓ પણ લગ્નમાં મહાલવા આવી પહોંચ્યા હતા. લગ્નની સાંજે વરરાજા સનીને તૈયાર કરવામાં આવી રહ્યો હતો ત્યારે મધ્ય પ્રદેશની એક કન્યા ધસી આવી અને ધમાલ મચાવી દાવો કર્યો કે પોતે સનીના ગળાડૂબ પ્રેમમાં છે. ધાંધલ ધમાલ થઈ, પણ આધુનિક સંયુક્તા મોડર્ન પૃથ્વીરાજનો હાથ પકડી પોતાની સાથે ઘસડી ગઈ. મામલો પોલીસસ્ટેશનમાં પહોંચ્યો ત્યારે સનીએ પણ પોતે એમપીની કન્યાના પ્રેમમાં હોવાનું અને એની સાથે જ પરણવા માગે છે એવી કબૂલાત આપી. વાર્તામાં બીજો એવો વળાંક આવ્યો કે સની સાથે જે કન્યાના લગ્ન થવાના હતા એ દુલ્હન બની તૈયાર બેઠી હતી. અજબ દુનિયાની ગજબ વાત જેવી ઘટના એ બની કે સનીનો એક કુંવારો કઝીન પેલી કન્યા સાથે લગ્ન કરવા તૈયાર થઈ ગયો. જેના ભાગ્યમાં જે લખ્યું હોય એ થઈને જ રહે છે.

## ચીંધેલું કામ હસબન્ડ ભૂલી જાય તો શું થાય? લાભમલાભ!




માર્કેટ ગયેલા પતિને ચાર વસ્તુ લેવાની કીધી હોય એમાંથી એક ઓછી આવી હોય અથવા એક અલગ આવી હોય એવા પ્રસંગની નવાઈ નથી. યુએસએના સાઉથ કેરોલિનાની રહેવાસી પત્નીની સ્ટોરી જાણ્યા પછી ચીંધેલું કામ મિસ્ટર ભૂલી જાય તો મિસિસે નારાજ નહીં થવાનું અને નસીબ બળવાન હોય તો એ ભૂલકણા સ્વભાવને કારણે મોટો લાભ થવાની સંભાવના હોય છે એ વાત સુપેરે સમજાય છે.

ગ્રોસરી લેવા માટે સ્ટોરમાં ગયેલા અમેરિકન હસબન્ડને એની વાઈફે ઘરવખરીનું લાંબું લિસ્ટ આપ્યું અને સાથે 'મારી હથેળીમાં ખંજવાળ આવે છે એટલે લાભ થવાનો હશે એટલે મારા માટે લોટરીની ટિકિટ પણ લેતા આવજો' એમ કહ્યું. જોકે, યાદીની બધી ચીજવસ્તુ લઈ લીધી, પણ લોટરીની ટિકિટ હસબન્ડ ભૂલી ગયા. પત્નીને જાણ થઈ ત્યારે એનો કકળાટ ન કર્યો, પણ લોટરી સ્ટોરમાં ગઈ અને લોટરી ટિકિટ લઈ આવી. ગજબ એવો થયો કે શ્રીમતીને પાંચ લાખ ડૉલરનું ઈનામ લાગ્યું. પતિના ભુલકણા સ્વભાવનો લાભ થવાથી રાજી રાજી થયેલી પત્ની નોકરીમાંથી વહેલી નિવૃત્તિ લેવા માગે છે અને પૈસાનું શું કરવું એનું પ્લાનિંગ પણ એણે કરી લીધું છે.

## લ્યો કરો વાત!

*દેશી ઘી, સરસવનું તેલ, લીલા શાકભાજી અને શુદ્ધ ઘઉંની રોટીનો ખોરાક ખાતા હરિયાણાના ૭૭ વર્ષનાં દાદીમા સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. ૨૭ વર્ષના યુવાનોને પણ શરમાવે એવો આત્મવિશ્વાસ અને જોશ જાણી લોકો હેરત પામી ગયા છે. ગામડાની નહેરમાં ૧૦ વર્ષની ઉંમરે તરવાનું શરૂ કર્યું હોવાથી સ્વિમિંગ એમના જીવનનો હિસ્સો બની ગયો હતો. આ ઉંમરે પણ સવારે વહેલા જાગી વ્યાયામ કરે છે, તરવા પણ જાય છે અને દેશી પદ્ધતિથી પોતાને એકદમ ફિટ રાખે છે. ગંગા નદીમાં ત્રણ વ્યક્તિને ડૂબી જતા એમણે બચાવી લીધા હતા. આ સિદ્ધિઓને કારણે લોકો સોશિયલ મીડિયા પર 'હરિયાણાની ફિટનેસ ક્વીન' કહી સલામ કરે છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**લલાટે લખાયેલા અને લમણે લખાયેલા વચ્ચે ફરક શું?**
* મહેમાન અને માથે પડેલા મહેમાન જેટલો....

**પૈસા વસૂલ ક્યારે થાય?**
* અલબત્ત, પૈસા ખર્ચ્યા પછી...

**ગ્રહ નડતરની ખબર કેવી રીતે પડે?**
* જ્યારે આપણો જ્યોતિષ પણ આડો ચાલવા માંડે ત્યારે.!

**નારદ મુનિ આજે જીવતા હોત તો?**
* પોલીસ ફરિયાદ અને કોર્ટ કેસમાં ઉછાળો આવે...

**અમદાવાદી ભગવાન પાસે કયું વરદાન માગે?**
* એ જ કે 'હું મિસ્કોલ મારું ને તું તરત પ્રગટ થા!'

**જન્માષ્ટમીએ જુગાર રમાય. અને નોમના દિવસે?**
* પારણાં કરવાના અને જુગાર રમતાં પકડાયા હોય એને જામીન અપાવવાના....

**કોનો વાળ કોઈ વાંકો ના કરી શકે?**
* ટાલિયાનો...

**ગાંડો ગામ વસાવે. તો ડાહ્યો?**
* ઘર વસાવે...

**સ્ત્રીના વાળ લાંબા કેમ હોય?**
* કામ પડતાં મૂકીને વાળ ઓળવાની ક્રિયામાં વધુ ટાઈમપાસ કરી શકે એટલે...

**પત્નીને ટાલ પડે તો?**
* પતિએ પણ ટકલું કરાવવું પડે...

**'દેખા હૈ આંખોમેં પ્યાર.' તો મન અને દિલના પ્રેમનું શું?**
* બેન્ક લોકરમાં સાચવીને રાખવાના.

**સત્તા આગળ શાણપણ નકામું. તો શું કામનું?.**
* તમારી બેન્ક બેલેન્સ!

**પાણી પૂરીવાળા હડતાળ પર જાય તો?**
* એની તીવ્ર પ્રતિક્રિયા સૌપ્રથમ તમારા રસોડામાં આવે!

**ભલી વ્યક્તિ કોને ગણવી?**
* લોન લઈને પણ આપણને જે ઉછીના પૈસા આપે એ!

**ફરી લવ સ્ટોરીની ફિલ્મોનો જમાનો આવી ગયો?**
* હા, ભૂતડા ભૂતડી જોયા પછી પ્રેમલા-પ્રેમલીનો વારો તો આવેજ ને ?!

કચ્છી ચોવક__કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# અભાવાનો ચરુ ઉકળતો હોય પણ દેખાવ લાડા જેવો!

આપણા સૌનો અનુભવ હશે જ કે, આપણી આસપાસની ઘણી વ્યક્તિઓ મોટી મોટી (ખોટી) વાતો કરતી રહેતી હોય છે. તેમનાં વસ્ત્રોમાં નહીં પણ વાતોમાં જાણે શ્રીમંતાઈ છલકતી હોય છે! એવી વ્યક્તિઓનો પરિચય આપતી એક ચોવક છેઃ **'લીલા લૅર નેં ખાધે જો ખૅર.'** કોઈને માત્ર એટલું પૂછો કે, કેમ છો? તો જવાબ આપશેઃ લીલા લહેર છે! પણ ખરેખર સ્થિતિ કંઈક જુદી જ હોય! ચોવકમાં પહેલો શબ્દ લીલા લહેર છે. 'ખાધે જો ખૅર' ભગવાન ભરોસે! આમ તો લીલા લહેર પણ ખાવા માટે અન્નના વાંધા! ભાવાર્થ એવો થાય છે કેઃ વાતો ખૂબ સારી પણ હાલત નબળી.

એવા જ અર્થવાળી બીજી ચોવક છેઃ **'લીર જો લાડો'** પહેલો શબ્દ છે, 'લીર' જેનો મૂળ અર્થ થાય છેઃ ચિંથરું. 'જો' એટલે નો અને લાડો એટલે લાડો, દેખાવે સારા લાગવું. પણ એ ચોવકનો ભાવાર્થ પણ એવો જ થાય છે કે, માત્ર દેખાવ હોવો! અંદર તો અભાવા ચરુની માફક ભરેલો હોય.

એક હિન્દીમાં કહેવત છેઃ 'નાચ ન જાને, આંગન ટેઢા' જેને નૃત્ય કરતાં કે નાચતાં જ ન આવડતું હોય અને જો તેન નાચવા માટે આગ્રહ કરવામાં આવે તો એ કહેશેઃ આવી ઉબડખાબડ જમીન પર હું ન નાચું! હવે બીજો અર્થ આ કહેવતનો એવો પણ નીકળે કે, એવા કોઈ બહાને કામને ટાળવું! આવું કહેવા માટે એક ચોવક રચાઈ છેઃ **'લિખણૂં ન વે ત લેખણ વિંગી'**. 'લિખણૂં' એટલે લખવું. 'ન વે' એ બે એકાક્ષરી શબ્દસમૂહનો અર્થ થાય છેઃ ન હોય. 'ત' એટલે ત્યારે. 'લેખણ'નો અર્થ થાય છેઃ લેખની કે કલમ અને 'વિંગી' એટલે ત્રાંસી! ભાવાર્થ થાય છેઃ કામ ન કરવાનું બહાનું કાઢવું.

'કચ્છી ચોવક'ના વૉટ્સએપ ગ્રુપમાં વાચકમિત્ર હરેશ ગડાએ એક સુંદર ચોવક પોસ્ટ કરી છે, જે પણ ઉપરોક્ત ચોવકોના ભાવાર્થને સ્પર્શતી હોય તેવી લાગે છે. ચોવક છેઃ **'ખાંઢી મે જો ખખરે સેં વેર'** અહીં પહેલા બે શબ્દોનો શબ્દાર્થ સાથે રાખીને સમજવો પડશે. 'ખાંઢી મે'નો અર્થ થાય છે જેના શીંગડાં તૂટી ગયાં હોય તેવી ભેંસ.' 'મે' એટલે ભેંસ. 'ખખરો' એવાં વૃક્ષનું નામ છે જેમાં કેસૂડાં ઊગે છે. 'સેં' એટલે થી અને વેરનો અર્થ દુશ્મનાવટ. જેના માથા પર શીંગડાં જ નથી એવી ભેંસ (લડવા માટે) કેસૂડાંના સુંદર વૃક્ષને તો શું પણ ફૂલના છોડને પણ દુશ્મન જ ગણે! કોઈ અશક્તિમાન હોય તે સંબંધો રાખવા - બાંધવા કે લડવા માટે પોતાની અશક્તિ કબૂલ ન કરે પણ 'હું તો એને હડકાવું પણ નહીં' જેવું બહાનું આગળ ધરે!

તો, વળી એવા પણ ઘણા હોય છે, જે મતલબ વગર કામ ન કરે. પોતાનો સ્વાર્થ જોતા રહેતા હોય છે. એટલે જ ગુજરાતીમાં કહેવત છેઃ લાલો લાભ વગર ન લોટે અને કચ્છીમાં પણ ચોવક છે કે, **'લાલો લાભ વિગર ન લેટે'** ચોવકમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દો ગુજરાતી કહેવત જેવા જ હોવાથી શબ્દાર્થમાં નથી જતા.

ઘણાની વાતો સાંભળતાં જ સમજાઈ જાય કે, એ બધી અર્થ વગરની વાતો છે. એ અર્થ વગરની વાતો માટે પણ એક ચોવક છે, અને તે પણ માત્ર ત્રણ શબ્દોની જ બનેલી. તેમાં પણ બે શબ્દો તો એકાક્ષરી છે! ચોવક છે **'લા નિકાંસા'** 'લા' શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યોઃ તેનો મૂળ અર્થ થાય છેઃ લાય. પરંતુ અહીં ચોવકને સમજ માટે 'લા' અને ત્રીજા શબ્દ 'સા'ને સાથે રાખવા જરૂરી રહેશે. જેનો અર્થ થાય છેઃ વાતમાં સાર ન હોવી! 'નિકાં'નો અર્થ થાય છેઃ ન હોવું! ચોવકનો ભાવાર્થ થાય છેઃ વાતમાં હિંગનો પણ હડાકો ન હોવો! ■

ફોકસ__ધીરજ બસાક
feedback@bombaysamachar.com

# સામૂહિક ઉત્સવ એટલે બોનાલૂ પર્વ

ભારત સાંસ્કૃતિક વિવિધતાઓનો દેશ છે. અહીં દરેક ક્ષેત્રની પોતપોતાની એક વિશેષ સાંસ્કૃતિક પરંપરાઓ છે, જે લોકોના વિશ્વાસ, જીવનશૈલી અને પ્રકૃતિથી જોડાયેલી છે. આવું જ એક રંગીન જીવન જીવનાર અને સામૂહિક ગતિવિધિઓથી ઓતપ્રોત તહેવાર એટલે બોનાલૂ તહેવાર.

જેને તેલંગાણા રાજ્યના રાજકીય તહેવારનો દરજજો આપવામાં આવેલ છે. આ લોકકલા, નૃત્ય, સંગીત, અને નારી શક્તિ માટે શ્રદ્ધાનો સંગમ જ નહીં પરંતુ સાંસ્કૃતિક પર્યટનનો એક મહાન સ્ત્રોત છે. બોનાલૂનો અર્થ એટલે બોનમ એટલે કે, ભોગ અથવા ભેટ થાય છે. આમ જોઈએ તો દેવી મહાકાલીને જે ભોગ ધરવામાં આવે છે તેને બોનાલૂ કહેવાય છે, જે ચોખા, દૂધ, ગોળ અને આમલીથી બને છે. આને માટીના વાસણમાં સજાવીને મહિલાઓ દેવીમાના મંદિર સુધી લઈ જાય છે. આ દ્રશ્ય એટલુ સુંદર હોય છે કે જેણે બોનાલૂની કતાર જોઈ હોય તેઓ આ દ્રશ્ય ક્યારેય પણ ભૂલી નથી શકતા.

હૈદરાબાદ,સિકંદરાબાદ અને તેની આસપાસના જિલ્લામાં બોનાલૂ પર્વ ખૂબ જ ધામધૂમથી મનાવવામાં આવે છે. આ પર્વ દેવી મહાકાલીને સમર્પિત છે અને વરસાદની શરૂઆતમાં કૃષિ સમૃદ્ધિની કામના માટે ઉજવવામાં આવે છે. આમ જોઈએ તો બોનાલૂ માત્ર દેવી પૂજનનો પર્વ જ નથી પરંતુ નારી શક્તિનું ગૌરવ, સામાજીક એકતા અને સાંસ્કૃતિક ઓળખને એક રૂપથી વ્યક્ત કરવાનો એક વિશાળ માર્ગ છે. આ પર્વમાં મહિલાઓ ગ્રીન કલરની સાડી પહેરે છે. હાથમાં બંગડી, કપાળે ચાંદલો એટલે કે, પૂર્ણ શૃંગાર સાથે ગીત ગાતા ગાતા માતાને ભોગ ચડાવવા જાય છે. તેમની સાથે લોકનૃત્ય, ઢોલ, વગેરેનું ઝુંડ ચાલે છે અને પારંપારિક ગીતોથી જાણે વાતાવરણ ગુંજી ઊઠે છે. આ પર્વ એટલે ઉલ્લાસ અને આધ્યાત્મિકતાનો સંગમ.

બોનાલૂ પર્વમાં આમ જનતાનો ઉત્સાહ એટલા માટે વધારે હોય છે કારણકે, આ પર્વના આગમન સાથે જ કૃષિ ચક્રની શરૂઆત થઈ જાય છે. વરસાદની મોસમ શરૂ થતાં જ ખેડૂતો ખેતી તરફ વળે છે. તેથી જ આ પર્વ દેવીને ધન્યવાદ કરવા માટે આવતું વર્ષ સારું જાય તેની માટે પ્રાર્થના કરવાનો પણ તહેવાર કહેવાય છે. લોકમાન્યતા એવી છે કે, દેવી મહાકાલી લોકોના કષ્ટ અને મહામારીઓથી રક્ષા કરે છે અને તેમના જ કારણે સારો વરસાદ પડે છે જેનાથી સારો પાક થાય છે અને લોકોને સારું સ્વાસ્થ્ય મળે છે. તેથી જ આ પર્વ તેલંગાણાની લોક સંસ્કૃતિ માટે ખૂબ જ જીવંત પર્વ છે. ખાસ કરીને ગ્રામીણ જનજીવનમાં તો અત્યંત ઉત્સાહ સાથે મનાવવામાં આવતો પર્વ છે. બોનાલૂમાં ભોગ, અપર્ણ , જુલુસ અને પૂજાના માધ્યમ દ્વારા ગામના લોકો દેવી મા સમક્ષ પોતાની ભાવના વ્યક્ત કરે છે.

સામૂહિકતા એ આ પર્વની ખાસ વિશેષતા છે. આ કોઈ વ્યક્તિગત પૂજાનો પર્વ નથી પરંતુ ભાગીદારીથી આ પર્વ ઉજવવામાં આવે છે. ગામ અને શહેરોમાં તો લોકો હળીમળીને બોનાલૂ પૂજાનું આયોજન કરે છે. પાઘડી પહેરેલા પુરુષ, તેલ ચોળીને નાચતો ભૈરવ, ડફલી વગાડતા યુવક, દેવીમાનું સ્વરૂપ ધારણ કરેલા નાનાં બળકો, આ બધું જ જાણે એક ચાલતી ફરતી ફિલ્મ જેવું લાગે છે. વાસ્તવમાં આ એક લોકકલાને જીવંત રાખવાની એક પદ્ધતિ છે. બોનાલૂ ઉત્સવમાં દેવીમાની પાલખીનું જુલુસ રસ્તા પર હજારો લોકો સાથે નીકળે છે. આ દરમિયાન મહિલાઓ માથા પર 'બોનમ' રાખી ચાલે છે. આ આખા જુલુસ દરમિયાન ઢોલ નગારા વાગે છે અને આનંદ ઉત્સાહ સાથે દેવી માને મંદિર તરફ લઈ જવાય છે.

બોનાલૂ આમ તો ખૂબ જ જૂનો પર્વ છે. સાલ ૧૮૧૩માં હૈદરાબાદમાં જબરદસ્ત પ્લેગ થયો હતો. ત્યારે પ્લેગથી મુક્તિ પામવા માટે દેવી મહાકાલીને પ્રાર્થના કરી હતી અને સાથે માનતા પણ માની હતી કે, જો આ મહામારી સમાપ્ત થઈ જશે તો વિશેષ પૂજા કરી 'બોનમ'નો ભોગ ચડાવવામાં આવશે. વાસ્તવમાં તે જ માન્યતાને ધ્યાનમાં રાખી આ ઉત્સવ મનાવવામાં આવે છે.

બોનાલૂ પર્વને એક આદર્શ સામૂહિક સાંસ્કૃતિક પર્વ તરીકે મનાવવામાં આવે છે કારણકે, આ પર્વમાં બધી જ ઉંમરના લોકોની ભાગીદારી હોય છે. આ પર્વમાં મહિલાઓ સમાજનું નેતૃત્વ કરતા જોવામાં આવે છે. કલા અને સંસ્કૃતિની અભિવ્યક્તિની દ્રષ્ટિએ પણ બોનાલૂ એક જીવંત પર્વ છે. આ પર્વમાં ધાર્મિક્તાની સાથે લોકધર્મી સંતુલન પણ શામિલ છે. તેથી જ બોનાલૂ કેવળ માત્ર એક સામાન્ય તહેવાર નથી પરંતુ સંસ્કૃતિ, આસ્થા અને સામૂહિકતાની પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા દેખાડવાનો પર્વ છે. ■







# દિવ્યા દેશમુખ બનવા આવી ગ્રેન્ડમાસ્ટર, પણ બની ગઈ યંગેસ્ટ વર્લ્ડ ચેમ્પિયન!

## મેન્સમાં ડી. ગુકેશ પછી હવે વિમેન્સમાં દિવ્યા ચેસ જગતની સૌથી યુવાન વિશ્વવિજેતા

બૅટુમી (જ્યોર્જીયા): ૧૯ વર્ષની ટીનેજ વયે કોઈ ચેસ ખેલાડી પ્રથમ ગ્રૅન્ડમાસ્ટર (જીએમ) નૉર્મ મેળવવાના આશયથી વર્લ્ડ કપમાં રમવા આવે અને આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ જીતીને યંગેસ્ટ વર્લ્ડ ચેમ્પિયન બની જાય એવું ચેસના ઇતિહાસમાં ક્યારેય નહીં બન્યું હોય, પરંતુ નાગપુરની ટીનેજર દિવ્યા દેશમુખના કિસ્સામાં સોમવારે એવું હકીકતમાં બન્યું. ૧૯ વર્ષની આ મહારાષ્ટ્રીયન મુલગી સોમવારે મહિલા ચેસ જગતની નવી અને સૌથી યુવાન વર્લ્ડ ચેમ્પિયન બની હતી.

### મેન્સમાં ૧૯ વર્ષનો ગુકેશ યંગેસ્ટ વર્લ્ડ ચેમ્પિયન છે

ભારતનો ૧૯ વર્ષીય ડી. ગુકેશ ડિસેમ્બર, ૨૦૨૪માં મેન્સમાં યંગેસ્ટ વર્લ્ડ ચેમ્પિયન બન્યો હતો. તે ૨૦૧૯માં (૧૩ વર્ષની ઉંમરે) ગ્રેન્ડમાસ્ટર બન્યો હતો.

### ભારતનો વર્લ્ડ રેકોર્ડ

મેન્સ અને વિમેન્સ, બન્ને વર્ગમાં એક જ અરસામાં કોઈ એક જ દેશના ૧૯ વર્ષીય પ્લેયર (બન્ને યંગેસ્ટ) વર્લ્ડ ચેમ્પિયન બન્યા હોય એવું પણ પહેલી જ વખત બન્યું છે.

### દિવ્યાએ ભારતની જ હમ્પીને હરાવી

દિવ્યાએ વર્લ્ડ નંબર વન અને રૅપિડ ચેસમાં બે વખત વિશ્વવિજેતા બનેલી ભારતની ૩૮ વર્ષીય કોનેરુ હમ્પીને બે ડ્રો ગેમ પછીની ટાઈ-બ્રેકરમાં હરાવીને વિશ્વવિજેતા પદ હાંસલ કર્યું હતું.

### થોડું ધાર્યું હતું અને અનેક ઘણું મેળવ્યું!

દિવ્યા આ ટૂર્નામેન્ટમાં રમવા આવી ત્યારે તેની પાસે એક પણ જીએમ નૉર્મ નહોતું. તે ઇન્ટરનેશનલ માસ્ટર (આઇએમ) તરીકે આ ફિડે વર્લ્ડ કપમાં રમવા આવી હતી. તેની પાસે એક પણ જીએમ નૉર્મ નહોતું છતાં આ વર્લ્ડ કપમાં સારું રમીને તે એકાદ નોર્મ મેળવવા માગતી હતી કે જેથી તેને ભવિષ્યમાં ચેસ જગતનું સંચાલન કરતી ફિડે સંસ્થાની કોઈ મોટી ટૂર્નામેન્ટમાં આસાનીથી રમવા મળે.



મહારાષ્ટ્ર સરકાર નાગપુરની દિવ્યાનું બહુમાન કરશે.

### કૅન્ડિડેટ્સ ટૂર્નામેન્ટમાં આપોઆપ રમી શકશે

જીએમ બનવા માટે કુલ ત્રણ નૉર્મ તેમ જ ૨,૫૦૦નું રેટિંગ જરૂરી છે. જોકે ફિડેનો નિયમ છે કે જો કોઈ ખેલાડી કોઈ મોટી ટૂર્નામેન્ટનું ટાઈટલ જીતે તો જીએમ બનવા માટે તેણે ત્રણેય નૉર્મ કે ૨,૫૦૦નું રેટિંગ મેળવવા જરૂરી નથી. દિવ્યાએ હવે જીએમનો દરજ્જો તો આપોઆપ મેળવી જ લીધો, તે વર્લ્ડ ચેમ્પિયન પણ બની ગઈ અને હવે આગામી કૅન્ડિડેટ્સ ટૂર્નામેન્ટમાં પણ રમી શકશે.

### આપોઆપ ગ્રેન્ડમાસ્ટર બની ગઈ

જો કોઈ ખેલાડી વર્લ્ડ કપ જીતે તો તે જીએમનો દરજ્જો પણ આપોઆપ મેળવી લે છે. દિવ્યા દેશમુખના કિસ્સામાં આવું જ બન્યું છે.

### દિવ્યાનાં મમ્મી-પપ્પા ડૉક્ટર છે

સોમવારે દિવ્યા વર્લ્ડ ચેમ્પિયન બન્યા પછી બેહદ ખુશ અને ભાવુક હતી. દિવ્યાનાં મમ્મી નમ્રતા દેશમુખ ડૉક્ટર છે અને તે પુત્રીની આ અપ્રતિમ સિદ્ધિ વખતે તેની પાસે હતા. દિવ્યાના પપ્પા જિતેન્દ્ર દેશમુખ પણ ડૉક્ટર છે. તેમણે ક્યારેય પુત્રીને તબીબી ક્ષેત્રે કરીઅર બનાવવા દબાણ નહોતું કર્યું.

### ચોથી જીએમ બની, યંગેસ્ટ જીએમને હરાવી

દિવ્યા દેશમુખ ગ્રૅન્ડમાસ્ટર (જીએમ) બનેલી ભારતની કુલ ૮૮મી અને ચોથી મહિલા ચેસ ખેલાડી છે. તેની પહેલાં કોનેરુ હમ્પી, દ્રોનોવલ્લી હરિકા અને આર. વૈશાલી જીએમ બની હતી. હમ્પી ૨૦૦૧ની સાલમાં ૧૪ વર્ષની ઉંમરે ભારતની સૌપ્રથમ મહિલા જીએમ બની હતી. દિવ્યા અને હમ્પી, બન્નેએ વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં ચીની હરીફને હરાવી હતી. ■

## દિવ્યાએ ફાઇનલ વખતે છેક સુધી ચેસ બોર્ડની બાજુમાં કેળું રાખ્યું હતું!

### નાગપુર-ગર્લને ૪૩ લાખ રૂપિયાનું ઇનામ મળ્યું, હવે જાહેરખબરના કૉન્ટ્રૅક્ટથી બીજા કરોડો કમાઈ શકે



બૅટુમી (જ્યોર્જીયા): ભારતની જ ૩૮ વર્ષીય ગ્રૅન્ડમાસ્ટર કૉનેરુ હમ્પીને હરાવીને યંગેસ્ટ વર્લ્ડ ચૅમ્પિયન બનેલી તેમ જ ગ્રૅન્ડમાસ્ટરનો દરજ્જો પણ મેળવનાર નાગપુરની ૧૯ વર્ષની દિવ્યા દેશમુખે સોમવારે ફિડે વર્લ્ડ કપમાં ફાઇનલ દરમ્યાન ટેબલ પર ચેસ બોર્ડની નજીક (પોતાની બાજુમાં) એક કેળું રાખી મૂક્યું હતું જેનું કારણ તો દિવ્યાએ મુલાકાતમાં સ્પષ્ટપણે નથી જણાવ્યું, પરંતુ તેણે એટલું જરૂર કહ્યું હતું કે ‘ ફાઇનલ પૂરી થઈ ગઈ અને હું ચૅમ્પિયન બની ગઈ અને હવે હું આ કેળું જરૂર ખાઇશ.’

શું કેળું તમારું સૌથી પ્રિય ફળ છે? તમે એને નસીબવંતુ માનો છો? એવું પૂછવામાં આવતાં દિવ્યાએ કહ્યું હતું કે ‘ હું કેળાંને લકી નથી માનતી.’ એવું કહીને દિવ્યાએ ગેમ દરમ્યાન સતત વ્યસ્ત રહેવું પડતું હોવાથી તેને કેળું ખાવાનો સમય જ નથી મળતો એવું જણાવીને મજાકમાં જણાવ્યું હતું કે ‘ ક્યારેય ગેમ દરમ્યાન મારી હરીફ મને બનાના ખાવા દેતી જ નથી. મારે સતત વિચારતા રહેવું પડે છે. એક વાત એ પણ છે કે હું જો બાજુમાં રાખેલું કેળું ખાઉં તો શરીરમાં એક રીતે આળસ આવી જાય.’

દરમ્યાન ચેસમાં દેશને પ્રથમ મહિલા વર્લ્ડ ચૅમ્પિયન અપાવવાનું ૧૫૦ કરોડની ભારતની જનતાનું સપનું સાકાર કરનાર દિવ્યાને પ્રથમ ઇનામ વિજેતા તરીકે ૫૦,૦૦૦ ડૉલર (આશરે ૪૩ લાખ રૂપિયા) મળ્યા છે. રનર-અપ હમ્પીને ૩૫,૦૦૦ ડૉલર (૩૦ લાખ રૂપિયા) મળ્યા છે. દિવ્યાને હવે ચેસની વર્લ્ડ ચૅમ્પિયન બનવાને પગલે કરોડો રૂપિયાના એન્ડૉર્સમેન્ટ કૉન્ટ્રૅક્ટ મળી શકે એમ છે. ■


## ઓવલમાં બબાલ



લંડનઃ ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રેણી ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રૉફીના બૅનર હેઠળ પહેલી જ વખત રમાઈ રહી છે અને મેદાન પર ભારતીય ખેલાડીઓને ઇરાદાપૂર્વક પરેશાન કરવાનો તથા ભારતીય બૅટ્સમેનોના શરીરને ટાર્ગેટ બનાવવાનો બ્રિટિશ ખેલાડીઓનો અભિગમ રહ્યો છે ત્યારે લંડનનું ઓવલ ગ્રાઉન્ડ કે જ્યાં ગુરુવાર, ૩૧મી જુલાઈથી પાંચમી અને છેલ્લી ટેસ્ટ (બપારે ૩.૩૦ વાગ્યાથી) રમાવાની છે ત્યાં મંગળવારે ભારતના હેડ-કોચ ગૌતમ ગંભીર અને ચીફ પિચ ક્યુરેટર લી ફોર્ટિસ વચ્ચે જોરદાર તકરાર થઈ હતી જેમાં ફોર્ટિસે ભારતીય ટીમના કોચિંગ સ્ટાફને પિચથી અઢી મીટર દૂર ઊભા રહેવા કહ્યું હતું તેમ જ પિચ પર વધુ પડતા ભારતીય ખેલાડીઓ પણ આવી પડ્યા છે એવું કહીને વાંધો ઉઠાવ્યો હતો. બૅટિંગ-કોચ સિતાંશુ કોટકે આ ઘટનાની વિગતમાં જાણકારી આપી પીટીઆઇને જણાવ્યું હતું. ફોર્ટિસે ભારતીયોને પિચથી દૂર રહેવા કહ્યું ત્યારે ગંભીરે ફોર્ટિસ સામે આંગળી બતાવીને વારંવાર કહ્યું હતું કે ‘ અમારે શું કરવું એ તમે અમને ન કહો. અમને કંઈ પણ કહેવાનો તમને કોઈ અધિકાર નથી. તમે માત્ર એક ગ્રાઉન્ડ્સમૅન છો.’ ગંભીરના આ નિવેદનો સાંભળીને આક્રમક સ્વભાવના ફોર્ટિસ એવું બોલતા સાંભળવા મળ્યા હતા કે ‘ મારે આ બાબતમાં તમારા વિશે ફરિયાદ કરવી પડશે.’

ટીમ ઇન્ડિયાના બૅટિંગ-કોચ સિતાંશુ કોટકે પીટીઆઇને કહ્યું, ‘ અમે પિચ જોવા ગયા ત્યારે કેટલાક કોચ ત્યાં હતા જ. કોઈકે અમને આવીને કહ્યું કે તમે લોકો પિચથી ૨.૫ મીટર દૂર ઊભા રહો. બે દિવસ પછી જ્યાં ટેસ્ટ રમાવાની હોય એ પિચ જોવા અમે આવ્યા હતા. અમે સ્પાઇક્સ નહોતા પહેર્યાં કે એની છાપ પિચ પર પડી જાય. અમે સામાન્ય શૂઝ પહેર્યાં હતા. આ રીતે ખેલાડીઓ-કોચિંગ સ્ટાફને જતા રહેવાનું કહેવામાં આવે એવું મેં તો ક્યારેય ક્યાંય જોયું નથી.’ ■

## ક્રિકેટપ્રેમીને પોલીસે કહ્યું, ‘તારી પાકિસ્તાની જર્સી ઢાંકી દે’







મૅન્ચેસ્ટરઃ રવિવારે અહીં ઑલ્ડ ટ્રેફર્ડમાં ભારતીય બૅટ્સમેનોની જબરદસ્ત લડત સાથે ડ્રૉ થયેલી ઇંગ્લૅન્ડ સામેની ચોથી ટેસ્ટમાં પાકિસ્તાન ક્રિકેટ ટીમની જર્સી પહેરીને બેઠેલા એક ક્રિકેટપ્રેમીને તેનું જર્સી કાઢી નાખવાની અથવા એને ઢાંકી દેવાની સૂચના એક પોલીસ અધિકારીએ આપી હતી.

આ મૅચ દરમ્યાન ભારત-ઇંગ્લૅન્ડ ઉપરાંત એક સ્ટૅન્ડમાં પાકિસ્તાનનું નામ પણ ખૂબ ચગ્યું હતું. વાત એવી છે કે આ સ્ટૅન્ડમાં બેઠેલો એક પાકિસ્તાન-તરફી પ્રેક્ષક સલામતી અધિકારી સાથે દલીલ કરતો જોવા મળ્યો હતો. આ વરિષ્ઠ પોલીસે એ પ્રેક્ષકને કહ્યું, ‘મને કન્ટ્રોલમાંથી કહેવામાં આવ્યું છે એને આધારે તમને કહું છું કે મહેરબાની કરીને તમે તમારી જર્સી ઢાંકી દેશો?’

આ પાકિસ્તાન-તરફી પ્રેક્ષકનું નામ ફારુક નઝર હોવાનું પાકિસ્તાનના અખબારોમાં જણાવાયું હતું. આ પ્રેક્ષકે પાકિસ્તાની મીડિયાને એવું કહ્યું હોવાનું મનાય છે કે ‘સલામતી રક્ષકે મને મારી પાકિસ્તાની જર્સી ઢાંકી દેવા કહ્યું હતું એટલે મેં તેમને કહ્યું કે તમે જે કંઈ કહી રહ્યા છો એ મને લેખિતમાં આપો.’

પાકિસ્તાની પ્રેક્ષક નઝરે પોતાની જર્સી નહોતી ઢાંકી અને સિક્યૉરિટી ઑફિસરને કહ્યું કે ‘ મારી આસપાસ બેઠેલા ભારત-તરફી પ્રેક્ષકોને કોઈ વાંધો નથી તો તમે કેમ મને આવી સૂચના આપી રહ્યા છો?’

હવે આ કિસ્સા સંબંધમાં લૅન્કેશર પોલીસ વિભાગ તપાસ કરી રહી છે. ભારતના એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલ મુજબ ઑલ્ડ ટ્રેફર્ડ ટેસ્ટ સંબંધિત સલામતી નીતિ વિશેની માર્ગદર્શિકમાં એવું જણાવાયું હતું કે પ્રેક્ષકોએ ભારત અથવા ઇંગ્લૅન્ડની ટીમને સપોર્ટ કરાતી જર્સી પહેરવી.’ ■

## વેસ્ટ ઇન્ડિઝમાં ઑસ્ટ્રેલિયા ૮-૦થી જીત્યું!

બૅસેટિયર (સેન્ટ કિટ્સ): ઑસ્ટ્રેલિયાએ સોમવારે અહીં વેસ્ટ ઇન્ડીઝને છેલ્લી ટી-૨૦માં ત્રણ વિકેટ અને ૧૮ બૉલ બાકી રાખીને હરાવ્યું એ સાથે કાંગારૂઓએ ટી-૨૦ ફૉર્મેટમાં પોતાના દેશ માટે નવો વિક્રમ રચ્યો હતો. ઑસ્ટ્રેલિયાએ ક્રિકેટ ઈતિહાસમાં પહેલી વખત વિદેશમાં રમેલી તમામ મૅચોમાં વિજય મેળવ્યો. કૅરિબિયન ધરતી પર ઑસ્ટ્રેલિયનોએ પહેલાં તો ટેસ્ટ સિરીઝ ૩-૦થી જીતી લીધી હતી અને હવે ટી-૨૦ શ્રેણીમાં ૫-૦થી ક્લીન સ્વીપ કરી છે.

ઑસ્ટ્રેલિયા કોઈ એક દેશના પ્રવાસમાં આઠ મૅચ રમ્યું હોય અને એ તમામ આઠ મૅચમાં વિજય મેળવ્યો હોય એવું પહેલી જ વખત બન્યું છે. આવા કિસ્સાઓની રેકૉર્ડ બુકમાં ભારતનો વિશ્વ વિક્રમ છે. ૨૦૧૭માં શ્રીલંકાના પ્રવાસમાં ભારતીય ટીમ ત્રણ ટેસ્ટની સિરીઝ ૩-૦થી, પાંચ વન-ડેની સિરીઝ ૫-૦થી અને એક ટી-૨૦ની શ્રેણી ૧-૦ થી, એમ કુલ મળીને આખા પ્રવાસમાં ભારતે ૯-૦થી જીત હાંસલ કરી હતી. ઑસ્ટ્રેલિયા હવે બીજા નંબરે છે. કોઈ ટીમે ટી-૨૦ સિરીઝ ૫-૦થી જીતી લીધી હોય એવું બીજી જ વખત બન્યું છે. ઑસ્ટ્રેલિયાની પહેલાં છ વર્ષ પૂર્વે ભારતે ન્યૂ ઝીલેન્ડમાં ટી-૨૦ શ્રેણી ૫-૦થી જીતી લીધી હતી.

મિચલ માર્શના સુકાનમાં ઑસ્ટ્રેલિયાએ સોમવારે ફીલ્ડિંગ પસંદ કરી હતી. શાઇ હોપની ટીમે શિમરોન હેટમાયર (બાવન રન, ૩૧ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી ૧૯.૪ ઓવરમાં ૧૭૦ રન કર્યા હતા. ઑસ્ટ્રેલિયાએ ૧૭ ઓવરમાં સાત વિકેટે ૧૭૩ રન કરીને વિજય મેળવી લીધો હતો જેમાં મિચલ ઓવેન (૩૭ રન, ૧૭ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. ■

## ફન વર્લ્ડ


‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| MIGHT | દ્રષ્ટિ |
| RIGHT | મુકાબલો |
| FIGHT | દુર્દશા |
| PLIGHT | ખરું |
| SIGHT | સામર્થ્ય |


### ઓળખાણ પડી?



ડાબા હાથે ફાસ્ટ તેમ જ સ્પિન બોલિંગ અને ડાબોડી બેટ્સમેન તરીકે પણ યોગદાન આપનારા ભારતીય ક્રિકેટરની ઓળખાણ પડી?


અ) ગોપાલ બોઝ બ) બાપુ નાડકર્ણી ક) એકનાથ સોલકર ડ) કરસન ઘાવરી

### ગયા વખતનો ઉકેલ



### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ



**આડી ચાવી**

૧. દસ્તાવેજ બનાવડાવવા તે (૭)
૫. ભરડકું, કાંજી, ઘેંસ (૨)
૭. રોપવા માટે ઉગાડેલો છોડ (૨)
૯. ૬૦ મિનીટનો સમય (૩)
૧૧. ભવાઇના--- ભજવાય (૨)
૧૨. તલપ, આતુરતા, ફૂરસદ (૩)
૧૩. કિંમતી લાકડું (૨)
૧૪. મોકો, તક (૨)
૧૫. લીલોતરી શાક (૩)
૧૬. અમુકતમુક વિચારનો અભિગ્રહ (૪)
૧૭. ભાવ, કિંમત (૨)
૧૮. પતિવ્રતા, પાર્વતી (૨)
૧૯. ખેંચાણ, તાણ, ઉચાટ (૩)
૨૧. લાઠી, સોટી (૩)
૨૪. દીવો (૨)
૨૬. ધમધોકાર, ઝપાટાબંધ (૬)
૩૧. એક કઠોળ (૨)
૩૨. નૃત્યનો એક પ્રકાર (૨)
૩૩. સંભાળ, જતન, માવજત (૪)
૩૪. એકધારો વરસાદ, સતત (૫)

**ઊભી ચાવી**

૧. બારણે ટકોરા (૩)
૨. વીંધી નાખે એવું (૩)
૩. એક મસાલો (૨)
૪. ગવાક્ષ, ઝરુખો (૩)
૬. ઘણી પત્નીઓ હોવી તે (૫)
૮. ઉપેક્ષા, અવજ્ઞા (૫)
૧૦. ફાયદો કરાવે એવું (૫)
૧૧. તીવ્રગતિથી વહેતી નદી (૪)
૧૪. મૂળકિંમત, દાણ, જકાત (૩)
૧૫. પરિવર્તન (૪)
૨૦. સરવાળામાં આવે (૨)
૨૨. શરીર, તન, કાયા (૩)
૨૩. અવરોધ, પ્રતિબંધ, દોષ (૨)
૨૫. આસપાસનો વિસ્તાર (૪)
૨૭. લક્ષ્મીજીને પ્રિય ફૂલ (૩)
૨૮. પગલું (૨)
૨૯. કૃષ્ણ (૩)
૩૦. ઇજ્જત, આબરૂ (૨)
૩૨. કૃષ્ણપ્રિયા (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘મને મેરુએ આપી અડગતા’ પંક્તિમાં મેરુ શબ્દનો અર્થ જણાવો.

અ) હિંમત બ) પર્વત ક) મગજ ડ) મહેનત

### માતૃભાષાની મહેક

મહેનત એટલે કામ કરવામાં તનમનને જોર આપવું કે બળ વાપરવું. શ્રમ, આયાસ, પુરુષાર્થ, પરિશ્રમ,જહેમત એના પર્યાયવાચી શબ્દો છે. માલની ઉત્પત્તિ માટે જે શારીરિક કે માનસિક મહેનત કરવામાં આવે છે તેને મહેનત કહે છે. તેને કેટલાક શ્રમ કે મજૂરી પણ કહે છે.

### સુડોકુ-૯૦૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૨ | ૯ | | | | | |
| | ૪ | | | ૩ | | | | ૯ |
| ૧ | | | ૭ | | | ૪ | | |
| | | ૩ | | ૧ | | | | ૨ |
| ૯ | | | ૮ | | ૨ | | | ૪ |
| ૨ | | | | ૪ | | ૧ | | |
| | | ૬ | | | ૮ | | | ૧ |
| ૮ | | | | ૫ | | | ૭ | |
| | | | | | ૧ | ૫ | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૫૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૬ | ૫ | ૧ | ૪ | ૯ | ૨ | ૭ | ૮ |
| ૭ | ૪ | ૯ | ૮ | ૫ | ૨ | ૧ | ૬ | ૩ |
| ૧ | ૮ | ૨ | ૩ | ૭ | ૬ | ૯ | ૫ | ૪ |
| ૯ | ૭ | ૧ | ૬ | ૩ | ૮ | ૪ | ૨ | ૫ |
| ૫ | ૨ | ૮ | ૪ | ૧ | ૭ | ૬ | ૩ | ૯ |
| ૪ | ૩ | ૬ | ૯ | ૨ | ૫ | ૮ | ૧ | ૭ |
| ૬ | ૫ | ૭ | ૨ | ૯ | ૪ | ૩ | ૮ | ૧ |
| ૮ | ૯ | ૩ | ૫ | ૬ | ૧ | ૭ | ૪ | ૨ |
| ૨ | ૧ | ૪ | ૭ | ૮ | ૩ | ૫ | ૯ | ૬ |

### ગુજરાત મોરી મોરી રે

ઘણીવાર તકલીફો સામટી આવે ને દુકાળમાં અધિક માસ થાય એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ને ડામ પાટું ઉપર ઉપર પડ્યા દાઝ્યા

### ઈર્શાદ

નજરો નમી નથી ને નયનમાં નમી નથી,
કોઈને એવી શુષ્ક યુવાની ગમી નથી.

મંથન ડીસાકર

### માઈન્ડ ગેમ

વિશ્વના દરેક દેશના અલાયદા રાષ્ટ્રીય પ્રાણી હોય છે. ‘જાયન્ટ પાંડા’ તરીકે પ્રસિદ્ધ પ્રાણી કયા દેશનું રાષ્ટ્રીય પ્રાણી છે?

અ) મોરોક્કો બ) પોલેન્ડ ક) ચીન ડ) ડેનમાર્ક

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| CHASTE | નિર્મળ |
| HASTE | ઉતાવળ |
| PASTE | પોચું મિશ્રણ |
| TASTE | સ્વાદ |
| WASTE | બગાડ |

ગુજરાત મોરી મોરી રે
ગોર પરણાવી આપે પણ કંઈ ઘર ચલાવી ન આપે

ઓળખાણ પડી?
Wiaan Mulder

માઈન્ડ ગેમ
નેપાળ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
અથડામણ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોત્સના ગાંધી (૧૪) રમેશ દલાલ (૧૫) હિના દલાલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) લજિતા ખોના (૧૮) મીનળ કાપડિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) નૂતન વિપીન શાહ (૨૫) અલકા વાણી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) અંબરીષ ઓઝા (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) ભાવના કર્વે (૩૩) અંજુ ટોલિયા (૩૪) કિશોર સંઘરાજકા (૩૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૬) ડાયના સંતોકે (૩૭) પુષ્પા ખોના (૩૮) નિતિન જયંતિલાલ બજરિયા (૩૯) અરવિંદ કામદાર (૪૦) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ડો. પ્રકાશ કટકિયા (૪૫) ધીરેન ઉદેશી (૪૬) ગીતા ઉદેશી (૪૭) દિપીકા દોશી (૪૮) કમલ માતલિયા (૪૯) મહેશ સંઘવી (૫૦) વિપીન શાહ (૫૧) વિજય આસર

# ગણેશ મંડળને કારણે પડતા ખાડાઓનું રાજકારણ

મુંબઈઃ ગણપતિ મંડળોને મંડપ બાંધવા માટે કરવામાં આવતા ખાડાનો દંડનો મુદ્દો હવે રાજકીય બન્યો છે. સમન્વય સમિતિની આંદોલનની ચેતવણી પછી હવે રાજ્યના વિરોધ પક્ષ આ મુદ્દે તેમના સમર્થનમાં જોડાયા છે અને પાલિકાના ઉચ્ચ અધિકારીને મળીને દંડને પાછો ખેંચવાની અરજ કરી છે.

ગણેશોત્સવ પહેલા મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ગણેશોત્સવ દરમ્યાન મંડપ બાંધવા માટે મંડપો દ્વારા કરવામાં આવતા ખાડા માટેનો દંડ ૨,૦૦૦ રૂપિયાથી વધારીને ૧૫,૦૦૦ રૂપિયા કરવાના નિર્ણયથી (જુઓ પાનું ૪) ▶▶

# વિદ્યાવિહાર બ્રિજ આવતા વર્ષે ખુલ્લો મુકાશે

### બ્રિજનું કામ ૩૧મે, ૨૦૨૬ સુધી પૂરું કરવાનું બીએમસીનું લક્ષ્ય



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઓક્ટોબર બાદ વિદ્યાવિહાર (પશ્ચિમ)માં રહેલા ૬૦ બાંધકામને દૂર કરવાનું કામ ચાલુ કરવામાં આવશે. જોકે મુંબઈ મહાનગરપાલિકાના અધિકારીઓને ડર સતાવી રહ્યો છે કે જો અસરગ્રસ્ત રહેવાસીઓના પુનર્વસનમાં વિલંબ થયો તો આગામી ચોમાસા પહેલા રેલવે ઓવર બ્રિજનું (આરઓબી) કામ સમયસર પૂર્ણ થવાની શક્યતા ઘટી જશે. આ બાંધકામોને આગામી બેથી ત્રણ મહિનામાં હટાવીને પુનવર્સનની પ્રક્રિયા પૂરી કરવાની સૂચના આપવામાં આવી છે. જેથી પહેલાથી જ અટવાઈ ગયેલા આ બ્રિજનું કામ ઝડપથી પૂરું થાય. હવે આ બ્રિજનું બાકીનું કામ પૂરું કરવાની અંતિમ તારીખ મે, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે, જે પહેલાથી જ નિર્ધારીત સમય કરતા એક વર્ષ મોડી છે.

પાલિકાના 'એન' વોર્ડની હદમાં આવતા ઘાટકોપર પરિસરમાં પૂર્વમાં રામચંદ્ર ચેંબૂરકર રોડ અને પશ્ચિમમાં લાલબહાદૂર શાસ્ત્રી રોડ (એલબીએસ)ને જોડવા માટે વિદ્યાવિહાર રેલવે સ્ટેશનના પાટા ઉપરથી પસાર થનારો (જુઓ પાનું ૪) ▶▶

### વસઈ-વિરાર ભૂતપૂર્વ પાલિકા કમિશનરની

# સોમવારે માનભેર વિદાય, મંગળવારે ઈડીના દરોડા

મુંબઈઃ વસઈ-વિરાર મહાનગરપાલિકાની હદમાં 'મોટા પાયે' કરાયેલાં ગેયકાયદે બાંધકામો સાથે કડી ધરાવતા મની લોન્ડરિંગ પ્રકરણની તપાસના ભાગ રૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે (ઈડી) મંગળવારે પાલિકાના ભૂતપૂર્વ કમિશનર અનિલ પવાર સાથે સંકળાયેલાં અનેક સ્થળોએ સર્ચ હાથ ધરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ પવાર, તેના પરિવારના સભ્યો, સહકર્મચારીઓ અને કથિત બેનામી મિલકતો જેમના નામે કરવામાં આવી છે એવા લોકો સાથે સંકળાયેલાં મુંબઈ, વિરાર અને નાશિકનાં ડઝન જેટલાં સ્થળોએ પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ સર્ચ હાથ ધરવામાં આવી હતી.

અનિલ પવારની તાજેતરમાં જ વસઈ-વિરાર મહાપાલિકામાંથી બદલી કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર સોમવારે જ તેમનો વિદાય સમારંભ યોજાયો હતો.

મીરા-ભાયંદર પોલીસ કમિશનરેટમાં અમુક બિલ્ડર, સ્થાનિક માથાભારે લોકો (જુઓ પાનું ૪) ▶▶

# પ્રધાન વિરુદ્ધ ડાન્સ બારના આક્ષેપોના 'પુરાવા' સાથે પરબ ફડણવીસને મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા અનિલ પરબ મંગળવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા અને રાજ્યના પ્રધાન યોગેશ કદમ કથિત રીતે તેમની માતાના નામે પરમિટ મેળવીને ડાન્સ બાર ચલાવી રહ્યા હોવાના 'પુરાવા' રજૂ કર્યા હતા.

પત્રકારો સાથે વાત કરતાં પરબે કહ્યું હતું કે તેમણે એવા પુરાવા પણ રજૂ કર્યા કે ગરીબ ખેડૂતોના ઘરો માટે જગબુડી નદીમાંથી કાઢવામાં આવતી રેતી કથિત રીતે રત્નાગીરીમાં કદમના પરિવાર સાથે સંકળાયેલી ડેન્ટલ કોલેજમાં વાળવામાં આવી રહી છે.

પહેલેથી જ આરોપોને નકારી કાઢનારા કદમે આના પર બોલતાં કહ્યું હતું કે તેઓ મુખ્ય પ્રધાન સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરશે. પરબે કહ્યું હતું કે, 'મેં રાજ્ય વિધાનસભાના ચોમાસુ સત્રના છેલ્લા દિવસે આ મુદ્દાઓ વિશે વાત કરી હતી. મુખ્ય પ્રધાને મને પુરાવા આપવા કહ્યું હતું અને મેં તે મુજબ તેમને આપી દીધા છે.'

શિવસેના યુબીટીના વિધાનપરિષદના સભ્યે કહ્યું હતું કે તેમને આશા છે કે ફડણવીસ પુરાવાઓની તપાસ કરશે અને ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન કદમ સામે પગલાં લેશે. 'હું દર ૧૫ દિવસે મુખ્ય પ્રધાનને મેં રજૂ કરેલા પુરાવા અને તેના પર લેવાયેલી કાર્યવાહી અંગે યાદ અપાવતો રહીશ. મને અપેક્ષા છે કે તેઓ કદમ સામે પગલાં લેશે નહીંતર એવું લાગશે કે તેઓ કદમને બચાવી રહ્યા છે,' એમ પરબે કહ્યું હતું.

મહાયુતિની ૨૦૧૯થી ૨૦૨૨ સુધીની સરકારમાં પરબ રત્નાગિરીના પાલક પ્રધાન હતા અને બંને અવિભાજિત શિવસેનાનો ભાગ હતા ત્યારથી કદમ અને પરબ વચ્ચે દુશ્મનાવટ છે. કદમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના હરીફ જૂથમાં જોડાયા હતા. ■

### આનંદોઃ ગોરેગાંવ મુલુંડ લિંક રોડ આડેનો મોટો અવરોધ દૂર થયો

# સુપ્રીમ કોર્ટે ટ્રી ઓથોરિટીને પાલિકાની વૃક્ષ કાપવાની અરજી પર વિચાર કરવા જણાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પર્યાવરણ સંરક્ષણ અને વિકાસ વચ્ચે સંતુલન જરૂરી હોવાની નોંધ કરતાં, સુપ્રીમ કોર્ટે મંગળવારે ટ્રી ઓથોરિટીને ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર) પ્રોજેક્ટ માટે મુંબઈના ફિલ્મ સિટીમાં ૯૫ વૃક્ષો કાપવા માટે બહન્મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી)ની અરજી પર નિર્ણય લેવાની મંજૂરી આપી હતી.

ચીફ જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠે બીએમસીની મહત્વાકાંક્ષી જીએમએલઆર પ્રોજેક્ટ માટે પ્રથમ તબક્કામાં વૃક્ષો કાપવા માટે સર્વોચ્ચ અદાલતની મંજૂરી માગતી અરજી પર સુનાવણી કરતાં ઉપરોક્ત નિર્દેશ આપ્યો હતો. જીએમએલઆર પ્રોજેક્ટમાં મુલુંડ અને ગોરેગાંવ વચ્ચે મુસાફરીનો સમય (જુઓ પાનું ૪) ▶▶

# પુણે પાર્ટી પર રેઈડના વીડિયો પોલીસે લીક નથી કર્યાઃ પોલીસ કમિશનર

પુણેઃ પોતાના જમાઇને દેખાડતા પુણે રેવ પાર્ટી પર રેઇડના વીડિયો પોલીસે લીક કર્યા હોવાના રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન એકનાથ ખડસેના આક્ષેપોને પોલીસ કમિશનર અમિતેષ કુમારે મંગળવારે ફગાવી દીધા હતા.

પોલીસની કાર્યવાહી પર શંકા વ્યક્ત કરવાનું કોઇ કારણ નથી. સમગ્ર કાર્યવાહી પારદર્શક રીતે અને કાયદા મુજબ કરવામાં આવી હતી, એમ કુમારે કહ્યું હતું.

પુણેના ખરાડી વિસ્તારમાં આવેલા સ્ટુડિયો અપાર્ટમેન્ટમાં રેવ પાર્ટી પર પુણે ક્રાઇમ બ્રાન્ચે રવિવારે મળસકે ત્રણ વાગ્યે રેઇડ પાડી હતી. રેઇડ દરમિયાન ત્યાંથી કોકેઇન, ગાંજો, (જુઓ પાનું ૪) ▶▶

### ડ્રગ્સ કેસમાં જમાઈની ધરપકડ મને બદનામ કરવાનું કાવતરુંઃ ખડસે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ હની ટ્રેપ કૌભાંડ અંગે અવાજ ઉઠાવ્યો એટલા માટે ડ્રગ્સ કેસમાં જમાઈની ધરપકડ કરીને બદનામ કરવાનું કાવતરૂં ઘડવામાં આવ્યું હોવાનો ગંભીર આરોપ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન એકનાથ ખડસેએ મંગળવારે પુણેમાં કર્યો હતો.

પુણેમાં આવેલા તેમના નિવાસસ્થાને પત્રકારો સાથે વાત કરતાં એનસીપી (એસપી)ના નેતા (જુઓ પાનું ૪) ▶▶

# 'કોંગ્રેસ-મુક્ત ભારત' નહીં પણ 'કોંગ્રેસ-યુક્ત ભાજપ': સપકાળનો શાસક પક્ષ પર કટાક્ષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે મંગળવારે શાસક ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર પ્રહાર કરતા કહ્યું કે દેશને 'કોંગ્રેસ-મુક્ત' બનાવવાના દાવા સામે, ભાજપ પોતે જ તેમના પક્ષના નેતાઓને લલચાવીને 'કોંગ્રેસ-યુક્ત' બની રહી છે.

તેમણે ભાજપ પર કોંગ્રેસના નેતાઓને પક્ષ બદલવા માટે ડર અને લોભની યુક્તિઓનો ઉપયોગ કરવાનો આરોપ જાલનામાં પત્રકારોને સંબોધતાં લગાવ્યો હતો.

જાલનાના ભૂતપૂર્વ વિધાનસભ્ય કૈલાશ ગોરંટ્યાલે રવિવારે કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાવાનો સંકેત આપ્યો હતો તેના પગલે સપકાળની આ ટિપ્પણી આવી છે. ગોરંટ્યાલે મંગળવારે મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિ (એમપીસીસી)ના ઉપાધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું હતું. 'ભાજપ કોંગ્રેસને તોડવા માટે ધાકધમકી અને લાલચની યુક્તિઓનો ઉપયોગ કરી રહ્યું છે તે શરમજનક છે. આ ફક્ત એ જ સાબિત કરે છે કે ભાજપ નેતૃત્વના સંકટનો સામનો કરી રહ્યું છે,' એમ સપકાળે કહ્યું હતું.

'અત્યારે જે જોવા મળી રહ્યું છે કે 'કોંગ્રેસ-મુક્ત ભારત' નથી જેવો ભાજપ દાવો કરે છે, પરંતુ 'કોંગ્રેસ-યુક્ત ભાજપ' છે,' એમ તેમણે ઉમેર્યું હતું.

૨૦૨૪ ની વિધાનસભા ચૂંટણીમાં, ગોરંટ્યાલને શિવસેનાના અર્જુન ખોતકરે જાલના બેઠક પરથી હરાવ્યા હતા. બાદમાં તેમણે કોંગ્રેસના નેતાઓ પર ચૂંટણી પ્રચાર દરમિયાન તેમને ટેકો ન આપવાનો આરોપ લગાવ્યો હતો. સપકાળે કહ્યું કે કોંગ્રેસ છોડી દેનારાઓ પાયાવિહોણા આરોપો લગાવે છે.

'આવા અહેવાલોમાં કોઈ સત્ય નથી. આ અફવાઓ છે. પાર્ટીએ ચવ્હાણને મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપી છે,' એમ તેમણે કહ્યું હતું. ■

# કેબિનેટની બેઠક પહેલાં કોકાટેની અજિત પવાર સાથે મુલાકાતઃ સસ્પેન્સ વધુ ઘેરું બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિવાદાસ્પદ નિવેદનોને કારણે વિપક્ષની ટીકાનો સામનો કરી રહેલા કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેએ મંગળવારે નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીના વડા અજિત પવારને મળ્યા હતા.

અજિત પવાર તેમનાથી નારાજ હોવાનું માનવામાં આવે છે અને તેમણે કોકાટેને સમર્થનની કોઈ ખાતરી આપી ન હતી, એવો દાવો માહિતી આપનારા સૂત્રોએ કર્યો હતો.

ખેડૂતો માટે તેમની વાંધાજનક ટિપ્પણીને કારણે મહાયુતિ સરકાર અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ને ખેડૂત સમુદાયની નારાજગી બાદ અજિત પવારે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી અને ત્યાર બાદ કોકાટેએ પોતાના નિવેદનો બદલ દિલગીરી વ્યક્ત કરી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, કોકાટે તેમની પુત્રી સાથે સવારે મંત્રાલય પહોંચ્યા હતા અને (જુઓ પાનું ૪) ▶▶

### નાગપુરમાં ત્રિપુટીએ કરેલા હુમલામાં અફઘાન નાગરિક ગંભીર રીતે ઘવાયો

નાગપુરઃ નાગપુરમાં રસ્તા પર ધાબળા વેચનારા અફઘાન નાગરિક સાથે ઝઘડો થયા બાદ ત્રણ જણે તેના પર હુમલો કર્યો હતો, જેમાંથી એક જણે તેને 'આતંકવાદી' કહ્યો હતો. યશોધરા નગર પોલીસ સ્ટેશનની હદમાં યાદવ નગર ખાતે રવિવારે રાતે આ ઘટના બની હતી, જેમાં અફઘાન નાગરિકને ગંભીર ઇજા પહોંચી હતી. યશોધરા નગર પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનના નાગરિક ફહીમ ખાન ઉર્ફે મમતૂર મર્ગક સાથે કોઇ બાબતને લઇ ઝઘડો થયા બાદ અજય ચવાણ અને તેના બે મિત્ર રિષી તથા મયંકે ફહીમ પર સિમેન્ટ બ્લોકથી હુમલો કર્યો હતો. (પીટીઆઇ)■

# વિદ્યાર્થીઓ માટે એક જ સમયે બે ડિગ્રી મેળવવાની સુવર્ણ તક

સાવંતવાડીઃ મુંબઈ યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓ માટે એક ક્રાંતિકારી પગલું ભર્યું છે. હવે વિદ્યાર્થીઓ એક જ સમયે બે ડિગ્રી મેળવી શકશે. આ પહેલ માટે મુંબઈ યુનિવર્સિટીએ સિંધુદુર્ગ જિલ્લાની બે કોલેજો સાથે કરાર કર્યો છે, જેમાં સાવંતવાડીમાં શ્રી પંચમ ખેમરાજ કોલેજનો પણ સમાવેશ થાય છે.

આ યોજના હેઠળ વિદ્યાર્થીઓ એક સાથે બે ડિગ્રી માટે પ્રવેશ લઈ શકશે. જેમાં એક ડિગ્રી માટે ૭૫ ટકા હાજરી જરૂરી છે, જ્યારે બીજા કોર્સ માટે હાજરીની કોઈ આવશ્યકતા નથી. વિદ્યાર્થી ઓનલાઈન પણ અભ્યાસ કરી શકે છે. આ કોર્સ મુંબઈ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવશે અને આ ડિગ્રીઓને નિયમિત અભ્યાસક્રમો અને પરંપરાગત ડિગ્રીઓની સમકક્ષ ગણવામાં આવશે.

વિદ્યાર્થી રાજ્યના કોઈપણ કેન્દ્રમાંથી આ ડિગ્રી મેળવી શકે છે. કોંકણના સાત જિલ્લાઓમાં આ કેન્દ્રો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, જેમાં સિંધુદુર્ગ, રત્નાગિરિ, રાયગઢ, થાણે અને પાલઘરનો સમાવેશ થાય છે. આ નવી પહેલ હેઠળ ઘણા ગ્રેજ્યુએટ અને પોસ્ટ-ગ્રેજ્યુએટ કોર્સ ઉપલબ્ધ થશે. ■

# મુંબઈ-ગોવા હાઈવે પર ગેસ ટેન્કર ઊંધુ વળ્યું

મુંબઈઃ મુંબઈ-ગોવા હાઇવે પર હાથખંબા સ્કૂલ પાસે વાણી પેઠમાં એક ગેસ ટેન્કર, ડ્રાઇવરે વળાંક લેતી વખતે નિયંત્રણ ગુમાવતા પલટી ગયુ હતું. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ ટેન્કર ચાલકને જિલ્લા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સોમવારે રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ થયેલા આ અકસ્માતમાં ગેસ ટેન્કર ૨૫ ફૂટ ઊંડી ખીણમાં

ખાબકતાં તેમાંથી ગેસ લીકેજ થયો હતો. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાત્રે આસપાસના ઘરોમાં રહેતા તમામ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતને કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. પોલીસ અને બચાવ ટીમને ૧૫ કલાક પછી હાઇવે પર થંભી ગયેલો ટ્રાફિક પૂર્વવત્ કરવામાં સફળતા મળી હતી.

જયગઢથી કોલ્હાપુર ૮૦ ટન એલપીજી ગેસ લઈ જતું ગેસ ટેન્કર વાણી પેઠ ખાતે કાબુ ગુમાવ્યા બાદ એક સ્કૂલ પાસે પલટી ગયું હતું. ગેસ ટેન્કર લીક થવા લાગતાં ભારે હોબાળો મચી ગયો હતો. સ્થાનિક લોકો અને રત્નાગિરિ પોલીસ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ગામના તમામ લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા. ટેન્કરમાંથી ગેસ લીકેજ અટકાવવા માટે રત્નાગિરિ એમઆઇડીસીમાંથી બચાવ ટીમને બોલાવવામાં આવી હતી.

રાત્રે થયેલા અકસ્માત બાદ મુંબઈ-ગોવા હાઈવે પરનો ટ્રાફિક સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. આ રૂટ પરનો ટ્રાફિક બાવનદી થઈને દેવરુખ સાખરપા તરફ જ્યારે કેટલોક વાહનવ્યવહાર લાંજા-દેવધે થઈને વાળવામાં આવ્યો હતો.

બચાવ ટીમને ૧૫ કલાક પછી આ હાઈવે પર ટ્રાફિક સુગમ બનાવવામાં સફળતા મળી હતી. ■

# સફાઈ કર્મચારીઓ સામે પાલિકા પ્રશાસન ઝૂક્યું

### પ્રશાસન અને સ્વચ્છતા કર્મચારી વચ્ચે કરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ કચરાની ગાડીઓ માટે નવો કૉન્ટ્રેક્ટ આપવા સહિત ઘર-ઘરમાંથી કચરો જમા કરવા માટેનો કૉન્ટ્રેક્ટ પાછો ખેંચવાનો નિર્ણય લીધો છે. એ સિવાય સફાઈ કર્મચારીઓની તમામ માગણીઓને પાલિકા પ્રશાસને માન્ય કરી હોઈ એ બાબતે કામગાર સંઘટના સંઘર્ષ સમિતિ અને મુંબઈ મહાનગરપાલિકા વચ્ચે સોમવારે કરાર થયા હતા. આ કરાર મુજબ પાલિકાના આઠ હજાર કૉન્ટ્રેક્ટ પર રહેલા કર્મચારીને કાયમી ધોરણે સમાવી લેવામાં આવશે. નવા સરકારી નિર્ણય પ્રમાણે લાડ પાગે સમિતિની ભલામણને લાગુ કરવામાં આવશે. પાલિકાએ કચરાઓની (જુઓ પાનું ૪) ▶▶


### આઈપીએલની ૨૬૧ જર્સી ચોરી

# વાનખેડે સ્ટેડિયમના સિક્યુરિટી મેનેજરની ધરપકડ

મુંબઈઃ બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના સ્ટોરમાંથી આઇપીએલ (ઇન્ડિયન પ્રીમિયર લીગ)ની ૬.૫૨ લાખ રૂપિયાની કિંમતની ૨૬૨ જર્સી ચોરવા બદલ વાનખેડે સ્ટેડિયમના ૪૩ વર્ષના સિક્યુરિટી મેનેજરની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપીની ઓળખ ફારુક અસ્લમ ખાન તરીકે થઇ હોઇ તે મીરા રોડનો રહેવાસી છે. કેટલાક દિવસ અગાઉ તેની ધરપકડ કરવામાં આવી હતી અને હાલ તે જામીન પર મુક્ત છે.

દક્ષિણ મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ૧૩ જૂને બીસીસીઆઇના સત્તાવાર મર્ચન્ડાઇઝ સ્ટોરમાંથી ફારુક ખાને (જુઓ પાનું ૪) ▶▶



# થાણે - નાગપુરની જેલના સ્થળાંતરને રાજ્ય સરકારની મંજૂરી

મુંબઈઃ ઇમારતોના પુનર્વિકાસ અને અન્ય વિકાસ પ્રોજેક્ટ માટે માર્ગ મોકળો થઈ શકે એ હેતુથી થાણે અને નાગપુરની બે સેન્ટ્રલ જેલને ટૂંક સમયમાં જ અંતરિયાળ વિસ્તારોમાં સ્થળાંતરિત કરવામાં આવશે. રાજ્ય સરકારે થાણે જેલને ભિવંડીના આમણેગાંવ ખાતેના ૫૦ એકરના પ્લોટમાં અને નાગપુર જેલને ચિંચોલી ગામમાં ૧૮૦ એકરના પ્લોટમાં ખસેડવાનો નિર્ણય કર્યો છે, જે હાલના સ્થળથી ૨૦ કિમી દૂર છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ એક અઠવાડિયા પહેલાં આ બંને જેલને ખસેડવાની મંજૂરી આપ્યા બાદ હવે ગૃહ વિભાગે કેદીઓની વધતી જતી સંખ્યાને ધ્યાનમાં રાખીને નવા ધારાધોરણ મુજબ નવી જેલો બાંધવા માટે ૭૦ એકરથી વધુ જમીનનો ઉપયોગ થાય તેની ખાતરી કરી જેલ ખસેડવાની પ્રક્રિયા શરૂ કરી છે.

બ્યુટિફિકેશન પ્રોજેક્ટ માટે નાગપુર જેલ સ્થળાંતર કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. જેલ વિભાગના અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે મહેસૂલ પ્રધાન અને નાગપુરના વાલી પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ તાજેતરમાં મંત્રાલયમાં એક બેઠક યોજી હતી અને નાગપુર શહેરની બહારના વિસ્તારમાં ૮૦ એકર જમીનની ઓફર કરી હતી. ■

# કોંકણ રેલવેની રો-રો ગોવા સર્વિસને મોળો પ્રતિસાદ

### એક અઠવાડિયામાં માત્ર એક જ બુકિંગ

મુંબઈઃ મહારાષ્ટ્ર અને ગોવા વચ્ચે કાર લઈ જતી દેશની પ્રથમ રો-રો ટ્રેન સર્વિસનું બુકિંગ શરૂ થયાને એક અઠવાડિયું થઈ ગયું છે. જોકે આ સર્વિસને નાગરિકોનો મોળો પ્રતિસાદ મળ્યો છે. રવિવાર સુધીમાં કોંકણ રેલવેના અધિકારીઓને નવી સુવિધા વિશે પૂછપરછ કરતા માત્ર ૩૮ કોલ આવ્યા હતા અને તેમાંથી માત્ર એક જ વ્યક્તિએ કોલાડથી ૨૩ ઓગસ્ટથી શરૂ થનારી મુસાફરી માટે સીટ બુક કરાવી હતી. કોંકણ રેલવેના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે અપૂરતા બુકિંગ (૧૬થી ઓછી કાર)ની સ્થિતિમાં ટ્રિપ રદ કરવામાં આવશે અને રજિસ્ટ્રેશન ફી પરત કરવામાં આવશે.

ટ્રિપ દીઠ ૪૦ કાર સમાવી શકતી રો - રો સર્વિસને મહારાષ્ટ્રના કોલાડથી ગોવાના વેર્ણા સુધી નોન સ્ટોપ સેવા તરીકે આયોજન કરવામાં આવ્યું છે. ગણપતિ ઉત્સવ પહેલાં કોંકણ માર્ગ રેલવે માટે અત્યંત વ્યસ્ત બની જતા હોવાથી આ વિકલ્પનો વિચાર કરવામાં આવ્યો છે. રેલવેના સૂત્રોએ જણાવ્યું હતું કે પૂછપરછ દરમિયાન મોટા ભાગના સવાલો રત્નાગિરી અને સાવંતવાડી જેવા મહત્ત્વના સ્ટેશનો પર રો-રો સર્વિસ ઊભી રહેશે કે કેમ તે અંગેના હતા. આ વિસ્તારમાં ગણેશોત્સવની ઉજવણી કરવા માટે પોતાના વતન જતા લોકોની સંખ્યા વધુ જોવા મળે છે. જો કે આ સ્ટેશનો પર કાર લોડિંગ અને અનલોડિંગ માટે સુવિધા ઉપલબ્ધ ન હોવાથી ત્યાં રો - રો સર્વિસ રોકાશે નહીં, એમ રેલવેના અધિકારીઓએ જણાવ્યું હતું. ■

### મરાઠા આરક્ષણ

# ૨૯ ઓગસ્ટે ભૂખ હડતાળ કરવાની જરાંગેની ચેતવણી

જાલનાઃ મહારાષ્ટ્ર સરકાર પર મરાઠા સમુદાયને આપેલા વચનો પૂરા કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવતા મરાઠા કાર્યકર્તા મનોજ જરાંગેએ ૨૯ ઓગસ્ટે મુંબઈમાં નવેસરથી ભૂખ હડતાળ શરૂ કરવાની મંગળવારે ચેતવણી આપી હતી.

તેમણે સરકાર પર મરાઠા સમુદાયને છેતર્યા હોવાનો આરોપ લગાવ્યો હતો. મરાઠાઓની ચાર મુખ્ય માંગણીઓ, જે સરકારે અમલમાં મૂકવાની ખાતરી આપી હતી, તે પૂર્ણ થઈ નથી. સરકારે ફરી એકવાર સમુદાયને છેતર્યો છે, એમ કહેતા જરાંગેએ ઉમેર્યુ કે આપણે છેલ્લા બે વર્ષથી ધીરજ રાખી રહ્યા છીએ. હવે સમય આવી ગયો છે. હું બધા મરાઠાઓને અપીલ કરું છું - ચૂપ ન બેસો. આપણે આપણા અધિકારો માટે લડવું જોઈએ, એમ તેમણે સમુદાયના સભ્યોને બે મહિનામાં તેમની ખેતી પ્રવૃત્તિઓ પૂર્ણ કરી, મુંબઈ તરફ કૂચ કરવાની તૈયારી કરવા વિનંતી કરી હતી અને ૨૯ ઓગસ્ટના રોજ મુંબઈમાં નવેસરથી ભૂખ હડતાળ કરવાની ચેતવણી આપી હતી. ■

# મંદીની હેટટ્રિક બાદ માર્કેટ રિબાઉન્સ થયું: સેન્સેક્સ ૪૪૭ પોઈન્ટ ઊછળ્યો: નિફ્ટી ૨૪,૮૦૦ની ઉપર પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એકધારા ત્રણ દિવસના ઘટાડા પછી મંગળવારે વેલ્યુબાઇંગ અને ખાસ કરીને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બેંક જેવા બ્લુ-ચિપ શેરોમાં તેજીને કારણે સેન્સેક્સ અને નિફ્ટી સત્રની પ્રારંભિક નબળાઇ ખંખેરીને તેજી સાથે પોઝિટિવ ઝોનમાં પાછાં ફર્યા હતા.

ત્રીસ શેર ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૪૪૬.૯૩ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા વધીને ૮૧,૩૩૭.૯૫ પોઈન્ટ પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૫૩૮.૮૬ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા વધીને ૮૧,૪૨૯.૮૮ પોઈન્ટ પર બંધ થયો હતો. પચાસ શેર ધરાવતો એનએસઈનો બેન્ચમાર્ક નિફ્ટી ૧૪૦.૨૦ પોઈન્ટ અથવા ૦.૫૭ ટકા વધીને ૨૪,૮૨૧.૧૦ પોઈન્ટ પર બંધ થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાંથી, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ૨.૨૧ ટકા વધીને બંધ થયો. લાર્સન એન્ડ ટુબ્રો, એશિયન પેઇન્ટ્સ, ટાટા મોટર્સ, અદાણી પોર્ટ્સ, ટાટા સ્ટીલ, મારુતિ સુઝુકી, ભારતી એરટેલ, બજાજ ફાઇનાન્સ અને એચડીએફસી બેંક ટોચના વધાનારા શેરોની યાદીમાં હતાં. જોકે, એક્સિસ બેંક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટાઇટન અને આઇટીસી સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં રિલાયન્સ ૨.૨૧ ટકા, લાર્સન ૨.૧૩ ટકા, એશિયન પેઈન્ટ ૧.૮૧ ટકા, તાતા મોટર્સ ૧.૪૮ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૪૨ ટકા, તાતા સ્ટીલ અને મારુતિ ૧.૨૮ ટકા અને ભારતી એરટેલ ૦.૭૫ ટકા વધ્યા હતા.

જ્યારે એક્સિસ બેન્ક ૦.૭૩ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૭૩ ટકા, ટાઈટન ૦.૪૧ ટકા, આઈટીસી ૦.૩૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૨૮ ટકા, બીઈએલ ૦.૨૬ ટકા, ઈટર્નલ ૦.૨૪ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૧૬ ટકા ઘટ્યો હતો. શેરબજારમાં આ સપ્તાહે ટેરિફના કાઉન્ટડાઉન સાથે એક તરફ અફડાતફડી રહેવાની ધારણાં છે તો બીજી તરફ પ્રાઇમરી માર્કેટમાં ધમધમાટ રહેશે. આ સપ્તાહ આઇપીઓ બજાર માટે સૌથી વ્યસ્ત રહેવાનો છે, કારણ કે કુલ ૧૪ જાહેર ઇશ્યૂ દલાલ સ્ટ્રીટ પર આવી રહ્યાં છે, જેમાં મેઇનબોર્ડ સેગમેન્ટના પાંચ અને એસએમઇ સેગમેન્ટના નવ આઇપીઓનો સમાવેશ થાય છે.

એ જ સાથે તાજેતરમાં જ આઇપીઓ લાવનારી ૧૨ કંપનીઓના શેરનું બજારમાં લિસ્ટિંગ થશે. મૂડીબજારમાં પ્રવેશનારી ઉક્ત ૧૪ કંપનીઓ રૂ. ૭,૩૦૦ કરોડથી વધુ ભંડોળ એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે, જેમાં મેઇનબોર્ડ આઇપીઓ દ્વારા એકત્ર થનારા રૂ. ૭,૦૦૮ કરોડનો સમાવેશ થાય છે. પાછલા સપ્તાહે પ્રવેશેલા બે મેઇનબોર્ડ અને ત્રણ એસએમઇ આઇપીઓ બંધ થશે.

આદિત્ય ઇન્ફોટેક અને લક્ષ્મી ઇન્ડિયા ફાઇનાન્સ સબ્સ્ક્રિપ્શન માટે ખૂલ્યા છે. આ પછી એનએસડીએલ, શ્રી લોટસ, એમએન્ડબી એન્જિનિયરિંગ બજારમાં પ્રવેશ કરશે. એસએમઇ સેગમેન્ટમાં, નવ જાહેર ભરણાંમાં ઉમિયા મોબાઇલ, રેપોનો, કેઇટેક્સ, ટાક્યોન, મેહુલ કલર્સ, બી.ડી. ઇન્ડ., રેનોલ, કેશ યુઆર, ફ્લાઇબીસનો સમાવેશ છે.

આમાંથી કસ્ટમાઇઝ્ડ અને સ્પેશિયલાઇઝ્ડ માસ્ટરબેચ ઉત્પાદક મેહુલ કલર્સ લિમિટેડ ૩૦ જુલાઈએ મૂડીબજારમાં પ્રવેશ કરશે. અરજી માટે મિનિમમ લોટ સાઈઝ ૧,૬૦૦ ઈક્વિટી શેરની છે અને રૂ. ૬૮થી રૂ. ૭૨ પ્રતિ શેરની પ્રાઇસ બેન્ડ નક્કી થઇ છે. એકત્ર નાણાં ભંડોળનો ઉપયોગ નવી ઉત્પાદન સુવિધાની સ્થાપના, કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ હેતુ તથા કેપિટલ એક્સપેન્ડિચર માટે થશે.

એનએસઇનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૧૪ ટકા વધીને રૂ. ૨૯૨૪ કરોડ રહ્યો છે અને કુલ આવકમાં પણ ત્રણ ટકાનો વધારો થયો છે. મઝગાંવ ડોકના પ્રથમ ક્વાર્ટરના નફામાં વાર્ષિક ધોરણે ૩૫ ટકાનો ઘટાડો નોંધાયો




હોવાથી તેના શેરમાં પાંચ ટકાથી વધુ કડાકો જોવા મળ્યો હતો. પીએનસી ઇન્ફ્રાટેકના શેરમાં પાંચ ટકાથી વધુનો ઉછાળો જોવાયો હતો. પ્રથમ ત્રિમાસિક પરિણામો જાહેર થયાપછી ઇન્ડસઇન્ડ બેંકના શેરમાં બે ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

વારી એનર્જીના શેરમાં પ્રથમ ક્વાર્ટરનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૮૯ ટકાવધીને રૂ. ૭૪૫ કરોડ નોંધાયો હતો. પ્રોફેશનલ ઈ-વેસ્ટ મેનેજમેન્ટ કંપની, ઈકો રિસાયક્લિંગ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટર માટે અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ત્રિમાસિક તુલનાએ ૨૬૭.૭૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૮.૦૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જ્યરે કુલ આવક ૪૩.૩૭ ટકા વધીને રૂ. ૧૩.૬૨ કરોડ રહી છે. ૪૧.૧૧ ટકાના વધારા સાથે રૂ. ૯.૪૪ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસે વૈશ્વિક ધોરણે લગભગ ૧૨,૦૦૦ કર્મચારીઓને છૂટા કરવાની જાહેરાત કર્યા પછી બે દિવસમાં તેના બજાર મૂલ્યાંકનમાં રૂ. ૨૮,૧૪૮.૭૨ કરોડનું નુકસાન થયું છે. ટોચના ઉદ્યોગોને માર્કેટ રીસર્ચ, એનાલિસિસ, ઓપિનિયન અને સોલ્યુશન પૂરું પાડનાર ટોપનોચ ફાઇન્ડેશને મુંબઈ ખાતે ડો. શ્યામા પ્રસાદ મુખર્જી મેમોરિયલ એવોર્ડનું આયોજન કર્યું હતું જેમાં વ્યાપાર, રિયલ એસ્ટેટ, શિક્ષણ, સ્વાસ્થ્ય, ક્ષેત્રમાં યોગદાન આપનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને સમ્માનિત કરવામાં આવી હતી. એક્સિસ મેક્સ લાઇફ ઇન્સ્યુરન્સે બીએસઇ ૫૦૦ વેલ્યુ ૫૦ ઇન્ડેક્સ ફંડનો એનએફઓ લોન્ચ કર્યો છે જે ૧૦મી ઓગસ્ટ સુધી ખુલ્લો રહેશે.

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ નીચા સ્તરે સ્થિર થયો જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયો હતો. યુરોપના બજારો ઊંચા વેપાર કરી રહ્યા હતા. સોમવારે યુએસ બજારો મિશ્ર નોંધ પર બંધ થયા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ વાયદો ૦.૬૩ ટકા વધીને ૭૦.૪૮ ડોલર પ્રતિ બેરલ બોલાયો હતો. એફઆઇઆઇની વેચવાલી ચાલુ રહી હતી. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે રૂ. ૬,૦૮૨.૪૭ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. સોમવારે ત્રીજા દિવસે શેરબજારોમાં ઘટાડો થયો હતો. સેન્સેક્સ સોમવારે ૫૭૨.૦૭ પોઈન્ટ અથવા ૦.૭૦ ટકા ઘટીને ૮૦,૮૯૧.૦૨ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૧૫૬.૧૦ પોઈન્ટ અથવા ૦.૬૩ ટકા ઘટીને ૨૪,૬૮૦.૯૦ પર બંધ થયો હતો. શેરબજાર મંગળવારે પ્રારંભિક ઘટાડાને ખંખેરી સાર્વત્રિક લેવાલીના બળે પોઝિટિવ ઝોનમાં આગળ વધ્યું હતું. બધા સેક્ટરલ ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાંથી રિયલ્ટી અને ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ.૩.૬૪ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ હતી.

સેન્સેક્સની ત્રીસમાંથી વીસ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૦ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૮૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૧૦ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૦૮ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૭ ટકા વધ્યો હતો.

મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૮૦,૮૯૧.૦૨ના બંધથી ૪૪૬.૯૩ પોઈન્ટ્સ (૦.૫૫ ટકા) વધ્યો હતો.સેન્સેક્સ ૮૦,૬૨૦.૨૫ ખૂલીને નીચામાં ૮૦,૫૭૫.૪૫ સુધી અને ઊંચામાં ૮૧,૪૨૯.૮૮ સુધી જઈને અંતે ૮૧,૩૩૭.૯૫ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૪૭.૮૬ લાખ કરોડથી રૂ. ૩.૬૪ લાખ કરોડ વધીને રૂ. ૪૫૧.૫૦ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં બધા ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં મુખ્યત્વે બીએસઈ રિયલ્ટી ૧.૬૪ ટકા, ટેલિકોમ્યુનિકેશન૧.૫ ટકા, એનર્જી ૧.૨૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૨ ટકા, હેલ્થકેર ૧.૧૫ ટકા, કોમોડિટીઝ ૧.૦૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૯૫ ટકા, ઓટો ૦.૯૨ ટકા, યુટિલિટીઝ ૦.૮૮ ટકા, મેટલ ૦.૮૭ ટકા, પાવર ૦.૭૮ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૭૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૮ ટકા અને કેપિટલલ ગુડ્સ ૦.૫૯ ટકા વધ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૧૫૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૪૮૨ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૫૨૧ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૪ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૧૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૯૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૧૧ સ્ટોક્સને ઉપલી જ્યારે નવ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૫૦૬.૪૯ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૨,૬૦૮ સોદામાં ૩,૧૧૮ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩૯,૪૩,૩૮૭ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૫,૬૮,૪૯,૬૯૬.૧૨ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં જળવાતી પીછેહઠ: વધુ ૧૩ પૈસાનો ઘટાડો

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલમાં આગેકૂચ, માસાન્તને કારણે તેલ માર્કેટિંગ કંપનીઓની તેમ જ અન્ય આયાતકારોની ડૉલરમાં લેવાલી ઉપરાંત ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલમાં થઈ રહેલા વિલંબને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન બાવીસ પૈસા જેટલો ગબડ્યો હતો.

જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો જોવા મળતાં સત્રના અંતે ૧૩ પૈસાની પીછેહઠ સાથે ૮૬.૮૩ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૭૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૭૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૯૨ અને ઉપરમાં ૮૬.૭૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૧૩ પૈસાના ઘટાડા સાથે ૮૬.૮૩ની સપાટીએ બંધ રહ્યો હતો.

અમેરિકાની યુરોપ સાથેની ડીલના આશાવાદ સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ઉછાળો આવ્યો હોવાથી તેમ જ સ્થાનિક સ્તરે માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી રહેતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકાની ટૅરિફના અમલની પહેલી ઑગસ્ટની મુદ્દત પૂર્વે ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૩ ટકા વધીને ૯૮.૭૫ આસપાસ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૪૬ ટકા વધીને બેરલદીઠ ૭૦.૩૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૪૬.૯૩ પૉઈન્ટનો અને ૧૪૦.૨૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### ટ્રેડ વૉરની ચિંતા હળવી થતાં વૈશ્વિક સોનું ત્રણ સપ્તાહને તળિયે

## રૂપિયો નબળો પડતાં સ્થાનિક સોનામાં ₹ ૧૫૦નો મર્યાદિત ઘટાડો, ચાંદી ₹ ૩૨૩ વધી

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રેડ વૉરની ચિંતા હળવી થવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ ઘટીને ગત નવમી જુલાઈ પછીની નીચી સપાટીએ પહોંચ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં ભાવ ઘટ્યા મથાળેથી વધી આવ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવમાં સાધારણ ઘટાડાતરફી વલણ રહ્યું હતું. આમ ઓવરનાઈટ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનામાં નરમાઈનું વલણ રહ્યું હતું, પરંતુ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૦ પૈસા નબળો રહ્યો હોવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૦ જેટલો મર્યાદિત રહ્યો હતો, જ્યારે ચાંદીમાં ઘટ્યાં મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૩૨૩ વધી આવ્યા હતા.



આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક સ્તરે ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં સ્ટોકિસ્ટોની નીચા મથાળેથી લેવાલી નીકળવાની સાથે ઔદ્યોગિક વપરાશકારોની માગનો ટેકો મળતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૨૩ના સુધારા સાથે રૂ. ૧,૧૩,૩૦૭ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં વિશ્વ બજાર પાછળ ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં રૂપિયો નબળો પડી રહ્યો હોવાથી ભાવઘટાડો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૦ સુધી મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૭,૯૦૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૮,૨૯૬ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૩૨૦.૦૪ ડૉલર અને વાયદામાં ભાવ સાધારણ ૦.૩ ટકાના સુધારા સાથે ૩૩૧૮.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૮.૧૦ ડૉલર આસપાસના મથાળે ટકેલા રહ્યા હતા.

એકંદરે અમેરિકાની જાપાન અને યુરોપિયન યુનિયન સાથે થયેલી ટ્રેડ ડીલ અને ચીન સાથે ચાલી રહેલી વાટાઘાટોને ધ્યાનમાં લેતા ટ્રેડ વૉરનો તણાવ હળવો થવાના આશાવાદ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવી રહ્યા છે. જોકે, ઔંસદીઠ ૩૩૦૦ ડૉલર આસપાસની ભાવસપાટીએથી ખરીદદારોનું આકર્ષણ જોવા મળે તો પુનઃ સોનાના ભાવમાં તેજીનું વલણ જોવા મળી શકે, એમ કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર અમેરિકા અને ચીનનાં આર્થિક અધિકારીઓની ગઈકાલે પાંચ કલાક સુધી લાંબા સમયગાળાથી ચાલી રહેલા આર્થિક વિવાદો બાબતે તેમ જ ડીલ પૂર્વે ટૅરિફ વૃદ્ધિનો સમયગાળો ત્રણ મહિના સુધી લંબાવવા બાબતે પણ ચર્ચા થઈ હતી. નોંધનીય બાબત એ છે કે ગત રવિવારે અમેરિકાની યુરોપિયન યુનિયન સાથે થયેલી ટ્રેડ ડીલમાં યુરોપથી આયાત થતાં માલ પર ૧૫ ટકા ટૅરિફ નિર્ધારિત કરવામાં આવી હતી.

હવે રોકાણકારોની નજર આજથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર તેમ જ સપ્તાહ દરમિયાન જાહેર થનારા અમેરિકાના ફુગાવાના તથા રોજગારીના ડેટા પર સ્થિર થઈ છે. જોકે, ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા પ્રબળ હોવા છતાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ફેડરલ અંગેની થઈ રહેલી ટિપ્પણીઓને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવે તેવો પણ અમુક બજાર વર્તુળો આશાવાદ રાખી રહ્યા હોવાનું વૉટરરે ઉમેર્યું હતું.

## મથકો પાછળ ખાંડમાં ₹ ૩૦થી ૬૦નો ઉછાળો

મુંબઈ: ગઈકાલે સરકારે આગામી જુલાઈ મહિનાના મુક્ત વેચાણ માટે બજારની અપેક્ષા કરતાં ઓછો ૨૨.૫૦ લાખ ટનનો ક્વૉટા જાહેર કરતાં મોડી સાંજે મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોના ભાવ ક્વિન્ટલે રૂ. ૧૫થી ૨૦ વધીને રૂ. ૩૭૯૦થી ૩૮૩૫ આસપાસની સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ દેશાવરોમાં પણ ખાંડના ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું. આમ મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૪થી ૪૦ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૦થી ૬૦ વધી આવ્યા હતા. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ક્વિન્ટલે રૂ. ૪૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦ અને ઉપલા મથાળેથી રૂ. ૩૪ના ઉછાળા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૨૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૦થી ૬૦ના સુધારા સાથે રૂ. ૪૦૨૨થી ૪૧૨૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૪૦નો સુધારો નોંધાતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૦થી ૪૦૨૦માં થયાના અહેવાલ હતા.



## દેશી-આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે સાધારણ છ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ સાધારણ ૧૨ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત નિરસ રહેતાં હાજરમાં દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૧૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, ઈમામીના આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૧૯૫ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૦૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૦૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૫ તથા જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૯૫ અને રૂ. ૧૨૧૧ના મથાળે રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. જોકે, આજે ગોકુલ એગ્રોની સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૧૭૮ના મથાળે બાયબેકમાં લેવાલી નીકળી હોવાના અહેવાલ હતા. વધુમાં આજે ગુજરાતના ગોંડલ મથકે ૩૫૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૭૦માં અને રાજકોટ મથકે ૧૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૩૦માં થયાના અહેવાલ હતા. દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ અને સરસવના રૂ. ૧૬૬૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં થયા હતા.

## ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીએ વધુ ₹ ૧૮ તૂટ્યા, અન્ય ધાતુમાં મિશ્ર વલણ



મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં સતત બે સત્ર દરમિયાન નરમાઈનું વલણ રહ્યા બાદ આજે ખાસ કરીને કોપર અને બ્રાસની અમુક વેરાઈટીઓ અને નિકલમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની નીચલા મથાળેથી નીકળેલી લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીએ સતત ત્રીજા સત્રમાં પીછેહઠ જળવાઈ રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૧૮નો ઘટાડો આવ્યો હતો. તેમ જ નિરસ માગે એલ્યુમિનિયમ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની તેમ જ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી નીકળતા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૫૯૮, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૩૦ અને કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૪૦, રૂ. ૭૬૫ અને રૂ. ૫૬૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સતત ત્રીજા સત્રમાં ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૧૮ના ઘટાડા સાથે રૂ. ૨૯૮૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય નિરસ માગે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૨૧૫, રૂ. ૨૫૯ અને રૂ. ૧૮૪ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર કેબલ સ્ક્રેપ, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબમાં છૂટીછવાઈ સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૫૦, રૂ. ૯૧૮ અને રૂ. ૨૬૮ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ધોળાવીરા નજીક ગોરા ડુંગર ફોલ્ટલાઇન અચાનક સક્રિય થતાં કચ્છ યુનિ.એ અભ્યાસ શરૂ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ધરતીકંપ માટે અત્યંત સંવેદનશીલ કચ્છ જિલ્લામાં આમતો સેંકડો ભૂકંપની ફોલ્ટલાઈનો આવેલી છે પરંતુ ખાવડા અને ધોળાવીરા નજીક આવેલી ગોરા ડુંગર ફોલ્ટલાઇન અચાનક સક્રિય થતાં ભવિષ્યમાં વિનાશક ધરતીકંપ આવવાની પ્રબળ સંભાવનાનો તલસ્પર્શી અભ્યાસ કચ્છ યુનિવર્સિટીના જિઓસાયન્સીસ વિભાગના ચિરાગ પરમાર, પ્રોફેસર સુભાષ ભંડારી દ્વારા હાથ ધરવામાં આવ્યું છે જેમાં બે સદીમાં આ ગોરા ડુંગર ફોલ્ટલાઇન પર ઉદભવેલા ભૂકંપના આંચકાનું સંશોધન મુખ્ય છે.

આ સંશોધનમાં ગોરા ડુંગર ફોલ્ટ ઉપર થતા ભૂકંપો દ્વારા બનતા નિયોટેકટોનિક ફીચર્સ અને રચનાઓનો ઊંડો અભ્યાસ કરવામાં આવશે. આ ફોલ્ટ પર જૂના ભૂકંપો અને તેમના કારણે થયેલા ભૂગર્ભીય ફેરફારોનો પણ અભ્યાસ કરવામાં આવશે તેમ જ ભવિષ્યમાં ગોરા ડુંગર ફોલ્ટ ઉપર ભૂકંપ આવવાની સંભાવનાનો વિશદ અભ્યાસ કરવામાં આવશે. આ અંગે ભુજના મુંદરા રોડ પર આવેલી કચ્છ યુનિવર્સિટીના જિઓલોજી વિભાગના મદદનીશ પ્રાધ્યાપક ગૌરવ ચૌહાણના જણાવ્યા મુજબ વર્ષ ૧૮૧૯થી અત્યાર સુધીના ૨૦૦ વર્ષના ઇતિહાસમાં ચાર કે તેના વધુ તીવ્રતાના આ ફોલ્ટ પર ૬૧ જેટલા કંપન નોંધાયાં છે. કચ્છ પ્રદેશ, દુનિયાના ઇન્ટ્રાપ્લેટ વિસ્તારોમાં વધુમાં વધુ ભૂંકપોનો અનુભવ કરતો પ્રદેશ છે, જ્યાં અનેક વિનાશક ભૂકંપો નોંધાયા છે. કચ્છને ફોલ્ટ કંટ્રોલ બેસીન તરીકે ઓળખવામાં આવે છે, જે દર્શાવે છે કે આ વિસ્તારનો જન્મ ફોલ્ટનાં કારણે થયો છે. ■



રાજકોટના ધર્મેન્દ્ર રોડ પર આવેલી વર્ષો જૂની લખાજી રાજ શાક માર્કેટને ખાલી કરવાની કોર્પોરેશને નોટિસ આપતા વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે... (તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભુજિયા ડુંગરના ભાતીગળ લોકમેળા સાથે કચ્છમાં શ્રાવણી તહેવારોનો ઝમકદાર પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ પર વરસેલી મેઘરાજાની અપાર કૃપા બાદ, જયારે જળાશયોમાં નવાં વરસાદી નીર આવ્યાં છે અને ચોતરફ લીલોતરી છવાઈ જવા પામી છે ત્યારે આવા માહોલ વચ્ચે કિલ્લેબંધ શહેર ભુજનું નામ જેના પરથી પડ્યું તે ભુજંગદેવના સ્થાનકે ભુજિયા ડુંગર પર આજે નાગપંચમીના દિવસે લોકમેળો યોજાઈ રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નાગદેવતાને સમર્પિત હોય તેવો સમગ્ર દેશનો આ બીજો મેળો છે. આવો અન્ય મેળો મહારાષ્ટ્રના નાગપુરમાં દર વર્ષે યોજાય છે.

૨૯૬ વર્ષની રાજ પરંપરા મુજબ ભુજિયા ડુંગર પરના કિલ્લા પર આવેલા ભુજંગદેવ ખેતરપાળ દાદાના મંદિરે કચ્છના રાજપરિવાર દ્વારા પૂજનવિધિ કર્યા બાદ શરૂ થયેલા આ મેળામાં લોકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ■

# ગાંધીધામમાંસ્થિત ફાયનાન્સ પેઢીના કર્મીએ ગ્રાહકો સાથે ૪૭.૭૩ લાખ રૂપિયાની ઠગાઈ આચરતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ઔદ્યોગિક પાટનગર એવા ગાંધીધામમાં આવેલી એક ફાયનાન્સ પેઢીમાં એજન્ટ તરીકે કામ કરનારા શખ્સે અન્યોએ લીધેલી કાર લોનની રૂ. ૪૭,૩૩,૩૧૯ જેટલી રકમને પોતાના બેંક ખાતામાં જમા કરાવીને ઓળવી જતાં પોલીસ મથકે આ શખ્સ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાઇ હતી. બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરની સી.જી. ગીધવાણી શાળા સામે અંબિકા આર્કેડમાં ઓફિસ નંબર ૧૦૭માં એસ.કે.ફાયનાન્સ પેઢી આવેલી છે, અને તેની મુખ્ય બ્રાન્ચ રાજકોટ ખાતે છે.

આ પેઢીમાં વલરામ સોસાયટી મેઘપર રેલવે ટ્રેક પાસે રહેનાર વિશાલ જેસા ધોળકિયાને એજન્ટ તરીકે કામ આપવામાં આવ્યું હતું જે ગ્રાહકો શોધી જરૂરી લોન અંગે માહિતી આપી,દસ્તાવેજોની આપ-લે કરવી, આર.ટી.ઓ.માં આર.સી. બૂકમાં ફાયનાન્સ પેઢીના નામને ચડાવવું વગેરે કામ કરતો હતો. કેટલાક ગ્રાહકોએ વિશાલ ધોળકિયા વિરુદ્ધ બ્રાન્ચ ઓફિસમાં આવીને ફરિયાદો કરતાં પેઢી દ્વારા તપાસ કરવામાં આવી હતી જેમાં આ એજન્ટ ૧૧ જેટલા ગ્રાહકોની વાહન લોન પાસ કરાવી, તે રકમ ગ્રાહકોને ન આપી પોતાના અંગત બેંક ખાતામાં જમા કરાવી નાખી હોવાનું જાણવા મળ્યું હતું. વિશાલ ધોળકિયાએ ભચાઉના નાનજી હસા કોળીના રૂ. ૪,૫૫,૫૪૮, સામખિયાળીના અસલમ અલીશા સામદારના રૂ. ૬,૩૨,૫૨૧, બુઢારમોરાના દરિયાખાન ઇબ્રાહીમખાન સંધીના રૂ. ૪,૯૬,૯૬૭, શાનગઢના મહેશ હીરા પરમારના રૂ.૪,૪૬,૦૨૭, ભીમાસર ભુટકિયાના નરશી સોમા ડુગરાણી (કોળી)ના રૂ. ૪,૧૮,૪૧૪,નવા કટારિયાના રાયશી રણછોડ કોળીના રૂ.૪,૭૮,૦૮૦, નવાગામ અંજારના ધર્મેન્દ્ર રવજી સથવારાના રૂ. ૪,૪૨,૩૨૨, અંજારના મારબશા સુલેમાનશા શેખના રૂ. ૫,૧૫,૧૮૬,ગોકુળગામના અરજણ આંબા રબારીના રૂ. ૫,૧૬,૨૮૬, બાદલપરના પ્રભુ મહાદેવા કોળીના રૂ. ૨,૩૨,૩૮૧ તથા આદિપુરના નીતિન રામજી ચારણના નામે રૂ. ૪,૫૪,૫૮૭ એમ કુલ રૂ. ૪૭,૩૩,૩૧૯ની લોન પાસ કરાવી પોતે ચાંઉ કરી ગયો હતો. વિશ્વાસઘાત, છેતરપિંડીના આ બનાવમાં રાજકોટના જીજ્ઞેશ અરુણ પારેખે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# ભુજ તાલુકાના ધાણેટી ગામના અકસ્માતે સગા ભાઈએ ભાઈને જ કચડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: તાલુકાના ધાણેટી ખાતે બનેલી કરુણાંતિકામાં ધાણેટી ખાતે આવેલા એક ગેરેજમાં ટ્રેઇલરનું સમારકામ કરાવતી વેળાએ ૫૨ વર્ષીય રામજીભાઇ ભીમાભાઇ છાંગા (રહે.ધાણેટી) તેમના સગા ભાઇએ જ ટ્રેઇલરને આસપાસ જોયા વિના પાછળ લીધી હતી ત્યારે પાછળ ઊભેલા ટ્રક વચ્ચે રામજીભાઇ કચડાઇ જતાં તેમનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજતાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. સગા ભાઇના હાથે જ અકસ્માતે ભાઇનું મોત થયાની ધાણેટીમાં બનેલી કરુણ ઘટનામાં મૃતક રામજીભાઇ તેમની માલિકીનું ટ્રેઇલરનું સમારકામ અત્રે આવેલા એક ગેરેજમાં કરાવી રહ્યા હતા. આ વેળાએ સવારના ૧૧ વાગ્યાના અરસામાં આ ટ્રેલરના ચાલક ભુરા છાંગાએ તેને આસપાસ જોયા વિના રિવર્સમાં લેવાનું શરૂ કર્યું હતું. પાછળ અન્ય એક ટ્રક ઉભી હતી અને આ બે વાહનો વચ્ચે રામજીભાઇ દબાઈ જતાં તેઓને ગંભીર ઈજાઓ પહોંચતાં બનાવસ્થળે જ તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. પોલીસે આ કરુણાંતિકા અંગે ટ્રેલરચાલક કમ સગા ભાઈ ભૂરા છાંગા વિરુદ્ધ ગુનો દાખલ કરી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરના ટાણા ગામે સગીરા સાથે દુષ્કર્મ આચરનાર આરોપી યુવાનના પોક્સો અદાલતે જામીન નામંજૂર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના ટાણા ગામે રહેતા ૧૮ વર્ષીય યુવાને ૧૫ વર્ષીય સગીરા હોવાનું જાણતો હોવા છતા તેણીના ઘરમાં ઘૂસી જાતીય દુષ્કર્મ આચરતા આરોપી સામે પોક્સો સહિતનો ગુનો નોંધાયો હતો. આરોપીએ જેલમાંથી મુક્ત થવા અત્રેની અદાલતમાં જામીન અરજી રજૂ કરી હતી જે જામીન અરજી અદાલતે નામંજૂર કરી હતી.

આ બનાવની જાણવા મળેલી વિગતો મુજબ આ કામના ફરિયાદીની સગીરવયની દીકરી (ભોગ બનનાર ઉંમર ૧૫ વર્ષ ૦૭ માસ) સગીરા તેના ઘરે એકલી હોય ત્યારે આ કામનો આરોપી વિશાલ રમેશભાઈ ચૌહાણ (ઉ.વ.૧૮) ૧૦ માસ રહે. ટાણા ગામ (કાશ્મીર વિસ્તાર) તા. શિહોર જી.ભાવનગર) નામના યુવાને ભોગનારને મળવાના બહાને આવી તેની સાથેના સંબંધ બાબતે ભોગ બનનારના સગાવ્હાલામાં બદનામ કરી દેવાની ધમકી આપી તેણી સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી જાતીય દુષ્કર્મ આચરેલ હોય અને ગઈ તા. ૩/૭/૨૦૨૫ ના સવારે અગિયાર વાગ્યા આસપાસ ફરીયાદીને તેઓ કામ પર ગયેલ હોય બાદ ધમકી આપી તેણીની ઇચ્છા વિરુદ્ધ જાતીય દુષ્કર્મ આચરી ગુનો કર્યો હતો.

આ બનાવ અંગે ભોગ બનનારના વાલીએ એ ભાવનગર શહેરના ઘોઘારોડ પોલીસમથકમાં ગત તા. ૩/૭/૨૦૨૫ ના રોજ ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપી વિશાલ રમેશભાઈ ચૌહાણ સામે પોલીસે ગુનો નોંધ્યો હતો. અને આરોપીને ઝડપી લીધો હતો.

આરોપીએ જેલમાંથી મુક્ત થવા પોતાના વકીલ મારફતે ભાવનગરના ૪થા એડીશ્નલ સેસન્સ જજ અને સ્પે. પોકસો કોર્ટ ના જજની અદાલતમાં પોતાના વકીલ મારફતે જામીન અરજી રજૂ કરતા સરકારી વકીલ ગીતાબા પી. જાડેજા ની અસરકારક દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ વિગેરેને ધ્યાને રાખી અદાલતે આરોપીના જામીન નામંજૂર કર્યા હતા. ■

# ભાવનગરની ભાગોળે મેલકડીના ડુંગરમાં સાવજોએ છ ગૌવંશનું કર્યું મારણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગીરના સાવજો હવે છેક ભાવનગરની ભાગોળે પહોંચી ગયા છે. શહેરથી માત્ર ૨૫ કિ.મી.ના અંતરે આવેલ મેલકડી અને માળનાથની ગિરિમાળામાં સાવજાના લાંબા સમયથી ડેરા તંબુ છે અને એકલ-દોકલ મારણ કરી પેટની આગ ઠારી રહ્યા છે, પરંતુ તાજેતરના સમયમાં સાવજોની સંખ્યા વધી છે. છેલ્લા ૮-૧૦ દિવસથી આ ડુંગરમાળામાં મારણના બનાવ વધ્યા છે. જો કે, માલધારીઓમાં જાગૃતતના અભાવે પશુઓના મારણ બાદ સાવજોને ખોરાક આરોગવા નહીં દેતા હઠે ચડેલા સાવજો ઉપરાઉપરી મારણ કરતા હોવાનું તજજ્ઞોનું માનવું છે.

મંગળવારે વહેલી સવારે ભંડારિયા પાસે આવેલા મેલકડીના ડુંગરમાં એક ગાય સહિત છ ગૌવંશનો સિંહોએ શિકાર કર્યો હોવાનું જાણવા મળ્યું છે. મેલકડીમાં ધાવડી માતાના મંદિરની આજુ બાજુ ના વિસ્તારમાં માલધારી-પશુપાલકોના વાડા આવેલા છે જેમાં દુજણા પશુઓને રાખવામાં આવે છે. આ ઉપરાંત હાલમાં ડુંગરાઓમાં લીલોતરી હોવાથી ગામના પશુઓ પણ આ વિસ્તારમાં હાલ પડાવ નાખીને પડ્યા છે.

ગત રાતથી સવાર સુધીમાં ત્રણ સાવજોએ ધાવડી માતાના પાણીના ટાંકાથી લઇને મેલકડી સુધીના વિસ્તારમાં છ ગૌવંશને પોતાનો શિકાર બનાવ્યો હતો જેના પગલે માલધારીઓમાં દેકારો બોલી ગયો હતો. દુજણા પશુઓને બચાવવા માલધારીઓએ રાત ઉજાગરા શરૂ કર્યા છે છતાં ગીરના સાવજો સામે ગજ વાગવો મુશ્કેલ છે. એક તરફ સિંહોનું ભંડારિયાના ડુંગરમાં વિચરણ તે પ્રકૃતિપ્રેમીઓ માટે રોમાંચક બાબત બની છે તો બીજી બાજુ પશુપાલકો અને ખેડૂતો માટે કહી શકાય કે ઉપાધિ આવી પડી છે.

મેલકડીના ડુંગરમાં પશુઓના મારણ સંદર્ભે વન વિભાગે દોડી જઇ મૃતક પશુઓની નોંધણી કરી માલધારીઓને વળતર માટેની કામગીરી હાથ ધરી હતી. વન વિભાગનાં સૂત્રો અનુસાર બે પુખ્ત નર સિંહના ફૂટ માર્ચ મળ્યા છે. ■

# રાજ્ય કક્ષાની અસ્મિતા-ખેલો ઇન્ડિયા યોગાસન લીગમાં મિસ યોગીની ઋચા ઓમ ત્રિવેદી પ્રથમ ક્રમાંક સાથે ગોલ્ડ મેળવી વેસ્ટઝોન માટે ક્વાલિફાય થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: તા.૨૭ જુલાઈ ૨૫ના રોજ રાજ્યના દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ ખાતે અસ્મિતા-ખેલો ઇન્ડિયા યોગાસન લીગ ૨૦૨૫-૨૬ યોજાઇ હતી. આ રાજ્ય કક્ષાની સ્પર્ધા સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા,યોગાસના ભારત તથા જી.વાય.એસ.એના માર્ગદર્શનમાં યોજાઇ હતી.

આ સ્પર્ધામાં ભાવનગરની આંતર રાષ્ટ્રીય યોગા પ્લેયર અને મિસ યોગીની ઓફ ગુજરાતની ટાઇટલ વિનર ઋચા ત્રિવેદીએ પોતાના અન્ડર-૧૮ વયજૂથ કેટેગરીમાં પ્રથમ સ્થાન અંકે કરી ગોલ્ડ મેડલ સાથે વેસ્ટ ઝોન માટે ક્વાલિફાય બની છે. ૧૪ વર્ષીય ઋચા ત્રિવેદી આગામી સમયમાં ,અસ્મિતા-ખેલો ઇન્ડિયા વેસ્ટઝોન,સ્કૂલ ગેમ,ડિસ્ટ્રિક્ટ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા જનાર છે. ઋચા ત્રવેદી શહેરની દક્ષિણામૂર્તિ સ્કૂલની ધો.૧૦ની વિદ્યાર્થિની છે તેમજ યુનિવર્સિટી યોગ હોલની યોગા એથ્લેટ છે. ■




(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

# સુરેન્દ્રનગરના ઝીંઝુવાડા ગામની શાળામાં ચાલુ ક્લાસે પંખો પડતા બે વિદ્યાર્થી ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાના ઝીંઝુવાડા ગામની એક શાળામાં ચાલુ ક્લાસે અચાનક પંખો નીચે પડતાં બે વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, ઝીંઝુવાડાની શાળામાં વિદ્યાર્થીઓ વર્ગખંડમાં અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે અચાનક જ છત પરથી પંખો નીચે પડ્યો હતો. આ દુર્ઘટનામાં બે વિદ્યાર્થીને ગંભીર ઇજાઓ પહોંચી હતી. આ ઘટનાના પગલે ભારે અફરાતફરી મચી જવા પામી હતી. શાળા શિક્ષકો દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. ઇજાગ્રસ્ત બંને વિદ્યાર્થીઓને ઘટનાસ્થળે જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને ત્યારબાદ વધુ સારવાર માટે તાત્કાલિક વિરમગામની હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વાલીઓ દ્વારા શાળા દ્વારા વર્ગખંડોના સાધનોની જાળવણીમાં ઘોર બેદરકારી દાખવવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો હતો. આ ઘટના અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. ■

# ભાવનગરના અગિયારી ખાતે પ્રેરણા ફાઉન્ડેશન દ્વારા ૧૫૧ થી વધુ જીવદયા રક્ષકોનો સન્માન સમારોહ યોજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)




ભાવનગર: અબોલ જીવજંતુઓ માટે નિઃસ્વાર્થ ભાવથી સેવામાં સંલગ્ન રહેતા જીવદયા રક્ષકોનું સન્માન કરવા માટે પ્રેરણા ફાઉન્ડેશન દ્વારા ૨૮મી જુલાઈએ જીવદયા રક્ષક સન્માન સમારોહ સિહોરના ભીલેશ્વરી આશ્રમ, અગિયાળી ગામ ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ૧૫૧થી વધુ જીવદયા રક્ષક ભાઈઓ-બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું જેમણે તન-મન-ધનથી અબોલ જીવમાત્ર માટે કરુણા દર્શાવી છે. તેમને બિરદાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં જીવદયા પ્રેમીઓ, વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ તથા મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■

# અમરેલીના જાફરાબાદનાં જીકાદ્રી ગામે સિંહની પાછળ બાઈક દોડાવી પજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લામાં ગીર તથા ગીરકાંઠાના વિસ્તારમાં વિહરતા એશિયાટિક સિંહોની પજવણી કરવામાં આવતી હોવાની વધુ એક ઘટના સામે આવી હતી. જાફરાબાદ તાલુકાના જીકાદ્રી ગામે પાણી અને શિકારની શોધમાં આવેલા બે સિંહનો પજવણી કરતાં હોવાનો વધુ એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં સિંહ પ્રેમીઓમાં આવી ઘટનાથી ભારે રોષ ભભૂકી ઊઠ્યા હતા.

મળતી વિગત મુજબ જાફરાબાદ તાલુકાના જીકાદ્રી ગામે પાણી અને શિકારની શોધમાં બે સિંહ ઘૂસી આવ્યા હતાં. ત્યારે એક બાઈક સવાર ત્યાં આવી અને આ બંને સિંહની નજીકમાં બાઈક ઊભું રાખી દીધું હતું. તેણે આ બંને સિંહોને પસાર થવા દેવાને બદલે સિંહ સામે બાઇકની લાઇટ શરૂ રાખી હતી અને સિંહને દોડવા માટે મજબૂર કર્યા હતા. આ બનાવાનો વીડિયો પણ મોબાઇલમાં ઉતારી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો. ઘટનાને લઈ સિંહ પ્રેમીઓમાં ભારે રોષે ભરાયા હતા અને આવા વન્ય પ્રાણીઓની પજવણી કરનાર ઈસમોને ઝડપી પાડી કડકમાં કડક કાર્યવાહી કરવા માગ કરી હતી. ■

**રાજકોટ સિવિલ ફરી વિવાદમાં**

# ગાયિકા મીરા આહિરના ભાઈને ઈમરજન્સીમાં ૫૦ મિનિટ સુધી દાખલ ન કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટની સિવિલ હૉસ્પિટલ ફરી વિવાદમાં આવી હતી. ગુજરાતી ગાયિકા મીરા આહિરના ભાઈને ઈમરજન્સીમાં ૫૦ મિનિટ સુધી દાખલ કરવામાં આવ્યો નહોતો. ફાઈલનો છુટ્ટો ઘા કર્યો હતો.

મીરા આહિરે સમગ્ર ઘટનાને લઈને અને તંત્ર પાસે જવાબ માગતા બનાવેલા વીડિયોમાં જણાવ્યું કે, તેઓ તેમના ભાઈને સારવાર અર્થે રાજકોટ સિવિલ હૉસ્પિટલ લઈ ગયા હતા. ઇમરજન્સી વિભાગમાં ૪૫થી ૫૦ મિનિટ સુધી રાહ જોયા છતાં, કોઈ પણ સ્ટાફ દ્વારા તેમના ભાઈનો કેસ લખવામાં આવ્યો નહોતો. આટલું જ નહીં, મીરા આહિરે ઇમરજન્સી વિભાગમાં ફરજ પર હાજર ડૉક્ટર અને સ્ટાફ પર ગેરવર્તન કરવાનો અને અભદ્ર ભાષાના ઉપયોગનો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો. સ્ટાફ દ્વારા તેમને નથી દાખલ કરવો, તારાથી જે થાય એ કરી લે જેવા અયોગ્ય શબ્દો પણ કહેવામાં આવ્યા હતા. આ ઘટનાથી વ્યથિત થઈને મીરા આહિરે સોશ્યલ મીડિયા પર વીડિયો દ્વારા સિવિલ હૉસ્પિટલ પાસે આ મામલે સ્પષ્ટતા અને જવાબ માગ્યો હતો. તેમણે સિવિલ તંત્રની બેદરકારી અને દર્દીઓ પ્રત્યેના અસંવેદનશીલ વલણ સામે પણ અવાજ ઉઠાવ્યો હતો. આ ઘટના બાદ હૉસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ મામલે તાત્કાલિક ધોરણે તપાસ હાથ ધરવામાં આવી હતી. થોડા મહિના પહેલા જાણીતા હાસ્ય કલાકાર હકાભા ગઢવીએ પણ રાજકોટ સિવિલ પર સવાલ ઉઠાવ્યા હતા. ■

# રાજકોટ લોકમેળાની તૈયારીઓ પૂરજોશમાં: ૫૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના સૌથી મોટા અને લોકપ્રિય રાજકોટ લોકમેળાને લઈને તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ વર્ષે પણ મુખ્ય પ્રધાનના હસ્તે લોકમેળાને ખુલ્લો મૂકવામાં આવે તેવી શક્યતા છે. પરંપરાગત રીતે રાંધણ છઠ્ઠના શુભ દિવસે આ ભવ્ય લોકમેળો જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવશે. મેળામાં અવરનારા લાખો લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વ્યાપક અને ખાસ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. મેળા પરિસરમાં ચાર કંટ્રોલરૂમ સ્થાપિત કરવામાં આવશે અને ૨૪ વોચ ટાવર બનાવવામાં આવશે, જેના પરથી સમગ્ર મેળા પર બાજ નજર રાખવામાં આવશે. સુરક્ષાવ્યવસ્થા વધુ સુદઢ બનાવવા માટે ૫૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવશે. આ ઉપરાંત, મેળામાં પ્રવેશ અને બહાર નીકળવા માટે સુવ્યવસ્થિત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેમાં ચાર ગેટ પર પ્રવેશ અને ચાર ગેટ પર બહાર નીકળવાની વ્યવસ્થા રહેશે. ■

# પોરબંદરના રાણાવાવમાં ગળે છરી રાખી ૨૫ તોલા સોનું, એક લાખ રોકડા લૂંટથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદરના રાણાવાવમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. રાણાવાવના રાણા કંડોરણા મુંજાપરા ધાર વિસ્તારમાં છ શખ્સ કારમાં આવ્યા હતા અને એક ઘરમાં ઘૂસીને બાળકના ગળે છરી રાખી, વૃદ્ધા અને તેની પુત્રવધૂને પટ્ટીથી બાંધી દીધા હતા. જે બાદ કબાટની ચાવી મેળવી કબાટમાં રહેલા ૨૫ તોલા દાગીના અને રૂ. એક લાખની લૂંટ ચલાવી વૃદ્ધાને છરી મારી હતી અને વૃદ્ધાના પુત્રવધૂને મૂંઢ માર મારી નાસી છૂટ્યા હતા. મળતી વિગત પ્રમાણે, રાણા કંડોરણા ગામે મુંજાપરા ધારમાં રહેતા કરશનભાઈ દેવાનંદ નંદાણિયા બપોરના સમયે ખેતરમાં કામ કરવા ગયા હતા. ઘરે કરશનભાઈના માતા પમીબેન અને તેની પુત્રવધૂ તથા નાનો છોકરો ઘરે હતો. આ સમયે એક કારમાં ૬ શખ્સ આવ્યા હતા. આ શખ્સોએ ઘરમાં ઘૂસીને છોકરાના ગળે છરી રાખી દીધી હતી. તેમજ અન્ય શખ્સોએ વૃદ્ધા પમીબેન અને તેના પુત્રવધૂને પટ્ટીથી બાંધી દીધા હતા અને કબાટની ચાવી મેળવી કબાટ ખોલી કબાટમાં રહેલા સોનાના દાગીના અંદાજે ૨૫ તોલા તેમ જ કબાટમાં રહેલ રૂ. ૧ લાખ રોકડની લૂંટ ચલાવી હતી. વૃદ્ધા પમીબેનને હાથના ભાગે છરી મારી હતી. તેમ જ વૃદ્ધાના પુત્રવધૂને પણ મૂંઢ માર મારી શખ્સો કારમાં નાસી ગયા હતા. ■